ગુજરાતનાં આવતી કાલનાં નાગરિકો માટેનું સાડત્રીસ વર્ષથી એકધારું પ્રકાશિત થતું સાહિત્યસંપર્ક કલાપરિચય જ્ઞાન-સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું એકલું માસિક • આદ્યસંસ્થાપક રવિશંકર રાવળ

તંત્રી બચુભાઈ રાવત

ઑક્ટોબર ૧૯૬૦

સળંગ અંક

૪૪૨

કુમાર

ઑક્ટોબર ૧૯૬૦ • અંક ૪૪૨

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



'Ferrania' નામના, ફોટોગ્રાફીને લગતા એક સામયિકમાં, 'ફોટોગ્રાફી ઍન્ડ સ્ટૅમ્પ કલેક્ટિંગ' નામે લેખમાં ટપાલની ટિકિટની તવારીખમાં નીચેનો ઉલ્લેખ વાંચ્યો :

'...Charles the Great...in 800 A.D. again determined to restore the institutions of the Roman Empire and the postal services, or '*cursus publicus*' with them....A net-work of stations was organized, where horses could be changed, as well as coaches, and where meals and beds could be had; this organization was provided for by means of special taxes, called '*angariae*' which were leived upon the local population and upon travellers. These '*angariae*' are the progenitors of modern tolls and excise duties.'

આમાં આવતા '*angariae*' શબ્દને આપણી આજની 'આંગડિયા'ની પ્રથા સાથે કાંઈ સંબંધ હશે ખરો? ભાષાશાસ્ત્રીઓ તેને વિષે કાંઈ પ્રકાશ પાડશે?

(અમદાવાદ) —ર. મ. રા.

શ્રી ચંપકલાલ બાદશાહના પગની એડીના દુખાવા (જુલાઇ અંક) માટે : આયોડેક્સ મલમ ખૂબ માલિસ કરીને બને તેટલો અંદર ઊતરે તેવી રીતે ઘસવું. પછી ખમી શકાય તેવા ગરમ પાણીમાં પંજાને બોળવો અને હાથ વતી ઉપર પાણીની ધાર કરતા રહેવું. દિવસમાં આમ બે-ત્રણ વાર કરવાથી આરામ થઈ જશે. મારી બહેનને આ જ જાતનું એડીનું દર્દ હતું. આ ડૉ. એમ. ડી. દેસાઇનો બતાવેલો ઉપાય છે. પગનો એક્સ-રે પણ કઢાવેલો, પણ કાંઈ ચાલ્યું નહતું.

(ધંધુકા) —યુ. એન. તલાટ

'કુમાર'મે અંકમાં 'વાડ થઇને ચીભડાં ગળે' એ છપ્પો 'અખા'નો નથી પણ 'શામળ'નો છે.

(જૂનાગઢ) —હબીબ શવજી વીરાણી

'કુમાર'માં આવતાં કાવ્યોની કક્ષા ઊતરતી જાય છે તેમજ તેના કારણ રૂપે "કાવ્યો ઊતરતી કોટિનાં હોય એમાં 'કુમાર'નો શો દોષ?—પ્રથમ અર્ધ સદી કે ૧૮૭૫થી ૧૯૫૦ સુધીનાં કાવ્યોને આધુનિક કાવ્યો સાથે સરખાવતાં સહેજે થશે કે ગુજરાતી કાવ્યોનું ધોરણ નીચું ગયું છે"—એવાં એકબે વિધાનો રજૂ થયાં છે. મને આ બંને વાતો અર્ધસત્ય લાગે છે.

મને એમ લાગ્યું છે કે 'કુમાર'નાં કાવ્યો 'કક્ષા' પ્રમાણે પ્રકટ થવા કરતાં 'પ્રકાર' પ્રમાણે લેવાય છે. અમુક નવીનતા—વિચારની, રજૂઆતની વગેરે સાથે પ્રાસાદિકતા જળવાઇ રહે એ દૃષ્ટિ હોય. વળી હાથ બેઠેલા કવિનું પ્રમાણમાં સાદું પણ દોષરહિત કાવ્ય પણ પ્રકટ કરવાનું આવે. ટૂંકમાં કાવ્યોની સરખામણી થાય, કવિઓની નહિ.

આ રીતે જોતાં તદ્દન નવા, ચંદ્રકાંત શેઠ, નલિન રાવળ કે કનુ પટેલ જેવાનાં ઘણાં કાવ્યો વધુ રસપ્રદ ને ચોટદાર આવી જાય છે એવું પણ બને છે. ગઈ અર્ધી કે પોણી સદી કરતાં અત્યારનાં કાવ્યો ઊતરતાં છે એતો સ્વાભાવિકપણે ગળે ઊતરે તેવી વાત નથી.

સાથેસાથે એક બીજી વાત: આધુનિક કલાનો પ્રકાર સમજાવતા ભાઈ જ્યોતિ ભટ્ટના લેખો આવતા. હકીકતમાં કલાના પ્રકારો અને એના સર્જન પાછળની દૃષ્ટિ કલાકાર જણાવી શકે; પણ તેથી એ કલાકૃતિ સુંદર બની જાય કે લાગે એમ ન બને. જો એમ બને તો તો બગીચો ને ઉકરડો, સત્ય અને અસત્ય, સુંદર અને અસુંદરના ભેદ જ ટળી જાય, ને અપૂર્વ એવી અદ્વૈતની ભાવના કેળવાઈ જાય! આવા ભેદનું જે કારણ છે તેની પાછળ ચોક્કસ દૃષ્ટિ હશે અને એ દૃષ્ટિ નિરર્થક ન હોય તો એ ભેદ જળવાય એ જ જરૂરનું છે. આમાં કલાકારની કુશળતા કે જ્ઞાન માટે કશું કહેવાનું હોય જ નહિ. પિકાસોને એક ધૂન આવી અને બાળક જેવાં ચિત્રો કરવાનું સૂઝ્યું, તેથી એ એક કલાનો ઉત્તમ પ્રકાર થયો ને એમાંથી અપૂર્વ એવી સૌંદર્ય-નિષ્પત્તિ થાય છે એમ, કશા કારણ વિના માની કેમ શકાય?

(ચૂડા) —દિનકર વૈદ્ય 'મીનપિયાસી'

જૂનના 'કુમાર'માં સ્વ. શ્રી 'સુકાની'ની 'ધુડાકિયો બાણુ' વાર્તા વાંચી. એનું બીજી વારનું આવી રીતે સ્વતંત્ર વાર્તા તરીકેનું દર્શન જોઈ ખૂબ જ આનંદ થયો. તે સાથે જ ઘણા વખતથી મનમાં આવ્યા કરતો એક વિચાર લખું છું. શ્રી 'સુકાની'ની 'કુમાર'માં પ્રગટ થએલી બધી જ દરિયાઈ વાર્તાઓનું પુસ્તકાકારે પ્રકાશન તમે કરો? તો ગુજરાતી સાહિત્યમાં સુંદર દરિયાઇ સાહસકથાઓનું એક પુસ્તક થાય, ને શ્રી 'સુકાની'નું એ નિમિત્તે 'કુમાર' દ્વારા એક અણમોલ સ્મારક થાય. હમણાં બે-ચાર દિવસ પર 'કુમાર'ની જૂની ફાઈલમાં સ્વ. 'સુકાની'ની 'સાગવાનનું હૈયું' વાર્તા વાંચી ત્યારે થયું કે સાચે જ શ્રી 'સુકાની' જતાં ભારે મોટી ખોટ 'કુમાર'ના વાચકોને અને ગુજરાતી સાહિત્યને પડી છે.

ઘણાં વર્ષ પહેલાં 'કુમાર'માં શ્રી રામસિંહજી રાઠોડનાં 'કચ્છનાં કીર્તિમંદિરો'ની લેખમાળા આવતી ત્યારે તે પુસ્તકાકારે બહાર પડે એવો વિચાર આવેલો. તે પછી ગયા વર્ષે તેમનું 'કચ્છનું સંસ્કૃતિદર્શન' વાંચ્યું, ને થયું કે આ કુમાર કાર્યાલયે ખૂબ જ સારું કર્યું. તે પ્રમાણે તમે હવે શ્રી 'સુકાની'ની સાગરકથાઓને પણ તેમનું સ્મારક ચિરંજીવ રહે માટે પુસ્તકાકારે પ્રસિદ્ધ કરો તો ખૂબ જ સારું.

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં સાહસોનાં પુસ્તકો ઊગતા જુવાનો માટે ખૂબ ઓછાં છે. મેં ઘણી જગ્યાએ ઊગતા કિશોરોને 'જુલે વર્ન' ને ટાર્ઝનનાં પુસ્તકો વાંચતા જોયા છે. સાગરની સાહસકથાઓ તો ખૂબ જ જૂજ છે. તેમાં તમે જો આવું સુંદર પ્રકાશન કુમાર પ્રિન્ટરીની વિશિષ્ટ શૈલીમાં પ્રગટ કરો તો એક સમૃદ્ધ ને સુંદર ગ્રન્થ થાય.

મારા મોટા બાબાને આવી વાર્તાઓ વાંચવાનો ખૂબ શૉખ છે ને તે માટે અમે બધાં જ જૂનાં 'કુમારો'ની ફાઈલ બંધાવી રાખી છે. સ્કૂલેથી થાકીને આવે ત્યારે તેનો પ્રિય વિષય 'કુમાર'ની ફાઈલ વાંચવાનો છે.*

(બોરીવલી) —લોપા વસા

[* 'ધુડાકિયો બાણુ' જુદી પુસ્તિકા રૂપે તૈયાર થઈ છે, 'દેવો ધાધલ' નવલકથા છપાય છે, ને ટૂંકી વાર્તાઓનો સંગ્રહ પણ તે પછી આવશે.]

કેટલાક વખતથી આવતી પુસ્તક-આકારે સંગ્રહ કરી શકાય તેવી લેખમાળા બહુ જ ગમી; આ પ્રકારનું પ્રિન્ટિંગ ચાલુ રાખવાની વિનંતી કરું છું અને સૂચવું છું કે લાંબી લેખમાળા રૂપે આવતા લેખ એવી જ રીતે છાપશો તો વર્ષને અંતે 'કુમારે' અમને એક પુસ્તક ભેટ આપ્યું છે તેમ માનીશ.

'માધુકરી' વિભાગમાં બીજા લેખોનું અનુસંધાન આપ છાપો નહિ અને તેની કક્કાવારી સૂચિ જુદા કાગળ પર છાપો તો તે વિભાગનાં પાનાં ફાડી પુસ્તક-આકારે બંધાવી શકાય. તે એક 'એન્સાઈક્લોપીડિયા'ની ગરજ સારે.

(ભાવનગર) —જયદેવ વા. ભોજક



ચતુર્મૂર્તિ વિષ્ણુ

આજથી દોઢ વર્ષ પર ૧૯૫૯ના મેથી સપ્ટેમ્બરના અંત સુધી પશ્ચિમ જર્મનીના એસ્સેન મુકામે આવેલા જગવિખ્યાત પોલાદના જંગી કારખાનાના માલિક આલ્ફ્રેડ ક્રુપના સમાશ્રયથી ભારતીય કળાના ૫૦૦૦ વર્ષના વિશાળ ફલકમાંથી ચૂંટેલાં શિલ્પ-ચિત્ર-રત્નોનું પ્રદર્શન ભરાયું હતું, જે પાછળથી ફ્રાન્સ આદિ દેશોમાં ફર્યું હતું અને યુરોપના લોકોને મંત્રમુગ્ધ કરી ગયું હતું. તેમાંનાં બે વિશિષ્ટ શિલ્પો આ સાથે આપ્યાં છે, જે આજ સુધી જવલ્લે પ્રકટ થયાં છે.

ડાબી બાજુની પ્રતિમા 'ચતુર્મૂર્તિ વિષ્ણુ'ની છે જેમાં સંમુખ માનવની, બે બાજુ સિંહ તથા વરાહની અને પાછળ રાક્ષસની મુખમુદ્રાઓ નિરૂપી છે. માથે મુકુટ, શરીરે આભૂષણ અને કમ્મરે કટાર છે. મૂળ નવમી સદીમાં (ઇ. ૮૫૫ થી ૮૮૩) કાશ્મીરમાં શ્રીનગરના અવંતીપુર મંદિરમાં પ્રસ્થાપિત અને હાલ ત્યાંના સર પ્રતાપસિંહ મ્યૂઝિયમમાં સંગ્રહાએલી આ મૂર્તિમાં સૃષ્ટિના પરિપાલક દેવાધિદેવ વિષ્ણુનું યથાતથ નિરૂપણ થએલું કલાકોવિદો માને છે. સામાન્યતઃ વિષ્ણુનાં ચતુર્ભુજ (ચાર હાથવાળાં) સ્વરૂપ મળી આવે છે, પણ આવી ચતુર્મુખ વિષ્ણુની મૂર્તિ વિરલ મળે છે. ભારતીય કલાનું વિગતવાર નિરૂપણ કરતા ગ્રંથ 'વિષ્ણુધર્મોત્તર' પુરાણમાં આ ચતુર્વ્યૂહ વિષ્ણુમૂર્તિને 'વૈકુંઠ' નામે ઓળખાવી છે, અને તેનાં ચાર મુખ પૈકી પૂર્વદિશાનું માનવમુખ તે 'વાસુદેવ' સ્વરૂપ, દક્ષિણનું સિંહમુખ તે 'સંકર્ષણ' સ્વરૂપ, ઉત્તરનું વરાહમુખ તે 'પ્રદ્યુમ્ન' સ્વરૂપ, ને દક્ષિણનું રાક્ષસમુખ તે 'અનિરુદ્ધ' સ્વરૂપ ગણાવ્યું છે.



લાવણ્યવતી

જમણી બાજુની નારીમૂર્તિ મધ્ય ભારતના ગ્વાલિયરના કિલ્લામાંથી મળી આવેલું રેતિયા પથ્થરમાં કંડારેલું કમનીય શિલ્પ છે અને તે નવી દિલ્હીના રાષ્ટ્રીય કલાસંગ્રહમાં સુરક્ષિત છે. તેનાં આભૂષણોની ઝીણવટથી માંડી દેહ-લાવણ્યની સુરેખતા સુધીનું સમગ્ર ઘડતર ઉત્કૃષ્ટ કસબ દર્શાવે છે.



મોર-પ્રિયા

સત્તરમી સદીના શરૂના કાળનું પહાડી (કાંગડા) શૈલીનું ચિત્ર

(શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી · તેમના સૌજન્યથી)

કુંજમાં ઘડી ગાળીએ

· ગાન ·

તમરાં બોલે તાનમાં,
કાજળ રાતનું રેડું રાન;
આવે ને અવસારિયે વાલમ!
કુંજમાં ઘડી ગાળીએ
તોયે કોઇ ન ભાળે વાન.

ફોરતી ફોરમ રાતની રાણી,
ઝરણાંને જલ ઝૂલતી વાણી,
કોઇ હિલોળે દીત્ર રે આણી
રોમના ઝીણી લ્હેરિયુ,
એનું ઓળખી લેવું ગાન.

ઉરને જેવી લાગતી લગન,
આંખમાં એવી જાગતી અગન,
આંહિ ધરા આંહિ એક છે ગગન,
હાસ્ય, નિરાળા ભાવનું
આપણ ભૂલીએ રે કૈં ભાન.

રાજેન્દ્ર શાહ

વલ્લભ-વિદ્યાનગર

· મિશ્ર ·

આ તે ધરા, જ્યાં દસ વર્ષ પૂર્વે
વૃક્ષો મહીં કેવળ રુક્ષ બાવળ,
શિરીષના સૌરભથી વિમુગ્ધ
ગુંજી રહે ત્યાં અલિ આજ વિહ્વળ!

આ તે ભૂમિ, જ્યાં કદી નીડભૂલ્યાં
આવંત ઊડી ઘડી કાગકાબર,
કપોત, 'મેહાવ' અને કીરોના
રહી રહી ત્યાં વરસંત ઝર્મર!

આ સીમ તે, જ્યાં કદી ગોપબાલ
ના આવતા હાકુભયે 'શી નિર્જન,
તે રાષ્ટ્રના વંદ્ય વિભૂતિઓથી
થઇ ગઈ પાવન શી કણેકણ!

ના કાળહસ્તે પરશુ જ છે ધરી,
સંજીવની-કુંભ રહ્યો ય છે ઝરી!

જશવંત લ. દેસાઈ

સૌન્દર્ય જે અંજલિમાં જણાયું,
મુઠ્ઠી મહીં તે કદી યે ન આવ્યું.

ચન્દ્રકાન્ત શેઠ

પારખું

· ગાન ·

સઇયરું પજવે રે સઇયરું પજવે.
હાં રે પૂછે કરી કરી પલક મીંચામણી:
'અડદિયે મોહી શેં આ કમોદ કોડામણી?!'

જટાળા કો' જોગી જેવા મસ માથે જટિયાં
ને ઓળી ઓળી ખાંતે વા'લો પાડે એવાં પટિયાં!
અધપડિયાળા ઘેને,
મશડી આંજે રે નેણે,
શામળો ને આડે પાછો કંધે કાળો કામળો!
ઓહો! મૂરત બની છે કાંઇ લોચન લુભામણી!
અડદિયે મોહી શેં આ કમોદ કોડામણી?!

દંન આખો વંન માંહી ધેન લેઇ ભટકે,
રે શીખનાં બે વેણ કોઇ કે' તો વાત વટકે!
આંખ્યું કરી કરડી, કૈં
મુખ એવું મરડીને,
કે'નારાની પાંહે ભૂંડો દાણ સામાં માગતો!
બાઇ! રબારાના છોરે લીધા દોર સારા ગામના!
અડદિયે મોહી શેં આ કમોદ કોડામણી?!

લાખ તમીં બોલો ઇંનું વાંકુ એકસરખું,
આ રહી રહી તો ય હું તો હિયે મારે હરખું!
ભૂલિયા સંધાયે જ્યહીં,
પરખ્યો મીં એક ત્યહીં,
(ને) કાયનો ના જોયો મીં તો રંગ એલી માંયલો!
(એવું) રતન પામી છું જેની નથ સરખામણી!
અડદિયે મોહી શેં આ કમોદ કોડામણી?!

પ્રદ્યુમ્ન તન્ના

હૃદયહીન હે!

· પૃથ્વી ·

તને હૃદયહીન હે! હૃદયઋદ્ધિનું મૂલ્ય શું
થયું ન કશું?! આમ છેક સમજ્યા વિના આ બધી
ધમાલ કરીને કરી પ્રકટ શૂન્યતા તાહરી—
કુરૂપ કુબ્જા સમાણી, રૂપવંત રાધા સમી
પ્રગાઢ મમ લાગણીની પદએ—થઇ ધન્ય તું!

મને ન અફસોસ. દોષ તુજને ન, સ્રોતસ્વિની
મળી ન શકી એક સિન્ધુ-ઉરને. ભલે ના મળી.
તને હૃદયહીનને હૃદયઋદ્ધિનું મૂલ્ય શું?!

હેમન્ત દેસાઈ

અનરાધાર

· મંદાક્રાંતા ·

ઊભું ઊભું નભ નીતરતું ક્યારનું એકધારું,
ધારાઓ યે સરલ અડતી પૃથ્વીપૃષ્ઠે અતૂટ,
ધારાતંતુ પવન નથી ક્યાં તોડતો સીકરોમાં,
તોળાઇ છે ગગનછત શી મેઘધારા સળીથી!

મૂંગુંમૂંગું નભ નીતરતું એકધારું અજસ્ત્ર,
મૂગીમૂગી તૃણ-ઊન-વતી ઘેટી શી ટેકરીઓ
વાડે ગાંધી પલળી જ રહે વાદળી જેવી પોચી:
સીમો કેરું ધણ તરુ તણું રે નિરાધાર છત્ર
ભીંજાતું રે...કદીક તન કંપી જતું શીત ધારે
તેનાં થોડાં લવ ખરી જતાં રોમ શાં પાંદડાંથી:
મૂગીમૂગી નભ નીતરતી શેરીથી ગાય એક
આવી મારા ઘરની પરસાળે ઊભી આશરો લે:
મૂગોમૂગો સમય નીતરે વાયરો શો જ ક્લિન્ન;
મૂંગુંમૂંગું મન નીતરતું,
જતું ઊતરતું કો ઊંડે દેશ ભિન્ન.

'ઉશનસ'

રાતના બાર પછી (સરખેજ રોડ · પાલડી)

· શિખરિણી ·

હવે છેલ્લેછેલ્લાં સડક પરથી શહેર ભણીની
કદી રિક્ષા, ગાડી, જન પણ (નિહાળી દિલમનં!)
ફરે પાછાં: ઝોકે સડક: પડછાયા નીરખતાં
છૂટાં છેટાં ઊભાં તરુ: ટમટમે ટ્યૂબ ઉજળી!
ભસે શ્વાનો આઘે: હરખ તમરાંનો ઊભરતા:
અને વાયુ ગાંડો (કવિ!) ભટકતા કાગળ પડ્યા
લઇ રાતે કાખે; સજગ ધ્રુરકે ઘૂક: ટટગે
શિયાળોના સાદો; ફડક દિલ લૈ પોલીસ ફરે!

થતા ડંકા ને ટાવર દૂર રહ્યું થાય નજીક
અનિદ્રાના રોગીથી.
અનિદ્રાના રોગીથી સહજ નિસાસો નીકળતા
ભળી ડકાસૂરે રખડપટમાં એ ય ચડતા.
અને આ છેલ્લી જે 'બસ' ગઇ મૂકીને રઝળતા
અવાજે તેનું શોષણ કરી, વધે શાંતિ બમણી!

ચિનુભાઈ મોદી

રાતો

· ગઝલ ·

જતા યુગયુગ સમા દિવસો પલક થઈ આવતી રાતો
હૃદયના ભાવ સાથે ભાવ શા ટકરાવતી રાતો!

ચાહે એક જ સુગન્ધી જ્યાં જુઓ હર ફૂલમાં જાણે,
મહોબ્બત મહેકતી ચોગમ હતી મહેકાવતી રાતો!

અમારી પ્રીતને પણ પ્રીત થઇ બેઠી સિતારાથી,
ન સમજાતું બધું યે મૌનમાં સમજાવતી રાતો!

ઉમાદો ખેલતી કરતાલ દિલની તાલ દેતી'તી,
અગમની દિલરૂબા પર સૂર શા રેલાવતી રાતો!

હતી એ જિંદગાની કે ન હાલત વર્ણવી શકતા.
કહી શક્યાં ફકત પોતા અમે, પિવડાવતી રાતો!

નરેન્દ્ર શુક્લ

ના જાણે

· ગાન ·

ના જાણે, ના જાણે
મન આ સુખ તે શી રીત માણે? —ના જાણે૦
કમલફૂલની પાંખડીએ રમતાં જલમોતી જોવાં,
મન મોહે અંજલિએ ધરવા પણ અડતાં શું ખોવાં,
પલક પલકને દોર પરોવ્યાં ખરી પડે અણજાણે—ના જાણે૦
ભૂતકાલના ભય ભૂલવણે કાળજું થરથર કંપે,
ભાવિના ઝાંઝવા-રણે એ ક્યાં જઇને રે જંપે,
વ્યર્થ આજનાં વહી જાય આ વરસ્યાં નીર નવાણે—ના જાણે૦

પિનાકિન ઠાકોર

ગુજરાતની ખોજ

લોપા નાનાલાલ વસા

'ગુજરાતી લિપિમાં ગુજરાતી ભાષા'ની સરકારે કરેલી જાહેરાત અભિનંદનને પાત્ર છે.

'કૉસ્મૉપૉલિટન' મુંબઈ શહેરમાં પશ્ચિમ રેલવેનાં પરાંનાં સ્ટેશનોનાં પાટિયાં પરથી ગુજરાતી લિપિ ભૂંસવામાં આવી રહી છે. દસ લાખ ગુજરાતીઓ જ્યાં કાયમી ઘર કરીને રહ્યા છે એ શહેરમાં ગુજરાતી લિપિના ચાલુ અસ્તિત્વ પ્રત્યે મધ્યસ્થ સરકારની રેલવેનું આ વર્તન કેવું દુઃખદ છે!—ને તે ય એ રેલવે, કે જે ગુજરાતમાંથી પસાર થાય છે.

ગુજરાતીઓ **સમાધાનપ્રિય**, નબળા તથા માત્ર વેપારી ગણતરીના નફાતોટા જોનારા છે, એવો અભિપ્રાય રાષ્ટ્રનાં અમુક વર્તુલો ધરાવે છે. અને પોતાના આપણી સાથેના વ્યવહારની રાજનીતિ પણ આ અભિપ્રાય ઉપર જ ઘડે છે.

દુઃખની વાત એ છે કે આપણને જ આપણું હીર પારખતાં આવડતું નથી. બાકી તો આપણા લોકોએ અનેક વર્ષોથી કોઈ મહાન છત્રછાયાના આશરા વગર અંગત પ્રયાસોથી આપણી ધરતીની સુવાસ ચોમેર ફેલાવી છે.

ઘણાને એ ખબર નહિ હોય કે આફ્રિકાના કેન્યા, ટાંગાનિકા વગેરે કેટલાય દેશોની ચલણી નોટો પર અંગ્રેજી ને અરબી ઉપરાંત ગુજરાતી લિપિમાં પણ પાઉંડ શિલિંગની સંખ્યા છપાય છે, આફ્રિકાનાં કેટલાં યે રેડિયો સ્ટેશનો ગુજરાતી ભાષામાં કાર્યક્રમો પ્રસારિત કરે છે અને આફ્રિકાની એક મોટી વસાહતના એશિયન ભાષાઓના કાર્યક્રમના અધ્યક્ષસ્થાને એક ગુજરાતી યુવતી લેવામાં આવી છે. ઘાનાની રાજધાની આક્રાની બજારમાં ગુજરાતી પાટિયાં વાંચીને એક અમેરિકન પ્રવાસીએ તેનો ફોટો લીધાની વાતો તો અખબારમાં કોઈકે વાંચી હશે. છેક પૅસિફિકને છેડે ફીજીમાં રાજકીય ને સામાજિક દોર ઠીક પ્રમાણમાં ત્યાંના 'ગુજરાતી સેવક સમાજ'ના હાથમાં છે.

ગયે વર્ષે મુંબઈમાં દક્ષિણ આફ્રિકાનું એક અંગ્રેજ કુટુંબ મળેલું. દુનિયાના પ્રવાસે નીકળ્યું હતું. નૅશનાલિટી દક્ષિણ આફ્રિકાની, રહેણીકરણી પાશ્ચાત્ય પણ વાત ગુજરાતીમાં કરે. 'તમે ત્રણ પેઢીથી ત્યાં છો, તો ગુજરાતી કેવી રીતે આવડે?' એમ પૂછ્યું, તો કહે, 'આમ તો આફ્રિકનેર, અંગ્રેજી તેમજ ડચ ભાષાઓ અમે ભાણીએ ને વાપરીએ છીએ, ગુજરાતી બીજી રીતે ઉપયોગી નથી, ગુજરાતી કુટુંબો યે અમારા ગામમાં દસેક જ છે, છતાં એક ખાનગી નિશાળમાં બે-ચાર ચોપડી ભણવાની વ્યવસ્થા કરીએ છીએ. માસ્તર નથી મળતા, છોકરાંઓને બોજો લાગે છે, છતાં માતૃભાષા જાળવવા થોડી મુશ્કેલી વેઠી લઈએ છીએ.'

પાકિસ્તાનના એક મોટા જિલ્લા નગરઠઠ્ઠાની લોકભાષા તથા સત્તાવાર ભાષા ગુજરાતી છે. પાકિસ્તાન પોતાની પ્રજા માટે ગુજરાતી કાર્યક્રમો રેડિયો પર પ્રસારિત કરે છે. જો અખંડ ભારતમાં ભાષાવાર પ્રાંતરચના થાત, તો સિંધનો કેટલો યે વિસ્તાર ગુજરાતમાં જોડવો પડત. આમ છતાં ગુજરાતના લોકોને ગુજરાત વિષે જ પૂરી સભાનતા નથી, એ કેવું કરુણ છે? જો કહીએ કે જયકૃષ્ણ ઇન્દ્રજી આપણા દેશવિખ્યાત વનસ્પતિશાસ્ત્રી હતા, તો કહેશે કે એ તો કચ્છી હતા. કહીએ કે રાજેન્દ્રસિંહજી જેવા ગુજરાતી સેનાપતિપદે હતા તો કહેશે એ તો રાજપૂત છે. કહીએ કે ચાગલા જેવા એક ગુજરાતી આજે અમેરિકામાં દેશનું નામ શોભાવે છે, તો કહેશે કે એ મુસ્લિમ છે. સંસદના લડવૈયા ફીરોઝ ગાંધી ગુજરાતી હોવાની માહિતી આપો તો કહે, એ તો પારસી!

જ્યાં આવી હાલત હોય, ત્યાં કેટલા ગુજરાતીઓ એ વાત માનશે કે સિલોનની સિંહલ ભાષામાં પુષ્કળ ગુજરાતી શબ્દો છે, અને મધ્યયુગમાં એક ગુજરાતી રાજકુમારે સિલોન જીત્યું પણ હતું? ઇન્ડોનેશિયાને પોતાનું વહાણવટું પુનર્જીવિત કરવું હતું ત્યારે યૂનોએ તે દેશને જે નિષ્ણાત સોંપ્યો હતો તે ગુજરાતી (સ્વ. 'સુકાની') હતો! જગતની તમામ ભાષાઓમાં જેનો અનુવાદ થયો છે એવું ભારતનું એકમાત્ર પુસ્તક ગુજરાતી છે એ બધા જ સાહિત્યકારોને ખયાલમાં નહિ રહે.

હેગની આંતરરાષ્ટ્રીય અદાલતમાં ગુજરાતનાં થોડાં વહાણોનો ઝગડો ગયો હતો. માંડવીનાં વહાણો જાપાને ડુબાડેલાં. ભારત સરકાર કહે, નુકસાની બ્રિટન આપે; બ્રિટન કહે, હવે યુદ્ધના દાવાઓ પતી ગયા હોઈ અમે એ બંધ પ્રકરણ નહિ ખોલીએ. ગુજરાતના આ કેસનું શું થયું તે ગુજરાતના છાપાંઓમાં વાંચવા મળ્યું નથી. આજે ય ગુજરાતના કચ્છ-માંડવી બંદરમાં કેટલા યે એવા ખારવા છે કે જેઓ જાપાનના યુદ્ધકેદી હતા, જેમણે કૉન્સેન્ટ્રેશન કૅમ્પનો ત્રાસ અનુભવ્યો છે અને સબમરીન-યુદ્ધો નજરે નિહાળ્યાં છે.

નાના પાયાના ઉદ્યોગો અને વિજ્ઞાનની તો હમણાં ખૂબ વાતો થાય છે, પણ બે સૈકા પહેલાં એક ગુજરાતી માણસ યુરોપમાં વર્ષોની રઝળપાટ કરીને ઘડિયાળો બનાવવાનું, તોપો ઢાળવાનું તથા સોનાચાંદીનું મીનાકામ વગેરે શીખી લાવ્યો હતો અને ગુજરાતમાં તે ઉદ્યોગો દાખલ થયા હતા. હજારો ગુજરાતીઓને આફ્રિકામાં વસાવનાર લધા દામજીએ વિદેશમાં એવી સુવાસ ફેલાવી હતી કે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે ડચ, બ્રિટિશ તથા ફ્રેન્ચ વાવટાઓ પણ અર્ધી કાઠીએ ઊતર્યા હતા અને તેમની સ્મશાનયાત્રામાં દસ હજાર આફ્રિકી સ્ત્રીપુરુષો ફૂટતાં હતાં! જગતમાંથી ગુલામી નાબૂદ કરવામાં અગ્રગણ્ય સંસ્થાઓમાં ગુજરાતી પેઢીઓ હતી, તથા બ્રિટિશ પાર્લમેંટે એ માટે નીમેલી ત્રણ જણની સમિતિમાં ગુજરાતના કચ્છના મહારાવ પણ હતા, એ વાત હવેના ગુજરાતના ઇતિહાસમાં લખાવી બાકી છે.

મારા પતિ એક વખત ખૈબરઘાટ ગયા હતા. ત્યાં એક પઠાણ લશ્કરી અમલદાર મળ્યા. પરિચય દરમ્યાન અફસરે કહ્યું કે 'અમે અહીં કચ્છના ઘોડા વાપરીએ છીએ. અમારે ત્યાં આ ઘોડાઓનું તો નામ છે.' પેશાવરની ટ્રેનમાં ગરીબ અભણ ગંદા પઠાણ ખેડૂતો પણ તેઓ ગુજરાતના છે, એટલું જાણીને આદરભાવથી પુસ્તુમાં ખબર અંતર પૂછતા, કારણ કે 'તેમનાં કપડાં પર ગાંધીજીના ચરણસ્પર્શવાળી પવિત્ર ધૂળ હશે' એવી તેમની માન્યતા હતી.

ટ્રેનમાં બનારસ હિંદુ વિદ્યાપીઠના પ્રાધ્યાપક શ્રી જૈન મળ્યા. વાતવાતમાં તેઓ કહે કે 'સારી દુનિયામાં માત્ર જાપાન અને ગુજરાતની સ્ત્રીઓ જ નમ્ર છે અને ઘરરખુ છે.'


બહાર તો ભલે આપણા વિષે ગમે તેટલી સારી છાપ હોય, પણ આપણે અંદરોઅંદર એકબીજા વિષે શું બોલીએ છીએ? સુરતી અમદાવાદીને ભાંડે, ભરૂચી સુરતીને, અમદાવાદી કાઠિયાવાડીને, રાજકોટવાળા ભાવનગરનાને, વૈષ્ણવો જૈનોને, પારસી વાણિયાને, મુસ્લિમો ખ્રિસ્તીને, આમ દરેક જૂથ બીજાને ખરાબ ઠેરવવા મથે છે.

વાંક તો પ્રજાનો ન કહેવાય પ્રજાને સાચી દોરવણી મળવી જોઈએ. શ્રી નેહરુએ 'ડિસ્કવરી ઑવ ઇંડિયા' લખીને ભારતની ખોજ કરવા પ્રજાને પ્રેરી, તેમ ગુજરાતની સરકારે, ગુજરાતની પ્રજાએ અને સવિશેષ તો ગુજરાતના વિદ્વાનોએ 'ગુજરાતની ખોજ' કરવાની હવે તો અનિવાર્ય આવશ્યકતા છે. ભારતને તો શ્રી નેહરુ જેવા મશાલચી મળ્યા, પણ આપણા ઘરદીવડા કોણ થશે?

વીસમી સદીના પહેલા દાયકામાં ગુજરાતમાં બૉમ્બ પ્રવૃત્તિનો પ્રચાર કરનાર અને

ગુજરાતના રાષ્ટ્રવાદને ઉદ્દામ પંથે પ્રેરી

ગુજરાતમાં ક્રાન્તિકારોની મંડળી ઊભી કરનાર



બારીન્દ્રકુમાર ઘોષ

અને ગુજરાતની ગુપ્ત બૉમ્બ-પ્રવૃત્તિ

લેખક • **વલ્લભદાસ અક્કડ**

ભગવાન વિના હજુ મને થોડા દિવસ ચાલ્યું જશે, પણ નાણાં અને દારૂગોળા વિના નહિ ચાલે; છતાં ભગવાન પોતે જો મારા બૉમ્બના કારખાનાના મિસ્ત્રી તરીકે કામ કરવા ને બંગાળ બૅંકની તિજોરી મારે ત્યાં ઠાલવવા ખુશી હોય તો એ ભગવાન સામે મારે જરા ય વાંધો નથી.
દેશોદ્ધાર એ મારું સાધ્ય હતું. ભગવાન એ તો મારે મન સાધન માત્ર!

ઈ. સ. ૧૯૦૦ આસપાસની વાત. નર્મદા-કાંઠે એક સાધક વસતા. એમનું નામ વિષ્ણુ ભાસ્કર લેલે. એ કાળે નર્મદાકાંઠે વસતા સાધુસંન્યાસીઓમાં ૧૮૫૭ની ક્રાંતિના સૈનિકો યે હતા. એ લોકો નવા ક્રાતિકારોને આશ્રય આપતા.

એ વિષ્ણુ ભાસ્કર લેલે પાસેથી જ શ્રી અરવિંદ ઘોષ યોગવિદ્યા શીખેલા. શ્રી અરવિંદના નાના ભાઈ બારીન્દ્ર પણ એમાં ખરા. લેલેજી આમ તો બારીન્દ્રના ગુરૂ સમાન હતા. પણ બારીન્દ્રે જ્યારે ક્રાંતિની આગ ચેતવવા વિષે એમની સલાહ માગી ત્યારે લેલેજીએ કહ્યું કે તારે 'બૉબ યુગના બ્રહ્મા' બનવા જેવું નથી. એ સવાલના પ્રત્યુત્તરમાં બારીન્દ્રે લેલેજીને જે લખ્યું તેનું અવતરણ અહીં આપ્યું છે.

મૂળ વાત તો એ છે કે જ્યારે શ્રી અરવિંદ ઘોષ વડોદરા કૉલેજમાં પ્રાધ્યાપક હતા અને પોતાના તેજસ્વી વ્યક્તિત્વથી ગુજરાતી જુવાનો પર ભૂરકી નાખી રહ્યા હતા, ત્યારે બંગાળમાં લૂંટફાટ માટે પૈસા આપનારા વર્ગના તકાદાથી ઊગરવા, બારીન્દ્રનું મનોમંથન કોઇ ગુરૂની ઝંખના કરતું હતું. એણે બ્રહ્માનંદજીનું નામ સાંભળ્યું હતું. (એ બ્રહ્માનંદજી ૧૮૫૭ની ક્રાંતિના નહિ, પણ ત્રીજા મરાઠા વિગ્રહના વીર યોદ્ધા હતા એમ શ્રી અંબુભાઈ પુરાણીના કથન પરથી લાગે છે.) બારીન્દ્ર એમને શોધતો નર્મદાકિનારે ચાંદોદ પહોંચ્યો. ત્યાં ખબર મળ્યા કે બ્રહ્માનંદજી તો ભગવાનને ઘેર પહોંચી ગયા હતા! (એ બ્રહ્માનંદજીની આરસપ્રતિમા નર્મદાકિનારે ટૂંક સમય પર પ્રસ્થાપિત થઇ છે.) પણ બ્રહ્માનંદજીને બદલે બારીન્દ્રને ત્યાં એક 'સાકરિયા સ્વામી' મળી ગયા.

કહેવાય છે કે એ સાકરિયા સ્વામી ૧૮૫૭ના 'બળવા' વખતે ઝાંસીની રાણીની સાથે હતા. એ ખભે ઝોળી ભેરવી, પરિવ્રાજક થઈ ફર્યા કરતા. જે કોઈ યાત્રિક મળે તેને ઝોળીમાંથી સાકરનો પ્રસાદ આપતા. કહેવાય છે કે સાકરિયા સ્વામીની ઝોળી સાકરનું અક્ષયપાત્ર હતી. એ સાકરિયા સ્વામીની સાથે નર્મદાકિનારે બારીન્દ્રને લેલેજીનો પણ ભેટો થઇ ગયો, અને એમણે ધીરજથી બધી વાત સાંભળીને બારીન્દ્રને રાજદ્વારી ક્રાંતિ માટે સબૂરી પકડવાની શીખ આપી.

પણ બારીન્દ્ર તો બંગાળનું ઉછળતું લોહી. એ તો સખારામ ગણેશ દેઉસ્કર જેવા જલદ રાષ્ટ્રવાદી પાસે ઇતિહાસ શીખ્યો હતો, અને એ ઇતિહાસમાંથી જ દેશભક્તિના પાઠ પઢ્યો હતો. મહારાષ્ટ્રમાંથી બંગાળમાં જઈ તેને વતન બનાવનારા શ્રી દેઉસ્કર પ્રખર ઇતિહાસકાર હતા. એ આદર્શ પુરુષે બંગાળી જુવાનોને સળગાવી મૂકનારું 'દેશેર કથા' નામે પુસ્તક લખ્યું હતું. એમાંથી જ બારીન્દ્રને પ્રેરણાનો પાનો ચડ્યો હતો. એમાં એણે પહેલીવાર 'સ્વરાજ' શબ્દ વપરાએલો જોયો. એટલે હવે બારીન્દ્રના હૃદયમાં 'સબૂરી'ની સલાહ કેમ ઊતરે? એણે તો 'બૉમ્બયુગના બ્રહ્મા' બનવાનો નિર્ધાર કરી લીધો હતો.

બારીન્દ્રકુમાર ઘોષનો જન્મ ઈ. સ. ૧૮૮૦ની પાંચમી જાન્યુઆરીએ ઇંગ્લન્ડમાં, લંડનના એક પરામાં ઑલિન્સ રોડ, અપર નૉટવૂડમાં થયો હતો. ૧૩મી ફેબ્રુઆરીએ એમનો એ જન્મ દિવસ નોંધાવવામાં આવ્યો ત્યારે રજિસ્ટરમાં એનું નામ 'ઇમૅન્યુઅલ' લખાવાયું હતું!

એમના પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ અને માતા શ્રીમતી સ્વર્ણલતા દેવી બંને બારીન્દ્રના જન્મ પહેલાં, પોતાના બે મોટા પુત્રો મનમોહન ઘોષ અને અરવિંદ ઘોષની કેળવણીનો પ્રબંધ કરવા માટે ઇંગ્લંડ ગયાં હતાં. ત્યાંથી, બારીન્દ્ર ત્રણ માસનો ગભરુ બાળક હતો ત્યારે જ સ્વર્ણલતા દેવી સ્વદેશ પાછાં ફર્યાં હતાં અને પોતાને પીઅર રોહિણી ગામે રહેતાં. મોસાળના એ વસવાટ દરમ્યાન બારીન્દ્રનો એકાદ દિવસ પણ એવો ભાગ્યે જ ગયો હશે જ્યારે માતાના હાથની પ્રસાદી એને નહિ મળી હોય! એ એટલો તોફાની હતો કે દસ વર્ષનો થયો ત્યાં સુધી તો એને અક્ષરોની પણ ઓળખ ન હતી એમ કહેવાય છે.

પણ પછી એ તેજસ્વી બાળકે જોતજોતાંમાં એન્ટ્રન્સની પરીક્ષા પસાર કરી ઢાકાની જગન્નાથ કૉલેજમાં પ્રવેશ કર્યો, જ્યાં એમના મોટાભાઈ શ્રી મનમોહન ઘોષ અંગ્રેજી સાહિત્યના સુવિખ્યાત પ્રાધ્યાપક હતા. પણ ત્યાં થોડો વખત ગાળીને બારીન્દ્ર પોતાના બીજા મોટા ભાઈ અરવિંદ ઘોષ વડોદરા કૉલેજમાં પ્રાધ્યાપક હતા ત્યાં ગયા. વડોદરામાં એમની પાસે બારીન્દ્રે મુખ્યત્વે ઇતિહાસ અને રાજકારણનો અભ્યાસ કર્યો અને બૌદ્ધિક તથા ઇતર દૃષ્ટિએ અભ્યાસસંપન્ન

થયા પછી ઈ.સ. ૧૯૦૨માં તેણે અરવિંદના ક્રાંતિકારક વિચારોનો પ્રચાર કરવા માંડ્યો.

બારીન્દ્રનો બાળપણનો ઊછેર ભારતની સંસ્કૃતિપ્રધાન ગળથૂથીથી થયો હતો. મોસાળમાં એના માતામહ શ્રી રાજનારાયણ બોઝ ધાર્મિક વૃત્તિના પવિત્ર પુરુષ હતા અને બંગાળી સમાજમાં સાધુ રૂપે પુજાતા. અંગ્રેજ રાજ્યને તે આપણી સંસ્કૃતિનું વિધ્વંસક લેખતા.

બીજી બાજુ બારીન્દ્રના પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના કોન્નોગારના નામાંકિત ઘોષ કુટુંબના હતા. એ કુટુંબે બંગાળના જૂના સાહિત્ય પર એટલી અસર કરી છે કે છેક ઓગણીસમી સદી સુધી એ પરિવારનું ગૌરવ જળવાઈ રહ્યું હતું. એમાં એક શિવચન્દ્ર દત્ત નામે સાધુ પુરુષ થઇ ગયા. એ બ્રહ્મોસમાજના નેતા હતા ને દાનવૃત્તિ માટે જાણીતા હતા. કોન્નોગારની ઘણી સાર્વજનિક સંસ્થાઓની હસ્તિનું શ્રેય એમની દાનભાવનાને જ આભારી છે.

ડૉ. કૃષ્ણધન ઘોષ પણ અસાધારણ શક્તિવાળા, નીડર વ્યક્તિત્વધારી ને દાનેશ્વરી સત્પુરુષ હતા. ભારતમાંથી કેળવણી લેવા ઇંગ્લંડ જનાર પહેલી પેઢીમાંના એઓ એક હતા. ત્યાંથી આંગ્લ રહેણીકરણી વિચારસરણી અને કલ્પના લઇને એ ભારત આવેલા, છતાં બ્રિટિશ વહીવટના અન્યાય પ્રતિ એઓ પાછળથી જાગ્રત થયા હતા. એઓ સરકારી દાક્તર હતા અને નિસ્સહાય તથા દુઃખીઓને મફત દવાદારૂ આપતા, ગાંઠમાંથી રોકડ મદદ આપતા અને કેટલીક વાર અગવડ વેઠીને પણ હાથ છૂટો મૂકી દેતા.

એમને ચાર પુત્રો અને એક પુત્રી હતાં. અરવિંદ ઘોષ ત્રીજા ને બારીન્દ્ર ઘોષ ચોથા પુત્ર હતા. પુત્રીનું નામ સરોજિનીદેવી હતું. એ જમાનામાં બંગાળના ઉપલા થરના બુદ્ધિજીવી વર્ગમાં પોતાનાં સંતાનોને ઇંગ્લંડમાં કેળવણી આપવાની મહત્ત્વાકાંક્ષા રહેતી. તે અનુસાર અરવિંદ ઘોષ બાળપણથી ઇંગ્લંડમાં ભણ્યા; પણ બારીન્દ્ર જન્મ્યા ઇંગ્લંડમાં ને ભણ્યા ભારતમાં. પિતા તરફથી એમને પશ્ચિમની સંસ્કૃતિના સંસ્કાર મળ્યા હતા તો મોસાળમાંથી આર્ય સંસ્કૃતિનું વાતાવરણ મળ્યું.

ગુજરાત : બંગાળ

બારીન્દ્રનો જન્મ ઈ. ૧૮૮૦માં અને આપણા દેશની પ્રમુખ રાષ્ટ્રીય સંસ્થા કૉંગ્રેસનો જન્મ પણ ઈ. ૧૮૮૫માં. પણ ગુજરાત–બંગાળનો સાંસ્કૃતિક સંબંધ તો એનાથી પચાસ વર્ષ પહેલાં બંધાએલો. ૧૮૩૩માં સુધારાવાદીઓના પિતા રાજા રામમોહન રાયનો સ્વર્ગવાસ થયો એ જ વર્ષમાં ગુજરાતમાં સુધારાના ઝંડાધારી કવિ નર્મદનો જન્મ થયો. ૧૮૭૨માં અરવિંદ ઘોષનો જન્મ અને એ જ વર્ષમાં અમદાવાદમાં બ્રહ્મોસમાજના અનુયાયી પ્રાર્થનાસમાજના સ્થાપક ભોળાનાથ સારાભાઇ રચિત 'ઈશ્વર પ્રાર્થનામાળા'નું પ્રાકટ્ય.

અંગ્રેજોની જોહુકમીનાં મંડાણ બંગાળથી શરૂ થયાં હતાં. ૧૭૫૭ના પલાશીના યુદ્ધ પછી ત્યાંનો સમાજ આધ્યાત્મિકતા અને સમાજસુધારાના રચનાત્મક કાર્ય પ્રતિ વળ્યો હતો. ત્યાં—ત્યાં જ સૌપ્રથમ રાજા રામમોહન રાય જેવા પ્રખર હિંમતબાજ જવાંમર્દ પેદા થયા હતા; ત્યાં જ રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ અવતર્યા હતા; ત્યાં જ સુરેન્દ્રનાથ બૅનરજી અને આશુતોષ મુખરજી જેવા રાજદ્વારી પુરુષો અને વિદ્યાપીઠનિપુણો પાક્યા હતા; ત્યાં જ મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર જેવા વિભૂતિએ અને તેમના પુત્ર કવિવર રવીન્દ્રનાથે અવતાર લીધો હતો; અને ત્યાં જ અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ અને ખુદીરામ બોઝ જેવા મરજીવા જન્મ્યા હતા.

આ વિભૂતિઓએ અર્વાચીન બંગાળને ઘડ્યું. એમાં સાહિત્યક્ષેત્રે બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય અને શરદબાબુનાં નામ મોખરે રહે છે. આ ઘડતરના પ્રત્યાઘાત ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી વિસ્તર્યા. મહારાષ્ટ્રના સખારામ ગણેશ દેઉસ્કર જેવા બંગાળ જઈ વસ્યા અને 'દેશેર કથા' સમું ક્રાંતિકારી પુસ્તક રચી, બારીન્દ્ર જેવા તેજસ્વી ને ખમીરવંતા અનેક વિદ્યાર્થીઓની દેશભક્તિને પાનો ચડાવ્યો.

૩૯૯ ('કુમાર' અંક ૪૪૨)

વીસમી સદીનો પહેલો દાયકો

ઈસુની વીસમી સદીનો પહેલો દાયકો બંગાળ–ગુજરાતના રાજદ્વારી સંબંધમાં એક વિશિષ્ટ પ્રકારનો થઈ ગયો. ઈ.સ. ૧૯૦૨માં અમદાવાદમાં કૉંગ્રેસની બેઠક મળી. એને પ્રમુખસ્થાને હતા સર સુરેન્દ્રનાથ બૅનરજી. ઈ.સ. ૧૯૦૭માં સૂરતમાં કૉંગ્રેસની બેઠક મળી. એને પ્રમુખસ્થાને સર રાસબિહારી ઘોષ હતા.

તે પહેલાં ઈ.સ. ૧૯૦૦થી વડોદરામાં અરવિંદ ઘોષની બોલબાલા હતી. ગુજરાતના મુનશી, પુરાણી બંધુઓ આદિ તરુણો પર એમની પ્રવાહી અંગ્રેજી વાક્ધારા ને ઉત્કટ દેશભક્તિ ભુરકી નાખી ગઇ. એમનો પ્રભાવ વડોદરાથી વહેતો દક્ષિણે મુંબાઈ સુધી ને ઉત્તરે અમદાવાદ સુધી લોકહૃદયને–મધ્યમવર્ગના વિદ્યાર્થી વૃન્દને મુગ્ધ કરતો રહ્યો.

વડોદરામાં જ આવા રાષ્ટ્રવાદ તથા જલદ દેશભક્તિને અવકાશ હતો. ત્યાંના સંસ્કારપ્રેમી રાજવી સયાજીરાવના અમલ તળે બ્રિટિશ પ્રદેશ કરતાં પ્રજાને કેળવણી, સંસ્કાર, વ્યાયામ, સંગીત, સાહિત્ય વગેરેનો વિશેષ લાભ મળતો. સમાજસુધારાને, વિધવાવિવાહને, અંત્યજોદ્ધારને અને દેવનાગરી લિપિને પણ ગુજરાતમાં અને ભારતમાં એમણે જ પ્રથમ પ્રસ્થાપિત કર્યાં હતાં. આમ લગભગ સાર્વત્રિક પ્રગતિવાળા વડોદરા રાજ્યમાં એક તરફ અરવિંદ ઘોષની જ્ઞાનશક્તિના વિકાસને અવકાશ મળ્યો, તો બીજી તરફ ગુજરાતના અંકુરરૂપ વિદ્યાર્થીવર્ગને પ્રેરણા અને પુરુષાર્થ મળ્યાં.

ઈ.સ. ૧૯૦૫માં બંગાળના ભાગલા પડ્યા એને કારણે સ્વદેશીપ્રચારનું આંદોલન ઊપડ્યું. આ જ્યોત સમગ્ર ભારતવર્ષમાં પ્રકાશ પાથરી રહી. એ વેળા ગરીબ ભારતનું લોહી પી, લાલ ટમેટા જેવા રાતામાતા થઇ, પરદેશી અંગ્રેજ રાજ્યના અમલદારો આ દેશની ગરીબ પ્રજા પર જુલમ અને જોહુકમી કરતા ફરતા, અને આ અહીં પોતાનું રાજ્ય હતું તેથી અહીંના હરેક વ્યક્તિને તે ગુલામ લેખતા.

આ અસહ્ય સ્થિતિ નિવારવા એક તરફ અંગ્રેજી કેળવણી લઈ આપણો શિક્ષિત નેતૃવર્ગ બંધારણને માર્ગે લડતો હતો, તો બીજી તરફ દેશના મુઠ્ઠીભર જુવાનો એવા અંગ્રેજનાં ખૂન કરી, હિંસાથી તેને ડરાવી, દેશમાંથી તેને તગડી મૂકવા માગતો હતો. તે જમાનામાં સરકારી નોકરીના મુખ્ય મુખ્ય ચાવી રૂપ અધિકારો આપખુદ (અને કેટલીક વાર મામૂલી) ગોરાઓ જ ભોગવતા. આથી, પ્રજાને ત્રાહિમામ પોકરાવતા એવા લોકોનું કાટલું કાઢી નાખવાની ગુપ્ત ઝુંબેશ બંગાળ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં શરૂ થઈ હતી.

કૉંગ્રેસના જન્મ પછી બે દાયકા વીત્યા ન વીત્યા ત્યાં તો દેશના, વિશેષ કરીને બંગાળના પાણીદાર જુવાનિયાઓનો કૉંગ્રેસની કાર્યનીતિ પરથી વિશ્વાસ ડગવા લાગ્યો. તેમાં યે જ્યારે સ્વદેશી અને બંગભંગનાં આંદોલનોથી રાજદ્વારી વાતાવરણ ગરમ બની ગયું ત્યારે આ જુવાનવર્ગનો પ્રકોપ ઉગ્ર બને એ સ્વાભાવિક હતું.

એ જુવાનિયાઓની ઘણી મંડળીઓ ગુપ્ત દોરીસંચાર ચલાવતી. વીસ–બાવીસ વર્ષનો બારીન્દ્ર પણ બંગાળની એવી ગુપ્ત સમિતિઓનાં સંચાલન કરતો ઠેરઠેર ઘૂમતો, વિદ્યાર્થીવર્ગનું સંગઠન કરતો, બંગાળ પર અત્યાચાર ગુજારનાર ગોરાને નજરમાં રાખતો, તેને ખૂણેખાંચરે ખતમ કરવા માટે બૉંબ બનાવતો, તે માટે શ્રીમંતો પાસેથી પૈસા લાવતો ને તે ન આપે તેમને ત્યાં લૂંટ પણ પડાવતો.

એટલે ઈ. ૧૯૦૭માં 'બંગભંગ'નું મહાન રાજદ્વારી આંદોલન ઊપડ્યું તે પહેલાં તો બંગાળની રાજદ્વારી ક્રાંતિના મરણિયાઓ, સારી સંખ્યામાં તૈયાર થઇ ગયા હતા. અરવિંદ ઘોષના 'ભવાનીમંદિર' પુસ્તકમાં એ ક્રાંતિની યોજનાની પાર્શ્વભૂમિકા આલેખાએલી તૈયાર પડી હતી.

'ભવાનીમંદિર'

એ પુસ્તક તો અંગ્રેજી રાજ્યને વિદાય આપવાની અને ભારતમાં ભારતીય રાજ્યના પ્રસ્થાપનની ગુરુચાવી રૂપ ગણાયું. (એ કાળે ગુજરાતીમાં પણ તે ઊતર્યું હોવાનું કહેવાય છે, પણ વર્ષો સુધી ગુજરાતીમાં તે અપ્રાપ્ય રહેલું. હમણાં 'દક્ષિણા' ત્રૈમાસિકના એપ્રિલ ૧૯૫૭ના અંકમાં તેનું ભાષાંતર છપાયું છે.) એમાં બ્રહ્મચારીઓનો એક નવો સંઘ કાઢવાની કલ્પના હતી. દેશ માટે શહીદ થઇ, સર્વસ્વ ભોગ આપે એવા જવાંમર્દોનું જૂથ ઊભું કરવાનો આ ખયાલ, રાજદ્વારી ક્ષેત્રે મૌલિક હતો.

'દેશી વનસ્પતિની દવાઓ' નામની એક નાની પુસ્તિકા ગાયકવાડી રાજ્યના એક કસબાના (બિલીમોરા કે નવસારીના) છાપખાનામાં છપાઈ હતી અને ઠેરઠેર વહેંચાઈ હતી. ચરોતરના ક્રાંતિકારી સ્વ. નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે ઉતારેલી એ ચોપડીમાં દવા-બત્રા જેવા વિષયનું કોઇ બયાન કે નુસખા ન હતા. એમાં તો બૉંબ બનાવવાની ક્રિયા-પ્રક્રિયાની રીતરસમોનું નિદર્શન હતું. એમાં, પાછળથી ગાંધીવાદી થએલા, અને ડુંગળીચોરને નામે જાણીતા સ્વ. મોહનલાલ કામેશ્વર પંડ્યા (ખેતીવાડીના સ્નાતક) પણ ઓતપ્રોત હતા.

નવસારી બિલીમોરા અને દમણ

એ કાળે ગુજરાતમાં જે ગુપ્ત રાજદ્વારી પ્રવૃત્તિઓ ચાલતી હતી તેમાં નર્મદાતીરે ગંગનાથ વિદ્યાલય મુખ્ય હતું. એ કેન્દ્ર ઉપરાંત નવસારી, બિલીમોરા અને દમણ રાજ્યના લવાછા ગામે પણ ગુપ્ત કેન્દ્રો ચાલતાં. અત્યારે બિલીમોરા-ગણદેવી માર્ગ પર સરદેસાઈ બ્રધર્સનું સાબુ, ફિનાઇલ તથા સ્ટાર્ચ ઇત્યાદિનું કારખાનું છે. એ જ સ્થાને પૂર્વે એક લિમિટેડ કંપનીનું ચૉકલેટનું કારખાનું હતું. શ્રી માધવરાવ ગોડબોલે નામના એક દક્ષિણી ગૃહસ્થ એ કારખાનાના વ્યવસ્થાપક હતા. શ્રી નારાયણ સખારામ સરદેસાઈ નામના ગૃહસ્થે એ કારખાનું ખરીદ્યું. તે પહેલાં એ સરદેસાઇએ દમણ રાજ્યમાં લવાછા ગામે થોડી જમીન ખરીદી હતી. એમના પુત્ર અને હાલની સરદેસાઈ બ્રધર્સ કંપનીના વહીવટકર્તા શ્રી મકરંદ સરદેસાઈ પૂર્વોક્ત શ્રી માધવરાવ ગોડબોલેના ઘરના પટાંગણમાં રહેતા હતા. એમની સાથે એક શ્રી વી. નારાયણરાવ પણ વસતા. આ નારાયણરાવ અને બીજા એક ગોવિંદરાય પોતદાર નામના ગૃહસ્થ જર્મનીથી રિવૉલ્વરો મંગાવતા અને ત્રાસવાદીઓ તથા ક્રાંતિકારીઓને તે પહોંચાડતા.

પૂનાના ચિત્રશાળા પ્રેસના સ્થાપક શ્રી વાસુદેવરાવ જોશી (વાસુકાકા જોશી ઉર્ફે 'સાર્વજનિક કાકા'), શ્રી બાપટ, બીજા એક બંગાળી ગૃહસ્થ, અરવિંદ-બારીન્દ્રના ગુરુ વિષ્ણુપંત લેલે વગેરે ક્રાંતિકારો બિલીમોરાના સરદેસાઈના આ ઘરમાં મળતા. એમની સાથે ગાયકવાડ રાજ્યના ભૂતપૂર્વ સૂબા બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડે પણ હતા. આ બૅરિસ્ટર દેશપાંડે વિલાયતમાં ગાંધીજીના સહાધ્યાયી હતા. એમણે જ નર્મદાકાંઠે ગંગનાથ ભારતીય વિદ્યાલય કાઢ્યું હતું. (પછી ૧૯૨૦માં એમણે અંગ્રેજીમાં 'સાધકાશ્રમ' કાઢ્યો હતો.)

બિલીમોરાની ભૂગર્ભ-પ્રવૃત્તિ વિષે આથી વિશેષ જણાયું નથી. પણ નવસારી અને બિલીમોરાનાં એ કેન્દ્રોના મૂળ પ્રેરણાસ્થાન વડોદરામાં તો ગાયકવાડી પલટનના અમલદારો રાષ્ટ્રવાદી જુવાનોને લશ્કરી શિસ્ત, કવાયત ને શસ્ત્રવિદ્યા શીખવતા. એ શીખવનારામાં શ્રી ખાસેરાવ જાદવ ને શ્રી માધવરાવ જાદવનાં નામ નોંધપાત્ર હતાં.



ગુજરાતી ક્રાંતિકારોના આદ્ય ગુરુ શ્રી અરવિંદ ઘોષ

શ્રી અરવિંદ ઘોષ શ્રી ખાસેરાવ જાદવને ત્યાં રહેતા એટલે સ્વાભાવિક-રીતે જ બારીન્દ્રે એમની પાસેથી નિશાનબાજીની તાલીમ લીધેલી.


વડોદરા કૉલેજમાં ડાહ્યાભાઈ લલ્લુભાઈ પુરોહિત ફિલસૂફીના વિદ્વાન પ્રાધ્યાપક હતા, તે પણ આ પ્રવૃત્તિમાં શામેલ હતા. પાછળથી એઓ શ્રી અરવિંદને મળવા પૉંડીચેરી ગયા હતા, જેને પરિણામે એમને નોકરી પણ ગુમાવવી પડી હતી!

ગાયકવાડી હદની આ બૉંબ-પ્રવૃત્તિનો ચેપ પછી સૂરતને લાગ્યો. સૂરતના બુઝર્ગ (૧૯૦૭ની સૂરત કૉંગ્રેસની સ્વયંસેવક સેનાના સેનાપતિ, અત્યારે જનસંઘના પ્રમુખ) ડૉ. મોહનનાથ કેદારનાથ દીક્ષિત અને અત્યારનાં વયોવૃદ્ધ મહિલા કૉંગ્રેસ-નેત્રી શ્રીમતી જ્યોત્સ્નાબહેન શુક્લ પણ એનો રંગ નીરખી આવ્યાં હતાં. એ બંને નર્મદાકિનારાના 'ગંગનાથ ભારતીય વિદ્યાલય'માં ગયાં હતાં.

શ્રી અરવિંદનું સંચાલન

ગુજરાતમાં આ વાયુમંડળ તૈયાર કરનાર આદિ પુરુષ શ્રી અરવિંદ ઘોષ. એ પડદા પાછળ હતા અને આગળ બારીન્દ્ર ઘોષ હતા. ઈ.સ. ૧૯૦૦માં કલકત્તાની એન્ટ્રન્સ પરીક્ષા પસાર કરી બારીન્દ્ર છ માસ પોતાના મોટા ભાઈ શ્રી મનમોહન ઘોષ સાથે ઢાકા રહ્યા, ને ત્યાંથી ખેતીવાડી શીખવા કલકત્તા ગયા, પણ કાંઈ રુચ્યું નહિ; એટલે આખરે પોતાની સાવકી માનું ગણાતું ઘર રૂ. ૯૦૦માં વેચી પટણા ગયા અને ત્યાં ચાની દુકાન ખોલી. પણ તેમાં યે ફાવ્યા નહિ, એટલે ૧૯૦૨ના અરસામાં પટણાથી તે સીધા વડોદરા આવી રહ્યા. ગંદી કૅનવાસની બૅગ અને અસ્વચ્છ, મેલાંઘેલાં વસ્ત્રવાળો બારીન્દ્ર તે કાળે કોઇ વિરલ ખુમારીથી ઘૂમતો. પરંતુ આવી અવસ્થામાં યે તે બંગાળની ક્રાંતિની એક નાની તો નાની પણ પ્રજળતી ચિનગારી લઇને આવ્યો હતો. શરૂઆતમાં બંગાળમાં એને કાંઈક નિરાશા મળી તો ભલે મળી; ગુજરાતમાં વસતા મોટા ભાઈ અરવિંદ પાસે તો અખૂટ પ્રેરણાકોષ સંચિત હતો અને એનામાં ઉત્સાહ, ઉન્માદ, આવેશ ને મહત્ત્વાકાંક્ષા થનગનતાં હતાં. એ બધાં બળો એને ગુજરાતમાં રખડાવતાં હતાં ને સંગઠનના નવનિર્માણ અર્થે પ્રોત્સાહિત કરતાં હતાં. એણે દક્ષિણ ગુજરાત ખૂંદ્યું; ત્યાં અંબુભાઈ અને છોટુભાઇ પુરાણી જેવા સાગરીતો યે મળી ગયા; અને વડોદરા-ચરોતરના વિદ્યાર્થીઓને તેનો પાશ પણ લાગી ગયો.

ગુજરાતને બૉંબપ્રવૃત્તિનો જે રંગ લાગ્યો તે અરવિંદ-બારીન્દ્રની બાંધવબેલડીને પ્રતાપે. અરવિંદ ઘોષ વડોદરા રાજ્યની સેવામાં હતા. જીવનમાં ભારતમાતાની મુક્તિ વિષે જ એકાગ્ર ચિત્તે ચિંતન કરનાર તે કાળે ગુજરાતમાં એઓ એકલા જ હતા. ચૌદ વર્ષની વયે જ એમણે જાણી



ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના પોષક ને પ્રચારક શ્રી અંબુભાઈ પુરાણી પણ ક્રાંતિકારી દળના એક સૈનિક હતા

લીધું હતું કે દેશનું ભગીરથ કાર્ય કરવાનું આવવાનું છે. ઉચ્ચ આદર્શવાદ અને સાદું ને શાંત છતાં ચેતનવંતું વ્યક્તિત્વ ધરાવનાર એ પ્રતિભાસંપન્ન વિદ્વાન અને યુવકોની પ્રેરણામૂર્તિ અરવિંદ ઘોષ વડોદરા કૉલેજના વિદ્યાર્થીવૃંદના આરાધ્ય બન્યા હતા. લોકમાન્ય ટિળકના નેતૃત્વ નીચે કાર્ય કરનારામાંના પણ ઘણા અરવિંદના શિષ્યો હતા. વડોદરા કૉલેજના તે કાળના આચાર્ય શ્રી સી. આર. રેડ્ડીએ કહ્યું હતું: 'હં. ત્યારે તમે અરવિંદ ઘોષને મળ્યા, ખરું? તમે એની આંખો જોઈ? એ આંખમાં ચમત્કારિક અગ્નિ અને પ્રકાશ છે. એ સ્થૂળની પાર જોઈ શકે છે. જો જોન ઑાવ આર્ક સ્વર્ગીય અવાજ સાંભળી શકતી હતી તો અરવિંદ સંભવતઃ સ્વર્ગીય દૃશ્યો જોઈ શકે છે!'

ઈ. ૧૮૯૭માં પૂનામાં ફાટી નીકળેલા પ્લેગ અંગે કેટલીક આપખુદી આચરનાર રૅન્ડ અને આયર્સ્ટ નામના બે અંગ્રેજનાં ખૂન થયાં. મહારાષ્ટ્રની ક્રાન્તિ હત્યાઓનું એ પહેલું ચરણ હતું. આરોપી ચાફેકરનો દેહાંત થયો. એ ચાફેકરે અને એમના ભાઈએ 'હિન્દુ ધર્મ સંઘ' નામની ગુપ્ત સંસ્થા સ્થાપી હતી. એના સ્થાપકનો આમ દેહવિલય થતાં એ સંસ્થા, તેમજ શ્રી અરવિંદના માર્ગદર્શનથી ઊભી થએલી 'તરુણ સંઘ' સંસ્થા, તેમજ તે વખતે જાપાનમાં ક્રાંતિકાર્ય કરી રહેલા ઠાકુર સાહેબ નામના એક ક્રાંતિકારી નેતા પણ એક ગુપ્ત સંસ્થા ચલાવતા એ સંસ્થા, એમ ત્રણે સંસ્થા ભેળવી દઈ તેનું સુકાન હવે શ્રી અરવિંદે હાથ લીધું.

એ જ ગાળામાં 'ઇન્દુપ્રકાશ' સામયિકમાં આવેલો શ્રી અરવિન્દનો એક લેખ લોકમાન્ય ટિળકના વાંચવામાં આવ્યો અને તે અરવિંદ પ્રતિ પહેલા આકર્ષાયા. તે પછી ઈ. ૧૯૦૨ની અમદાવાદ કૉંગ્રેસમાં એ બંને મળ્યા. ટિળક એમને મંડપની બહાર લઈ ગયા. કલાકેક સુધી બંને જણે વાતો કરી. ત્યાર પછી ટિળકે મહારાષ્ટ્રમાંના પોતાના કાર્યની રૂપરેખા દોરી. ટિળક તથા અરવિંદના વિદ્યાર્થીઓએ હવે કૉંગ્રેસની 'ભીખ માગવાની' નીતિનો ખુલ્લો વિરોધ કરવા માંડ્યો. એમાંથી અરવિંદને જુવાનોને દેશકાર્ય માટે તાલીમ આપનારી એક સંસ્થા ઊભી કરવાની કલ્પના આવી. એ કલ્પના 'ભવાનીમંદિર' યોજનામાં મૂર્ત થઈ, ને એમાંથી નર્મદાકાંઠે 'ગંગનાથ ભારતી વિદ્યાલય'નો જન્મ થયો.

ગંગનાથ વિદ્યાલય

ઉક્ત ભારતીય વિદ્યાલયમાં સ્વામી રક્ષાનંદના પટ્ટશિષ્ય કેશવાનંદ મહારાજ આધ્યાત્મિક શિક્ષણ આપતા; શ્રી રામભટ્ટ ગાડગીળ સામાન્ય વિષયો શીખવતા; કુસ્તી, કૂચ, કવાયત, રમતગમત વગેરે એક નિવૃત્ત હવાલદારની દેખરેખ નીચે ચાલતાં. એમાં એક રમત આક્રમણ તથા સંરક્ષણની પણ હતી, જેમાં વાંસના ટુકડાઓનો ઉપયોગ થતો.

કાકા સાહેબ કાલેલકર, હરિજન નેતા મામા સાહેબ ફડકે (ગોધરા હરિજન આશ્રમના સ્થાપક), સ્વામી આનંદ, શ્રી જુગતરામ દવે (વેડછી આશ્રમના સંચાલક) વગેરે આજના વિદ્યમાન મહાજનો ત્યાં શિક્ષકતરીકે સેવા આપતા હતા. એમાં બાહ્ય દૃષ્ટિએ સાંસ્કૃતિક શિક્ષણ અપાતું પણ ભીતરથી અંગ્રેજ રાજ્યને ઉથલાવી પાડવાનું પણ શિક્ષણ અપાતું.

બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડેના મરાઠીમાં પ્રકાશિત જીવનચરિત્રમાંથી તેમજ ૧૯૫૪ના નવેમ્બર માસના 'દક્ષિણા' ત્રૈમાસિકમાંથી આને લગતી વધુ વિગતો મળી રહે છે. કહેવાય છે કે સાધુરૂપે આવેલા કોઈ જાસૂસની સૂચનાથી, બ્રિટિશરોની તપાસ અને જપ્તી આવે તે પહેલાં આ ગંગનાથ વિદ્યાલયનું વિસર્જન કરી નાખવામાં આવેલું.

આ વિદ્યાલય વિષે ચારુચન્દ્ર દત્તે પોતાના બંગાળી પુસ્તક 'પૂર્ણ કથા–ઉપાસન ઘર'માં વિસ્તારથી લખ્યું છે. તેઓ કહે છે કે આ શાળા અરવિંદે આલેખેલી 'ભવાનીમંદિર' યોજનાના આંતરતત્ત્વ સમી બનવાની હતી. એની કલ્પનાને બલવત્તર કરવામાં અરવિંદના કનિષ્ઠ બંધુ બારીન્દ્રનો મોટો ફાળો હતો. વસ્તુતઃ મંદિર માટે સુયોગ્ય સ્થાન શોધવા માટે બારીન્દ્ર જ ગિરિમાળાઓમાં ઘૂમ્યા હતા. સ્વયંપ્રેરિત સુન્દર અંગ્રેજી શૈલીમાં આલેખાએલ એ 'ભવાનીમંદિર' પુસ્તિકા ભારતભરનાં શહેરોમાં વહેંચાઇ હતી. અર્લ ઑાવ રોનાલ્ડશેના 'ધ હાર્ટ ઑાવ આર્યાવર્ત' પુસ્તકનાં પૃષ્ઠ ૧૨૭–૧૨૯ પર પણ એ પુસ્તિકાનાં થોડાં અવતરણ અપાયાં છે.

અરવિંદની આ વિચારજાગૃતિનો સ્રોત ઠેઠ ઇંગ્લંડમાં પણ ફૂટ્યો હતો. ત્યારે લંડનમાં વસતા હિન્દી વિદ્યાર્થીઓએ ભારતીય સ્વતંત્રતા માટે મથનારી 'લોટસ ઍન્ડ ડૅગર' નામની એક સંસ્થા સ્થાપી હતી. શ્રી અરવિંદ અને એમના ભાઇઓ એના પણ સભ્ય થયા હતા. ભારતમાં પણ અરવિંદના માતામહ શ્રી રાજનારાયણ વસુએ ઈ. ૧૮૭૬માં 'સંજીવની સભા' નામની એક ગુપ્ત સંસ્થા સ્થાપી હતી અને તેમાં કિશોર કવિ ટાગોર તથા તેમનાં કુટુંબીજનો પણ જોડાયાં હતાં. કહેવાય છે કે આ સભામાં લોહીના અક્ષર પ્રતિજ્ઞા લખી આપવી પડતી.

૧૯૦૨ થી ૧૯૦૪ : ક્રાન્તિનો પવન

૧૯૦૨નું અમદાવાદ કૉંગ્રેસનું વર્ષ ક્રાંતિકારી પ્રવૃત્તિનું એક સીમાચિહ્ન બની રહ્યું હતું. એ જમાનામાં બ્રિટિશ હિન્દની તેમજ દેશી રાજ્યોની સેનામાં બંગાળીઓને દાખલ કરવા પર પ્રતિબંધ હતો. એનું કારણ એમનો રાષ્ટ્રપ્રેમ હતો. પણ સરકાર એવું બહાનું બતાવતી કે બંગાળીઓ લશ્કરી જાતિ નથી. આ જૂઠાણું છતું કરવા માટે એક બંગાળી મેદાનમાં પડ્યો. એ થોડો વખત ઉત્તર ભારતમાં, ખાસ કરીને પ્રયાગમાં રહ્યો. ત્યાં રહી એણે હિન્દીનું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી પોતાનું મૂળ નામ જતીન્દ્રનાથ બંદ્યોપાધ્યાય બદલીને એણે જતીન્દર ઉપાધ્યાયને નામે સેનામાં દાખલ થવા પ્રયત્ન કર્યો. એ માટે તે વડોદરે આવીને

અરવિંદને મળ્યો. શ્રી અરવિંદે ખાસેરાવ જાદવની મદદથી તેને વડોદરાની લશ્કરી સેનામાં ભરતી કરાવી આપ્યો. અને સાથેસાથે તેને પોતાની યોજના સમજાવી ક્રાંતિકારી પ્રવૃત્તિમાં પણ પ્રવૃત્ત કર્યો.

આમ લશ્કરી તાલીમ લઈ તૈયાર થએલા જતીન્દ્રને એ જ ૧૯૦૨ના વર્ષમાં અરવિંદે બંગાળ મોકલ્યો. એ વિષે 'ગલ્પ ભારતી' માસિકમાંનો શ્રી અવિનાશ ભટ્ટાચાર્યનો 'અરવિંદ' શીર્ષક લેખ જોવા જેવો છે. એમાં બંગાળની ક્રાંતિકારી પ્રવૃત્તિની આદિ હકીકતોની ઝાંખી આપી છે. આ ભટ્ટાચાર્ય, અરવિંદના ગુપ્ત મંડળના સભ્ય ને નિકટવર્તી સાથી હતા.

એ જ ૧૯૦૨ના ક્રાન્તિકારી વર્ષમાં બારીન્દ્ર વડોદરે આવ્યો. અરવિંદે બારીન્દ્રને ક્રાંતિની જે દીક્ષા આપી તે વિષે બારીન્દ્ર લખે છે: 'શ્રી અરવિંદે મારા હાથમાં એક નગ્ન તલવાર અને ગીતા આપી, અને પ્રતિજ્ઞા લેવડાવી. તેમના શબ્દો આ હતા: જ્યાં સુધી મારામાં પ્રાણ હશે, અને જ્યાં સુધી ભારત મૈયા ગુલામીની જંજીરમાંથી મુક્ત નહિ થાય ત્યાં સુધી હું ક્રાંતિનું કાર્ય કરતો રહીશ. જો કોઈ પણ વખતે હું આ મંડળની એક પણ ઘટનાનો એક શબ્દ પણ પ્રકટ કરું તો અથવા તો એને કોઈ પણ પ્રકારે નુકસાન કરું તો, એ મારા જીવનને જોખમે હશે.'

ઈ. સ. ૧૯૦૩નો પ્રારંભ થયો. જતીન્દ્રને તો અરવિંદે બંગાળ મોકલ્યો જ હતો, હવે એમણે બારીન્દ્રને પણ મોકલ્યો. કલકત્તાના અપર સર્ક્યુલર રોડ પર જતીન્દ્રના ઘરમાં ક્રાંતિકારી સોસાએટી ચાલતી. પાસેના ખુલ્લા મેદાનમાં સભ્યોને લાઠીદાવ, બૉક્સિંગ, ઘોડેસવારી, સાઇકલસવારી વગેરેની તાલીમ અપાતી. સાંજે વર્ગ ચાલતા જેમાં અર્વાચીન ક્રાંતિના ઇતિહાસોના પાઠ શીખવાતા, મૅઝીની અને ગૅરીબાલ્ડી જેવા સ્વાતંત્ર્યવીરોનાં જીવનચરિત્ર પઢાવાતાં અને આધુનિક લશ્કરી તાલીમના પાઠ જતીન્દ્ર આપતા.

બારીન્દ્રે આવીને પ્રચારકાર્યનું ક્ષેત્ર બદલ્યું. એણે શિક્ષિત સમાજમાં ફરવા માંડ્યું: ધારાશાસ્ત્રીઓ, દાક્તરો, શિક્ષકો આદિ વર્ગમાં ફરી તેમનો સાથ ને સહાનુભૂતિ ખેંચવા માંડ્યાં. તેણે તથા અવિનાશ ભટ્ટાચાર્યે સાથે મળી કલકત્તાના બાગો ને ચોગાનોમાં વિદ્યાર્થીઓનો પણ સંપર્ક સાધવા માંડ્યો. જેમજેમ ભરતી થતી ગઈ તેમતેમ શહેરના જુદાજુદા વિસ્તારોમા નવાંનવાં કેન્દ્રો ઊભાં થતાં ગયાં. જ્યાં વિચારબીજ નંખાયું ત્યાં એકાદ નાની સંસ્થા કે સંઘ ફૂટ્યો જ હોય. અને પછી તો બારીન્દ્રના પ્રચાર-પ્રવાસને પ્રતાપે ક્રાંતિની ચિનગારીઓ બંગાળના જિલ્લાઓમા પણ પહોંચી.

મિદનાપુરનું કેન્દ્ર

એ બધાંમાં મિદનાપુરનું કેન્દ્ર વગદાર હતું. એના સંચાલક શ્રી સતીશચન્દ્ર વસુએ 'અનુશીલન સમિતિ' સ્થાપી. એમને મૂળ તો અરવિંદે જ ત્યાં સત્યેન્દ્રનાથ વસુને ક્રાંતિકારી પ્રવૃત્તિમાં દીક્ષા આપવા માટે મોકલેલા. આ સત્યેન્દ્રનાથ વસુ એ જ પેલો જાણીતો 'સત્યેન' જેણે જેલમાં ક્રાંતિદ્રોહી નરેન્દ્ર ગોસ્વામીને ગોળીએ દીધેલો: એક વખત તો શ્રી અરવિંદ છૂપા વેશમાં ત્યાંના મદનમિત્ર લેઇનના કેન્દ્ર પર પણ ગએલા.

એ મિદનાપુર કેન્દ્રમાં નિશાનબાજીની તાલીમનું એક ગુપ્ત સ્થળ પણ હતું. એક ઊંડું ભોંયરું બનાવી તેમાં તાલીમ અપાતી, જેથી બંદૂક-રિવૉલ્વરના અવાજ બહાર જાય નહિ. ભોંયરાના મધ્ય ભાગમાં કાલિમાતાની મૂર્તિ હતી. અહીં ૧૯૦૨માં શ્રી અરવિંદે હેમચન્દ્ર કાનૂનગો તથા બીજા ચારેકને દીક્ષા આપી હતી. એ જ હેમચન્દ્રને પછી ૧૯૦૬ની આખરે ક્રાંતિકારક પ્રવૃત્તિનો અનુભવ લેવાને, ખાસ કરીને સ્ફોટક શસ્ત્રો બનાવવાનું શીખવા માટે યુરોપ મોકલવામાં આવેલો. અરવિંદની યોજના એવી હતી કે બંગાળને છ વિભાગમાં વહેંચી તેમને એક મધ્યસ્થ તંત્ર નીચે મૂકવા. તેમાં કલકત્તાનું કેન્દ્ર ખુલ્લેઆમ કામ કરતું અને ગુપ્તતા અંગે બેપરવા રહેતું. અરવિંદને તે રુચતું નહિ. તેમનો આગ્રહ હતો કે આરંભમાં ગુપ્તતા જાળવવી જ જોઇએ.

આની સાથેસાથે જ પૈસા ઉઘરાવવાનું કાર્ય પણ ચાલતું. હેમચન્દ્ર મલ્લિક, સુબોધચન્દ્ર મલ્લિક, પ્રમથનાથ મિત્ર, ચિત્તરંજન દાસ, સુરેન્દ્રનાથ હલધર, સુરેન્દ્રનાથ ટાગોર વગેરે ઉપરાંત મૅજિસ્ટ્રેટ જોગેન્દ્રનાથ મુખોપાધ્યાય અને (મુન્સફ) અવિનાશચન્દ્ર ચક્રવર્તી જેવા સરકારી અધિકારીઓ પણ એ ફાળામાં નાણાં આપતા. શ્રી મુખોપાધ્યાયે તો પાછળથી સરકારી નોકરી છોડી પોતાનું સર્વસ્વ રાષ્ટ્રીય કાર્યને અર્પણ કરેલું. શ્રી અરવિંદ પોતે પણ અમુક રકમ આપતા એમ એમણે એમનાં પત્ની શ્રી મૃણાલિનીદેવીને લખેલા એક કાગળ પરથી જણાય છે. એ મદદ સ્વદેશી આંદોલન માટે તેમજ પરદેશ મોકલાએલા માધવરાવને લશ્કરી તાલીમ તેમજ શસ્ત્રાસ્ત્ર મેળવવા માટે અપાએલી. વડોદરાની નોકરી છોડી દીધા પછી શ્રી અરવિંદ આવી મદદ કરી શક્યા નહિ.

સખારામ ગણેશ દેઉસ્કર

બારીન્દ્રને ઇતિહાસના શિક્ષણ દ્વારા ક્રાન્તિનો પ્યાલો પાનાર શ્રી સખારામ ગણેશ દેઉસ્કર બંગાળી ભાષા પર એટલું પ્રભુત્વ ધરાવતા કે બંગાળી પત્ર 'હિતવાદી'ના તે ઉપતંત્રી હતા. એ દ્વારા તેમણે બંગાળી જનતાનું મન જીતી લીધું. બારીન્દ્ર પ્રથમ એમને લોકમાન્ય ટિળકની ભલામણ-ચિઠ્ઠી લઈ મળેલા અને અરવિંદની સશસ્ત્ર ક્રાંતિની યોજના તેમને સમજાવેલી. શ્રી અરવિંદે જ એમને ભારતના આર્થિક શોષણ તથા ગુલામીને લગતું પુસ્તક લખવા જણાવેલું જેને પરિણામે 'દેશેર કથા' લખાઇ. એમા પડકાર ન થઈ શકે એવા આંકડા ને હકીકત છતાં થયાં. પુસ્તક પર સરકારી પ્રતિબંધ આવ્યો. એ પુસ્તકમાં લેખકે સૌ પ્રથમ 'ઇન્ડિપેન્ડેન્સ'નો દેશી પર્યાય 'સ્વરાજ' શબ્દ યોજ્યો. એનો પહેલો વપરાશ શ્રી અરવિંદે કર્યો; અને તે પછી શ્રી અરવિંદના 'વંદે-માતરમ્' પત્ર દ્વારા એ શબ્દ ચલણી બન્યો. દેઉસ્કરના આ પુસ્તકે બંગાળી જુવાનોને ક્રાંતિ પ્રતિ પ્રેરવામાં અસાધારણ ભાગ ભજવેલો.

ભગિની નિવેદિતા

સ્વામી વિવેકાનંદના શિષ્યા ભગિની નિવેદિતા પ્રથમ શ્રી અરવિંદને વડોદરામાં મળ્યાં તે પણ ઇ. સ. ૧૯૦૨માં જ. તેઓ શ્રી અરવિંદને 'કર્મયોગી'ના સંપાદનમાં મદદ પણ કરતાં. તે પછી ભગિની નિવેદિતા ૧૯૦૪માં વડોદરા રાજ્યના મહેમાન તરીકે વડોદરે આવેલાં. શ્રી અરવિંદ પોતાના પુસ્તક 'શ્રી અરવિન્દ ઑન હિમસેલ્ફ ઍન્ડ ઑન ધ મધર'માં લખે છે કે: 'ભગિની નિવેદિતાએ મને આધ્યાત્મિક વિષયો વિષે કે રામકૃષ્ણ અને વિવેકાનંદ વિષે કંઈ કહ્યાનું યાદ નથી. અમે રાજકારણ અને બીજા પ્રશ્નો વિષે વાતચીત કરી... એમણે કહ્યું કે હું શક્તિનો ઉપાસક છું, જેનો અર્થ એ હતો કે હું તેમની માફક ગુપ્ત ક્રાંતિકારી મંડળીનો માણસ હતો. મહારાજાની સાથેની તેમની મુલાકાત વેળા હું હાજર હતો. ભગિની નિવેદિતાએ ગુપ્ત ક્રાંતિ માટે મહારાજાનો સહકાર માગ્યો હતો. પણ સયાજીરાવ આવી ભયંકર બાબતમા ઝટ કૂદી ન પડે એટલા ઉસ્તાદ હતા. તેમણે મને ફરી આ વિષે વાત કરી નહોતી.'

આ રીતે ઇ. સ. ૧૯૦૨થી ૧૯૦૪ દરમ્યાન ક્રાંતિનો પવન ગુજરાતથી બંગાળ અને બંગાળથી ગુજરાત સુધી વાતો થઈ ગયો.

બંગભંગ

તા. ૧૬મી ઑક્ટોબર ૧૯૦૫ને દિવસે (આજથી બરાબર પંચાવન વર્ષ પહેલાં) બંગાળના ભાગલા થયા. આખા દેશમાં એ દિવસ એક પવિત્ર દિન તરીકે પળાયો. સરકારે વિદ્યાર્થીઓને સભા, સરઘસ ને દેખાવોમા જોડાવા પર પ્રતિબંધ મૂક્યો. શ્રી અરવિંદે વડોદરેથી કલકત્તાના સાથીઓને લખ્યું કે: 'આ આપણે માટે મોટી તક છે. સંપૂર્ણતમ



સ્વ. છોટુભાઈ પુરાણી, યુવાન વયે.
ક્રાંતિકારીદળના આ અગ્રીમ સૈનિકે જ ગુજરાતમાં વ્યાયામપ્રવૃત્તિની જાગૃતિ આણેલી.

શક્તિથી ભાગલાવિરોધી આંદોલન ચાલુ રાખો. એમાંથી સંખ્યાબંધ કાર્યકરો મળી આવશે.' સાથે એમણે 'નો કૉમ્પ્રોમાઈઝ' (સમાધાન નહિ) નામની એક પુસ્તિકાપણ મોકલી. કોઈ છાપખાનું એ છાપવા તૈયાર નહિ. આખરે બીબાં ઇત્યાદિ સાધનો ખરીદી ખાનગીમાં એક કુળકર્ણી નામના મરાઠી જુવાન પાસે તેનાં બીબાં ભરાવી, કોઈ છાપખાનામાં રાતોરાત હજારો નકલ છપાવીને વહેંચી. બારીન્દ્ર આ શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીને આપી આવ્યા. તેમણે કહ્યું કે આવું અંગ્રેજી કોઈ હિંદી તો લખી શકે નહિ. પણ એમને જ્યારે જણાયું કે શ્રી અરવિંદે એ લખી છે ત્યારે બોલ્યા: 'બરાબર, એ એક જ લખી શકે એમ છે.'

'યુગાન્તર'

ઈ.સ. ૧૯૦૫ની બનારસના કૉંગ્રેસમાંથી વડોદરા પાછા આવીને શ્રી અરવિંદે ૧૯૦૬ના ફેબ્રુઆરી મહિનામાં વગર પગારે કૉલેજમાંથી રજા લીધી ને બંગાળ ગયા. ત્યાં બારીન્દ્રે અરવિંદને બંગાળીમાં એક પત્ર કાઢવાનું સૂચવ્યું. પરિણામે ઈ. સ. ૧૯૦૬ના માર્ચમાં 'યુગાન્તર' શરૂ થયું. આ પત્ર ખુલ્લેખુલ્લું યુદ્ધ પોકારતું ને 'ગેરિલા' યુદ્ધવ્યૂહને લગતા લેખો પ્રકટ કરતું. વસ્તુતઃ તે ક્રાંતિકારી મંડળનું વાજિંત્ર જ હતું. દર અઠવાડિયે તેની હજારો નકલો ખપતી!

૧૯૦૬ના જૂનમાં બંગાળથી ફરી વડોદરે આવી શ્રી અરવિંદે કૉલેજમાંથી વધુ રજા લીધી ને નર્મદાતીરે કરનાળી, ચાંદોદ વગેરે સ્થળે ફર્યા. અહીં જ એમણે ને એમના સાથીઓએ મહાન તપસ્વી બ્રહ્માનંદ સ્વામીનાં દર્શન કર્યાં હતાં. શ્રી અરવિંદે બ્રહ્માનંદને પ્રણામ કર્યા ત્યારે બ્રહ્માનંદ અરવિંદનાં ચક્ષુમાં મીટ માંડી રહ્યા. શ્રી અરવિંદે કહ્યું કે બ્રહ્માનંદજીનાં નયન અસાધારણ સુંદર હતાં.

સૂરતની ઐતિહાસિક કૉંગ્રેસ

પછી આવી ૧૯૦૭ની સૂરતની ઐતિહાસિક કૉંગ્રેસ. ત્યાં મવાલ અને જહાલ પક્ષ જુદા પડ્યા. પહેલે જ દિવસે તોફાન થયાં. એ કૉંગ્રેસમાં જતા પૂર્વે અરવિંદે પોતાના પત્ર 'વંદેમાતરમ્' દ્વારા દેશજનોને મોટી સંખ્યામાં સૂરત આવવા અનુરોધ કરેલો. એમણે લખેલું: 'આપણે માતાને મંદિર યાત્રિક રૂપે જવાનું છે...યાદ રાખજો કે ઈ. સ. ૧૯૦૭નું આ વર્ષ આપણા ભાવિનું પરિવર્તન લાવનારું વર્ષ નીવડશે. એમ ન માનશો, કે સૂરતનું અધિવેશન બીજાં વર્ષોનાં અધિવેશન જેવું જશે.'

અને કૉંગ્રેસ ભાંગી. રાષ્ટ્રવાદીઓનું જુદું સંમેલન ભરાયું. તેનું પ્રમુખસ્થાન શ્રી અરવિંદે લીધું. એ વિષે એમણે એક પ્રસંગે લખ્યું છે: 'જે પ્રસંગો નિર્ણયાત્મક હોય છે તેની નોંધ ઇતિહાસ ભાગ્યે જ લે છે. કેમકે એ નિર્ણયો પડદા પાછળ લેવાએલા હોય છે. ઇતિહાસ તો પડદા આગળ બતાવાએલા ખેલની નોંધ લે છે. ઘણા ઓછા જાણે છે કે કૉંગ્રેસ જેને પરિણામે તૂટી તેનો હુકમ (ટિળકને પૂછ્યા વિના) મેં જ આપ્યો હતો, અને હું જ નવા મવાલવાદીઓના સમેલનમાં જોડાવાની ના કહેવા માટે જવાબદાર હતો...ખુદ બંગાળમાં પણ ત્યાંની પ્રવૃત્તિને આગળભૂકતી કરવામાં, અથવા તો ત્યાં ક્રાંતિવાદી આંદોલન સ્થાપવામાં મારું કામ ઘણું ઓછું જાણીતું છે.'

આમ ૧૯૦૭ સુધીમાં અરવિંદ ભારતવ્યાપી નેતા થઈ ચૂક્યા. એમના 'વંદેમાતરમ્' પત્રે દેશમાં ધૂમ મચાવી મૂકી. સૂરત કૉંગ્રેસે મવાલવાદનો ખાતમો કર્યો અને ઉદ્દામવાદના જન્મનો પુરસ્કાર કર્યો. આ બધા પાછળ ક્રાંતિકાર, ભાવિના પૂર્ણ યોગના પ્રણેતા શ્રી અરવિંદ જ ચાલક બળ હતા: ભવ્ય, તેજસ્વી અને દેશભક્તિના પ્રતીક સમા. એમણે પોતે લખ્યું છે કે 'સૂરત કૉંગ્રેસ તૂટી એ ઈશ્વરની ઇચ્છા હતી.'

ને અહીંથી જ—સૂરતથી જ, શ્રી અરવિંદને ઊંડા આધ્યાત્મિક જીવનની ઝંખના જાગી. ૧૯૦૪થી શરૂ કરેલી યોગની ઉપાસના નિયમિત નહોતી ચાલતી. પણ સૂરતમાં બારીન્દ્રના ગુરુ સાકરિયા સ્વામીને એઓ મળ્યા; તે પછી ૧૯૦૭ના ડિસેમ્બરમાં વડોદરામાં પેલા બીજા યોગી વિષ્ણુ ભાસ્કર લેલે મળ્યા. જો અરવિંદ રાજદ્વારી પ્રવૃત્તિ લગી દે તો જ આધ્યાત્મિક સહાયતા આપવાનું લેલેજીએ કહ્યું. શ્રી અરવિંદ સંમત તો થયા, પણ પૂરેપૂરું રાજકારણ છોડવા માટે તૈયારી ન બતાવી. પછી બંને જણ એકાંતમાં ત્રણ દિવસ સાથે રહ્યા. ત્યાંથી અરવિંદના પૂર્ણ યોગના શ્રીગણેશ શરૂ થયા.

સૂરત કોંગ્રેસમાં સાકરિયા સ્વામી આવ્યા તો ખરા (એમનો રાજકારણનો રસ છેક સુકાઈ નહોતો ગયો), પણ ૧૮૫૭ની ક્રાંતિના એ યોદ્ધાથી સૂરતની કોંગ્રેસનું ભંગાણ ન જોવાયું. એમને એનો આંચકો લાગ્યો—એવો ભયંકર આંચકો લાગ્યો, કે વર્ષો પર એમને જે હડકાયું કૂતરું કરડ્યું હતું અને જેનું ઝેર એમણે યોગવિદ્યાથી નિષ્ક્રિય કરી મૂક્યું હતું તે ઉગ્ર બન્યું અને એણે એમના પ્રાણ હર્યા!

સૂરત કૉંગ્રેસની ફલશ્રુતિ ઘણી હતી, પણ મુખ્ય એક હતી. ગતાનુગતિક વાચકોએ એ કૉંગ્રેસને બદનામ કરી છે; પણ ઇતિહાસકાર યદુનાથ સરકારે જણાવ્યું છે કે સૂરતની કૉંગ્રેસ ખરેખર ઐતિહાસિક હતી. એમનો મત હતો કે ૧૮૮૫માં સ્થપાએલી કોંગ્રેસ પર ૧૯૦૭ સુધી બુદ્ધિવાદી બૂઝર્વાઓનું જે પ્રાબલ્ય રહેતું હતું તે ત્યારે ખતમ થયું અને તેનું સુકાન મધ્યમવર્ગી શિક્ષિતોના હાથમાં આવ્યું. બંધારણવાદીઓનો કાબૂ ગયો ને બલિદાનવાદીઓએ વર્ચસ્વ જમાવ્યું.

વડોદરામાં હતા ત્યારે અરવિંદ ગુજરાતના સંખ્યાબંધ ક્રાંતિવાદીઓનું પ્રેરણાસ્થાન હતા. એમાંના એક શ્રી છોટુભાઇ બાલકૃષ્ણ પુરાણી. મોટે ભાગે બારીન્દ્ર એમને બધી યોજના સમજાવતા. બૉમ્બ બનાવવાનો કીમિયો પણ બારીન્દ્રે જ એમને બતાવેલો. પણ જ્યારે બારીન્દ્રે છોટુભાઈને ક્રાંતિ અંગેના શપથ લેવા કહ્યું ત્યારે છોટુભાઇએ કહેલું કે 'હું ગુજરાતની રીતે કામ કરવા માગું છું. હિંસાત્મક પદ્ધતિએ જ ક્રાંતિ કરવાની અત્યારે હું ખાતરી આપવા માગતો નથી. પરતુ દેશનું કામ કરે એવા ઓછામાં ઓછા દસ માણસો તૈયાર કરીશ, એટલું વચન તો હું અવશ્ય આપું છું.'

અને આ વચનાનુસાર એમણે દસ નહિ પણ દસથી દસગણા મરજીવા ઊભા કર્યા હશે. એ માટે જ એમણે ગુજરાતમાં જે વ્યાયામપ્રવૃત્તિ શરૂ કરેલી તેને લગતી વિગતો આપણે હવે પછી જોઇશું. (ચાલુ)

નીલકંઠ નામ સાર્થ કરતી કહાણી ★

નાનાલાલ જોષી

★



બીજે દિવસે સવારે ઑફિસે આવી, કામકાજ માટેની બારી ખોલતાં જ નરેશનો હાથ તેની સ્ટૉપર પર સ્થિર થઈ ગયો. પોતે પણ હતો ત્યાં જ સ્થિર થઈ ગયો ને તેની નજર સામેના મકાનની બારી પર! માથું નીચું નમાવી, વાળ આગળ નાખી દઈ તેને ટુવાલ વડે ઝટકાવતી નારીનું સામાન્ય દશ્ય હતું ત્યાં. પણ એ વળેલી પીઠની કમનીયતા જ કંઈક ઓર હતી. ને જ્યારે તે મસ્તકની એક મોહક છટા સાથે વાળનો જથ્થો પાછળ નાખી, ટુવાલ બારી-એ લટકાવી, આગળના વાળને પોતાની બે હથેળી વડે લમણાં પાસેથી દબાવતાં દબાવતાં પાછળની કેશરાશિને ગોળ ગોળ વાળવા લાગી ત્યારે તો નરેશે રોમાંચ અનુભવ્યો. સદ્ય-સ્નાતા એ નારીને ચહેરે શાંત પરિતોષ છલકાતો હતો; ને હાથ ને મસ્તકની ગતિમાં એ સહજતાથી સરકતો હતો.

નરેશ જોઈ રહ્યો: ઘેરું બ્લાઉઝ, હલકા લીંબુ રંગની ઝીણી સાડી, શિયાળાની સવારના કૂણા તડકામાં નીખરી ઊઠતું સૌંદર્ય!...લીલી વનરાજિમાં જ જોવા મળે એવું પંખી રણ-વગડે દેખાતાં કોઇ પંખીપ્રેમી અચંબામાં પડે એવું જ કંઈક નરેશને થયું. આ પ્રદેશમાં આવી આશા તેણે નહોતી રાખી. તેનું મન મલકી ઊઠયું. તેને થયું, શુકન તો સારાં થયાં. તેના ચહેરે અનાયાસ સ્મિત રમી રહ્યું.

નહિ તો અહીં થએલી પોતાની બદલી તેને ગમી નહોતી. શહેરને છોડી અહીં એકાકી આરોગ્યધામની નાની પોસ્ટ ઑફિસમાં આવવાનું ન ગમે તે સ્વાભાવિક પણ હતું. ઉપરાંત, નિરાશાના ઉપરાછાપરી પ્રસંગોએ તેની મનોદશા જ એવી કરી નાખી હતી કે આ નજીવી વાતમાંથી પણ તેણે તારવ્યું કે જીવનમાં હવે કશું આનંદ જેવું રહ્યું નથી. વર્ષો પહેલાં કૉલેજમાં જ તેણે પોતાનું જૂનવાણી નામ નીલકંઠ બદલીને જ્યારે નરેશ રાખ્યું ત્યારે તેને હૈયે ઘણા કોડ હતા. કાવ્યો પણ તે લખતો ને સારા કવિ થવાની આશા પણ સેવતો. પણ તે બંને ટકેલાં નહિ. આર્થિક સ્થિતિ વચ્ચે આવી, ને તે ભણી ન શક્યો. સંજોગવશાત્ જલ્દી પરણવું પડ્યું ને પછી કુટુંબની વધતી જતી સંખ્યાને લઇને તેને નોકરી પણ તરત સ્વીકારવી પડી. પોસ્ટ ઑફિસની નોકરી જ એવી કે વારંવાર બદલી થાય: પણ આ વખતની બદલી જરા વધુ ઉતાવળી હતી, ને એવે સ્થાને હતી જ્યાં જવા કોઈ તૈયાર ન થાય. ને ઘણું કર્યાં છતાં કોઈ ફેરફારની શક્યતા ન જણાતાં આખરે પોતાના નશીબને દોષ દેતાંદેતાં તેણે પોતાની ફરજ સંભાળી લીધી. કંઇ નહિ તો હમેશાં નબળાં રહેતાં પોતાનાં બાળકો તો સૂકી હવાનો લાભ મેળવી શકશે જ: ઉપરાંત, શહેરમાં રહી પડોશીઓ સાથે રોજ ઝગડા કરતી પત્નીનો કંટાળો પણ કંઇક અંશે ઓછો થશે–નરેશે મન મનાવ્યું.

ચાર્જ સંભાળ્યા પછી પહેલો દિવસ તો નવી જગ્યાની વ્યવસ્થા કરવામાં જ ગયો. ને બીજે દિવસે સવારે બારી ખોલતાં જ તેને થયું કે અહીંની હવા ભલે સૂકી હોય, પ્રદેશ પોતે તો સૂકો નથી જ!

ને પછી તો પોતે પોસ્ટ માસ્તર હોવાથી વધુ હકીકત જાણવાનું અશક્ય ન રહ્યું; ને બાકીનું આરોગ્યધામના કૉમ્પાઉન્ડરને પૂછીને જાણી લીધું. આરોગ્યધામના એ મકાનમાં કાશ્મીરી પંડિત રહેતા હતા. તબિયત આમ બરાબર હતી,–માત્ર હવાફેર માટે જ આવેલા. નામ હતું શ્રીજાદવ; ને કુટુંબમાં હતાં બે જણ: પતિ અને પત્ની.

આમ છતાં એક દિવસ દૂરથી ચાલી જતી ખાસ્સી મોટી ઉંમરની એક વ્યક્તિ તરફ નરેશનું ધ્યાન દોરતાં પેલા કૉમ્પાઉન્ડરે જ્યારે કહ્યું કે એ જ શ્રીજાદવ, ત્યારે નરેશ પળભર એ માની શક્યો નહિ. અગાઉથી જ એને ખબર ન હોત કે એ ઘરમાં પતિ-પત્ની રહે છે તો તો તે જરૂર પૂછી બેસત કે એ ઘરમાં દેખાતી પેલી સ્ત્રી ત્યારે એમની શું થાય? ઉંમર વચ્ચે ફરક જ એટલો વધુ પડતો હતો.

વધુ વિગત જાણવા નરેશનું મન ઉત્સુક તો હતું જ, ત્યાં એક દિવસ...

'અરે સાંભળ્યું, આ લોકોને તો લાજ જ નથી.'

રજા હતી ને નરેશ વરંડામાં બેસીને એક પુસ્તક વાંચી રહ્યો હતો. ત્યાં પત્નીનો આ લ્હેકાભર્યો અવાજ સાંભળી પ્રશ્ન કર્યાં વગર માત્ર ઉત્સુક નજરે તે તેની સામે જોઇ રહ્યો.

ને પ્રશ્નની ખાસ અપેક્ષા વગર જ નિર્મળા પણ તેની બાજુમાં આવી નીચે બેઠી ને સૌથી નાના બાળકને ધવડાવવા માટે પાસે ખેંચી ખોળામાં લીધો. ને એ રીતે વચ્ચે અંતરાય વગર વાત કરવાની નિરાંત લેતાં બોલી, 'ખરેખર એ લોકોને કાંઇ શરમ જ નથી,' નિર્મળાએ પુનરુક્તિ કરીને આગળ ચલાવ્યું: 'આજે પહેલી જ વાર ગઈ ને વાત છોકરાંની નીકળી. હું યે મૂઈ કેવી કે પૂછી બેઠી કે એને છોકરાં નથી તે ઓછુંઓછું નથી લાગતું! મને હવે શી ખબર કે તેનો ભાયડો અમારી બૈરાની વાતુંમાં ટપકી પડશે!...નહિ તો હું થોડી જ કંઇ બોલત?'

વાત પેલા કાશ્મીરી પડોશીની જ છે એ નરેશ સમજી ગયો. એકબે દિવસથી નિર્મળા, તેમની સાથે ઓળખાણ કરવાની ખટપટમાં હતી તે એ જાણતો હતો. વાત પૂરી જાણવાને ઇરાદે એ ચૂપ રહ્યો.

'એ તો વચ્ચે આવીને કહે કે બાળકોની વાત તો એવી છે ને વહુ, કે બાળકો હોય તો પછી આ રસિકા મારા પર હમણાં જેવું ધ્યાન થોડું જ રાખે? આપણા તો પછી ભાવ જ ન પુછાય. એટલે આપણે તો–અલબત્ત, એની સંમતિથી સ્તો–હમણાં તો માંડી વાળ્યું છે.' નિર્મળા એકી-શ્વાસે બોલી ગઇ. ને પછી ઉમેર્યું, '...ને પછી કંઇ હસે છે કંઈ હસે છે!'

'ને વાલામૂઈ રસિકાને પણ કંઇ શરમ છે! એ પણ મરકતી હતી!' નિર્મળાના અવાજમાં ગુસ્સો ને મજાક બંને ભળેલાં હતાં. 'એક તો આ નામ દઇને બાઈડીને બોલાવવી એ જ કેવું નફ્ફટ, ને એમાં આવું હસવું, ને તે પણ આવી વાતમાં! હું તો એવી ભોંઠી પડી ગઇ! ઝટ બાલુડાને તેડીને ભાગી આવી!' નિર્મળાએ પોતાની દાસ્તાન પૂરી કરી.

(ઑક્ટોબર ૧૯૬૦) ૪૦૪

જોકે તેનું આશ્ચર્ય હજી આંગળીના પ્રતીક રૂપે તેના હોઠ પર બેઠું જ હતું.

તેનો ઇરાદો તો વાત જમાવવાનો હતો, પણ નરેશે માત્ર આશ્ચર્ય બતાવીને જ પતાવ્યું; બહુ વાત ન કરી. તો યે નિર્મળા કેટલી યે વાર કંઇ ને કંઇ બબડતી રહી નરેશની એ કુટુંબની એ પહેલી ઓળખાણ.

પછી એક વાર શ્રીજાદવ પોતે એક રજિસ્ટર કરવા તેની પાસે આવ્યા, ને થોડી વાતો કરી. નરેશને લાગ્યું કે ઉમરના પ્રમાણમાં માણસ છે તો મળતાવડા. શ્રીજાદવે તો વળી ક્યારેક પોતાને ત્યાં નીકળી આવવા તેને આગ્રહ પણ કર્યો.

કુંઇક એ આમંત્રણને માન આપવા ને કંઇક પ્રત્યક્ષ બધું જોવાનું કુતુહલ સંતોષવા બે'ક દિવસ બાદ નરેશ તેમને ત્યાં જઈ ચડયો. રસિકા ત્યારે શ્રીજાદવને માથે બામ ઘસતી બેઠી હતી.

'આવો આવો નરેશકુમાર, બેસો.' શ્રીજાદવ તેને જોતાં જ બોલી ઊઠયા; ને નરેશને ખચકાતો જોઈ ઉમેર્યું, 'આવો આવો, એમ શરમાઇને રસિકા જે કરી રહી છે તેનું અદકેરું મૂલ્ય ન આંકો. પચ્ચીસ વાર કહ્યું છે ત્યારે માથે હાથ લગાડયો છે, નરેશકુમાર. સમજું છું: વૃદ્ધ માણસને માથે હાથ દેવો કોને ગમે વારુ?' નરેશ આથી તો વધુ ક્ષોભ પામી ગયો.

'આવો, બેસોને. અમે અમસ્થાં જ નકામી વાતો કરતાં બેઠાં છીએ.' રસિકા સ્વસ્થ અવાજે બોલી.

ને અંતે નરેશ પ્રવેશીને એક ખુરશી જરા દૂર ખેંચી બેઠો ત્યારે રસિકા ફરી ટહુકી ઊઠી, 'અરે શરમાઓ છો શાના? અંદેશો ના રાખો મનમાં. ક્યારેક ક્યારેક મારી સાથે વાતચીત કરશો તો આ તમારા પર કંઇ ગુસ્સે નહિ થાય.' ને હસીને તેણે પોતાના પતિ તરફ જોયું.

શ્રીજાદવ મીઠું હસતા હતા. નરેશ ખરેખર શરમાઈ ગયો. જોકે ગુસ્સે થવા કરતા વસ્તુ તો અદેખાઈ કરવા જેવી વધુ કહેવાય. શ્રીજાદવે આંખમાં ટીખળ લાવી ઉમેર્યું, 'માણસની ઉંમર જેમ વધારે તેમ તેના હક્કની હદ પણ વધારે. કેમ, તમારું શું માનવું છે નરેશકુમાર?'

નરેશ શું બોલે? નિર્મળા પાસેથી સાંભળ્યું તો હતું કે એ બંને જણ વાતોમા-અરે ગમે તેવી વાતો કરતાં જરાય શરમાતાં નથી. પણ પોતે જ એમાં આમ ફસાઈ જશે એ કલ્પના જ નહિ. એ માત્ર હસ્યો.

'અરે, એમ માત્ર હસવાથી થોડું ચાલશે નરેશભાઇ? થોડી વાતો કરો મારી સાથે. નહિ તો પાછળથી એ મને કહેશે: ખેર, રસિકે, અદેખાઈ કરવા જેવું તો મને એનામાં કશું દેખાયું જ નહિ.' રસિકા બોલી.

આ જરા વધુ હળવાશભર્યા શબ્દોથી નરેશ વળી વિશેષ ક્ષોભ પામી ગયો. પણ શ્રીજાદવ આ વેળા તેની મદદે આવ્યા. પૂછ્યું, 'બોલો, કેમ આવવું થયું નરેશકુમાર? અમારા જેવું કંઇ કામકાજ...?'

'ના, અમસ્થો જ. મને થયું બે દિવસથી તમે દેખાયા નથી તો...'

'હા, બે દિવસ હું બહાર નીકળી શકયો નથી. કાશ્મીરનાં લોકગીતો વિષેનું પુસ્તક પૂરું કરવા આવ્યો છું. જલદી પતે તો નિરાત રહે. વળી શરદી પણ જરા અસર કરી ગઇ છે.'

પછી સામાન્ય વાતો થતી રહી. પણ નરેશ વધુ સ્વસ્થતા મેળવે તે પહેલાં તેનો મોટા બાબો દરવાજામાં ડોકાયો ને બા બોલાવે છે એવું કહીને ઊભો રહ્યો. નરેશને થયું કે એમ કહીને જતો રહ્યો હોત તો સારુ હતુ. તે ચાલ્યો જશે એમ માની નરેશે વાતચીત ચાલુ રાખી, પણ તો ય બાબો ઊભો જ રહ્યો. ને નરેશે ફરી તેની તરફ જોયું ત્યારે તે શાંતિથી બોલ્યો 'બાએ સાથે લેતા આવવાનું કહ્યું છે.'

'મને લાગે છે, અદેખાઇ—અસહિષ્ણુતા જરા બીજી તરફ ઢળી ગઈ!' ખડખડ હસી પડતાં શ્રીજાદવ બોલી ઊઠયા.

રસિકા જરા હસી ને નરેશ ઊઠતો હતો ત્યાં જ વચ્ચે બોલી, 'કહેજો, રસિકા ત્યાં હતી જ નહિ—બહાર ગએલી. શાંત થઈ જશે!'

પણ આ વેળા એનો જવાબ નરેશે જરા સારો આપ્યો—એટલે કે વાતાવરણને બંધબેસતો. એ બોલ્યો, 'એવું તો એ પણ નહિ માને. આટલા થોડા સહવાસમાં પણ એટલું તો એ ય સમજી શકી છે કે એવું બને જ નહિ. એક હોય ત્યાં બીજું હોય જ.' ને તેણે સૂચક નજરે શ્રીજાદવ તરફ જોયું ને પછી બારણા તરફ જતાં એ લોકો સામે જોઇને ઉમેર્યુ, '—અમારાથી બરાબર ઊલટું જ!'

—ને તેની પાછળ એ દંપતીનું બહેકી હાસ્ય પડઘા પાડતું રહ્યું.

આ પછી નરેશ એ લોકો સાથે વધુ ભળતો થયો; ને ક્યારેક તો ઑફિસની નવરાશે કાગળ પર કાવ્યની એકબે પંક્તિ પણ ટપકતી થઈ. નરેશ ત્યારે પોતાની ઑફિસની બારીમાંથી સામેની બારી તરફ જોઈ રહેતો. ત્યાં દરેક વખતે કશું દેખાતું જ એવું નહિ; છતાં તેને એ ઝૂકેલી પીઠ, એ કેશરાશિ, એ રાશિને પીઠ પાછળ પ્રસરાવી દેતી મોહક છટા, કોમળ તડકામાં નીખરી ઊઠેલું એ સૌંદર્ય-બધું જાણે તાદૃશ થઈ જતું. કૉલેજકાળનાં સ્વપ્નાની અસ્ફુટ રેખાઓ જાણે નાનીનાની કૂંપળોશી ઇતર તિતર ફૂટફૂટ થતી લાગતી

આમ જ શૂન્યમનસ્ક શો એક વાર એ બેઠો હતો ત્યાં અચાનક નજર એ તરફ ગઈ. સાદી રીતે વીંટાળેલો સફેદ સાળુ છે, છૂટા વાળનો ઢીલો અંબોડો છે, કપાળે મોટો ચાંદલો છે, કમરે ગાગર છે ને હાથે દોરી. જીવનનું અમી ભરવા જતી કો વસુકન્યા શી રસિકા જતી હતી!

નરેશ જોઈ રહ્યો. એને થયું. માત્ર સફેદ અને સાદી રીતે પહેરેલાં વસ્ત્રોમાં પણ કાવ્ય છે. જાણે ગાતને એનું આગવું સૌંદર્ય છે. તે પોતાની આંખ ખસેડી શકયો નહિ. એણે ઇચ્છયું કે પોતે એ કદમો તળે એક એક ફૂલ બિછાવતો જાય—જેથી એ ચાલમાં વધુ કોમળતા આવે, વિશેષ લય આવે, ઓર કમનીયતા ભળે. કૉમ્પાઉન્ડના છેક બીજા ખૂણાના કૂવા લગી નરેશની નજર પગલે પગલે ચાલીને રસિકાને વળાવી આવી. પછી એક ઊંડો નિશ્વાસ ઑફિસમા પથરાઇને ઘૂમરાઈ રહ્યો.

ત્યાં શ્રીજાદવને તેણે ઘરના પગથિયાં ઊતરતા જોયા. નરેશ અવલોકી રહ્યો. શ્રીજાદવ બને કમરે હાથ રાખી ઘરની આજુબાજુ લગરીક ટહેલી રહ્યા. અચાનક એક જગ્યાએ એ અટકયા ને નીચા નમી કશુંક ઉપાડયું. નરેશે જોયું કે એ કાટાની એક જડ હતી. કદાચ પવનથી ઊડી આવી હશે. શ્રીજાદવ જરા બાજુએ જઇને ત્યા નવા વાવેલા ઝાડના પીંજરા પાસે તેને મૂકી આવ્યા ને પછી કૂવા તરફ નજર કરી ઊભા રહ્યા.

...બારી પર ટક્ ટક્ થતા નરેશે જોયું તો બેએક માણસ એકઠા થઈ ગયા હતા. તેમનું કામ પતાવ્યું ત્યા ડૉક્ટર તરફથી માણસ બોલાવવા આવતાં તેને જ ત્યા બેસાડી નરેશ ડૉક્ટરના ઘર તરફ જવા ઊપડયો.

રસ્તો શ્રીજાદવના ઘર પાસેથી જતો હતો. પોતાની ઑફિસેથી નીકળતાં નરેશે જોયું હતું કે રસિકા પાણી ભરીને પાછી આવી ગઇ હતી ને ઘરના પગથિયા ચડતી હતી.

'તમને કંઈ જોઇતુ હતું, નહિ?' નરેશે ઘર પાસેથી પસાર થતાં સાંભળ્યું. અવાજ રસિકાનો હતો. સાથે જ પાણીની ગાગર પાણિયારે ધીરેથી મૂકવાનો ધ્વનિ સંભળાયો. સામેથી કંઈ જવાબ ન આવ્યો. નરેશની ગતિ અનાયાસે ધીમી પડી ગઈ. '—કે કંઈ ઇચ્છા થઈ હતી ખાવાની?...શીરો?' નરેશને થયું કેવો મીઠો અવાજ હતો!

સામેથી જવાબ નહોતો આવતો. પણ નરેશ સમજી ગયો કે દૂરથી જ પતિની હીલચાલ ને મુખભાવો જોઇ એ સાચું કળી ગઈ હતી. ને શ્રીજાદવ અત્યારે મલકતા ઊભા હતા. નરેશ એ દૃશ્ય બરાબર કલ્પી શકયો. ખંચકાઇને એ જરા આગળ વધ્યો ત્યાં શ્રીજાદવનો અવાજ આવ્યો: 'કહે છે, સ્વર્ગમાં તમારી ઇચ્છાઓ આપોઆપ પૂરી થતી.

હોય છે. તમારે બોલવું પડતું નથી.'

'હશે, પરંતુ પૃથ્વી પર તો તમારે થોડી હિલચાલ ને દૂર દેખાતી રસિકા તરફ નજર પણ કરવી પડે છે તો.' અવાજ રસિકાનો હતો. તેની મીઠી લયમાં નરેશને મૃદુ ગમગીની લાગી; કેમ જાણે સ્વર્ગ-ધરતીના આટલા ભેદથી યે તેને દુ:ખ ન લાગતું હોય!

નરેશ નક્કી ન કરી શક્યો કે ચાલવું કે થોભવું. સવાર હતી. આ તરફ બહુ અવરજવર ન હતી. આજુબાજુ કોઈ ન હતું. ઑફિસમાં બેસાડેલા માણસનું ધ્યાન પણ આ તરફ ન હતું. અનિશ્ચિતતામાં જ એ ઘડીભર વધુ ઊભો રહ્યો.

'રસિકા'—વળી શ્રીજાદવનો અવાજ સંભળાયો.

'હં'—નરેશને લાગ્યું કંઈક કરતાંકરતાં જ રસિકાએ જવાબ દીધો.

'વાળ આમ બાંધ્યા એ ઠીક નહિ, નહિ?'

નરેશને ઢીલો અંબોડો પ્રત્યક્ષ થયો. સાથે જ લલાટનો મોટો ચાંદલો ને ગૌર ચહેરો પણ જાણે દેખાયાં—કેમ જાણે રસિકા તેની સામે જ ઊભાં હોય ને શ્રીજાદવની ટીકા તે નરેશની જ હોય, ને તેને સમજવા જાણે સ્થિર નજરે એ એની તરફ ના જોતી હોય!

'એને ખુલ્લા મૂકવા જોઇએ.' ફરી શ્રીજાદવનો અવાજ આવ્યો.

'તમારા સ્વર્ગમા એવું હોય,નહિ?'અવાજ પરથી જ નરેશ લુચ્ચાઈ ને મજાક સમજી શક્યો. ને તેને ખયાલ આવ્યો કે એમ બોલતાંબોલતાં જરૂર રસિકાના હાથ પોતાનો અંબોડો છોડવામાં પ્રવૃત્ત થયા હશે.

'હા, મારા સ્વર્ગમાં એવું જ હોય.'

અવાજની લય પારખતાં નરેશને લાગ્યું કે શ્રીજાદવ તેમની રસિકતા પ્રમાણે અત્યારે રસિકાને નખશીખ જોતાંજોતાં જ એમ બોલ્યા હશે. ને તે દરમ્યાન રસિકાએ વાળ છૂટા કરી પેલી પરિચિત મનમોહક છટા સાથે તેને પીઠ પાછળ પથરાતા ખુલ્લા મૂકી દીધા હશે.

નરેશ આંખો મીંચી ગયો ને તેના પગ ધીરેથી પ્રસ્થાન કરી ગયા.

ત્યાર બાદ નરેશનો તેમની સાથેનો પરિચય વધતો જ રહ્યો. સાંજે ફરવા જવાનું લગભગ રોજ બનવા લાગ્યું. એક વાર આમ ફરતાંફરતાં શ્રીજાદવ બોલ્યા, 'ખરું કહું તો, નરેશકુમાર, રસિકાએ મને હેરાન કરી નાખ્યો છે. હવે આ ઉમરે મને આરામ જોઇએ કે રખડપાટ? બસ, એ તો મને ફાપાડીને જ્યાંત્યાં ફર્યા કરે છે. હું કહું છું, ભૈ, તું એકલી જા. ફર તારે ફરવું હોય તો; પણ એમ નથી કરતી.'

'ખરી વાત ત્યારે બીજી જ છે, નરેશભાઈ.' રસિકાએ નરેશની બાજુમાં ચાલતાં કહ્યું, ને ઉમેર્યું, 'મને તો ઘર સિવાય કશું ગમતું જ નથી. ને આમ અમારા ઘરની આજુબાજુ જ બાગબગીચા એવાએવા છે કે બહાર જવાનું મને તો મન જ ન થાય. પણ એમને દેશ-પરદેશ જોવાનો ઘણો શોખ. પણ એકલા જાય તો તબિયત બગાડી બેસે. કંઈ જોવાનું હોય તો તેમને ખાવાનું યે ભાન ન રહે. લખવાનું કરે તો લખ્યે જ જાય!—આ બધાંનું ધ્યાન રાખવા મારે સાથે આવવું જ પડે છે.'

'અરે, વાહ! તું તો એવી રીતે બોલે છે કે કેમ જાણે તને પહાડો, મેદાન ને નદીઓ જોવામાં આનંદ જ ન આવતો હોય, ને ઘર જ સાંભરતું હોય!' શ્રીજાદવે પંડિતે આરોપ કર્યો.

ને પછી બંને એકબીજા પર મીઠા આરોપ કરવામાં ઊતરી પડ્યાં. નરેશ તે સાંભળતો હતો, પણ તેનું મન ક્યાંયે ઊડતું હતું! તેને થતું હતું, જીવનનો સાચો આનંદ, તો પછી શું છે?—આ બંને બાળકો છે કે યુવાનો? વૃદ્ધત્વ ક્યાં દેખાય છે? તેને થયું, આ સૂકા ભૂખરા ટેકરાઓ પરથી જેમ આ જીવંત તરલતા, જીવવાનો આનંદ પસાર થઈ જાય છે તેમ પોતાના રસહીન જીવન પરથી વર્તમાનની જીવંતતા પસાર થતી જાય છે. પોતે માત્ર પથ્થર છે: માત્ર પથ્થર.

'કેમ, ક્યાં ખોવાઈ ગયા પાછા, નરેશકુમાર?' શ્રીજાદવ હસીને બોલ્યા. તેમની સાથે ફરતાં નરેશ જ્યારે આમ ક્યારેક પોતાના ખયાલોમાં ખોવાઈ જતો ત્યારે એ આવી ટકોર કરીને તેને જલદીથી પાછો ખેંચી લેતા. હાથની લાકડી વતી નાના પથ્થરને ખસેડતાં વળી શ્રીજાદવે મજાકથી કહ્યું, 'રસિકા જેવી નારી સાથે હોય પછી નજર જમીનમાં ખોડીને શું ચાલો છો?'

નરેશને જવાબ વાળવાનું મન તો થયું કે એ છે એટલે જ તો હું આમ ખોવાતો જાઉં છું! એ છે તેથી જ તો હું અર્ધપારદર્શક એવી મારી મનોમય સૃષ્ટિના ઊંડાણે ઊતરતો જાઉં છું. પણ એ બોલ્યો કંઈ નહિ. માત્ર હસ્યો, ને મનમાં સ્ફુરતી કાવ્યપંક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

'તેં આજે થોડી ભૂલ કરી છે, રસિકા.' શ્રીજાદવ થોડી વારે બોલ્યા: 'આજના આ ધોવાએલા વાતાવરણ વચ્ચે તું પેલી નવી ખૂલતા આસમાની રંગની યા પિરોજી સાડી પસંદ કરત તો વધુ સારું લાગત. વાળ પણ સહેજ ખુલ્લા હોત!... કેમ, તને કેમ લાગે છે?' બોલતાં પંડિતશ્રીની નજર ક્ષિતિજમાં ખૂલતા જતા સાગરની પ્રતિચ્છવિ જેવા આસમાની વિસ્તાર પર મંડાઈ રહી, ને પછી ચાલતાંચાલતાં જ સાહજિકતાથી નરેશને પૂછ્યું, 'તમારો શો અભિપ્રાય છે નરેશકુમાર?'

નરેશે જોયું કે જવાબની અપેક્ષા ન હતી. તે મૂગો રહ્યો. એને ખયાલ આવ્યો કે એણે પોતાની પત્ની સાથે આવી વાત કદી કરી નહોતી.

પેલાં બંનેનું નરેશ તરફ ધ્યાન ન હતું. એ પોતાની વાતોમાં મશગૂલ હતાં. રસિકા પંડિતશ્રીને જવાબ આપતી હતી, '...મને એમ કે પાછાં વાદળ કદાચ ચડી આવશે. માવઠા જેવું તો છે જ.'—એના અવાજમાં જરા દુ:ખની છાયા હતી. પોતાના પતિની અપેક્ષા પૂરી કરવામાં જાણે કંઇક ઊણપ ન આવી ગઈ હોય એનું ભાન તેના સ્વરમાં હતું.

નરેશ સ્તબ્ધ બની ગયો. હળવી મજાકો આ બંને વચ્ચે તેણે ઘણી સાંભળી હતી. પણ એ તો ઘણી વાર ઉપરછલ્લું પણ હોય છે એ તે જાણતો હતો. આ પહેલી જ વાર, કેવા સૂક્ષ્મ પ્રકારના પ્રવાહો એકબીજા પ્રતિ વહે છે તે જોઇ જીવનના ખરા આનંદનાં ઝરણ જાણે તેણે ઓળખ્યાં.

'નહિ રે, આમે ય સુંદર જ લાગે છે તું. મને તો આ વાતાવરણનું નાહેલું રૂપ જોઈ આ ખયાલ સહજ આવી ગયો ના, તેથી જ જરા...'

નરેશને શંકા ગઈ કે તે ખરેખર ભૂતળ પર ચાલે છે કે કેમ. એને વિમાસણ થઇ પડી: આ બધું શાને આભારી છે? એ બંને વચ્ચેના પ્રેમને? પ્રેમના જ આંતરપ્રવાહના આધાર જેવાં સમજ ને સહાનુભૂતિને? કે એવા કોઈ પણ હેતુવિહીન નિર્મળ નિર્વ્યાજ સ્નેહને?

'કેવો સુંદર વિસ્તારભર્યો પ્રદેશ છે! કેટલું સારું થયું કે આપણે અહીં આવ્યાં?' પતિનું વાતાવરણનું આછું રસદર્શન સાંભળી, બીજી ચિંતા છોડી દઇ તે એ પ્રદેશમાં ઊતરી ગઈ છે, રત બની ગઈ છે એ સ્પષ્ટ સમજાઇ જતું હતું. નરેશથી આ ઊંડી ભાવસમાધિ અછતી ન રહી.

તે દિવસની વાતો ને પ્રસંગો નરેશના મનમાં જળવાઇ રહ્યાં.

ફરી એક વાર એક એક્સપ્રેસ પત્ર શ્રીજાદવને આપવા જતાં ઘરની અંદર થતી વાતચીતના અવાજથી નરેશ પરસાળમાં જ ખચકાઇને ઊભો રહ્યો. અવાજ શ્રીજાદવનો પોતાનો હતો: 'તું નાહીને આવે છે ત્યારે ફૂલ શી કોમળ લાગે છે, રસિકા. અડવાની ઇચ્છા પણ થાય અને બને તેટલા દૂર રહેવાની વૃત્તિ પણ જાગે. આ જાંબલી વાયલની સાડીમાં તું જાણે વસંતના કાવ્ય સમી લાગે છે. હું કવિ ન થયો તે માટે ખરે જ મને અફસોસ થાય છે.' નરેશે કલ્પ્યું: રસિકા ઘરમાં છે ત્યાં જ ઊભી રહી ગઈ છે. તેનો ડાબો પગ આગળ છે ને જમણો આછા વળાંકમાં પાછળ ઊપડવાની તૈયારીમાં ઊભો છે! અંગે જાંબલી વાયલની સાડી સુંદર રીતે વીંટાળેલી છે, લલાટે છે શ્યામ ગુલાલનો ચાંદલો...

અચાનક કોઇ આવશે તો ઠીક નહિ લાગે એવું વિચારતાં નરેશે તરત જ દરવાજે ટકોરો માર્યો...   દિવસો પસાર થતા ગયા.

નરેશની મનઃસ્થિતિ નિર્મળાથી બહુ અજાણી ન હતી. તેના વર્તન ને અવાજમાં ફરક પડી ગયો હતો. એક વાર તે કટાક્ષ કરતી બોલી, 'તમને તો આવી વહુ ગમે, નહિ?—સામે બેસીને જે પાન બનાવે ને તમારી સાથે ને તમારા મિત્રો સાથે ઠાઠાઠીઠી કરે.'

ને પછી નરેશને મૂગો જોતાં ઉમેર્યું, 'પેલી... કોણ? હા, તમારી સગલી નીલા આવત તો ખબર પડત. હું યે જોત વળી. જોવા તો જતું હતું એને. બીચારીએ લખ્યું તો ય ન ગયા!'

નરેશ તો ય કશું બોલ્યો નહિ. એક વાર દૂરના એક ગામમાં તેનું વેવિશાળ થયું હતું. પણ તે પાછળથી કંઇક તકરારથી તૂટી ગયું હતું. નિર્મળાને બીજું કશું ન મળે ત્યારે તે આ વાત જરૂર વચ્ચે લાવી દેતી. ને આમ નરેશને ગુસ્સે કરવામાં સફળ થતી.

પણ આજે નરેશ મૂગો જ રહ્યો. માત્ર પુસ્તકમાંથી નજર હટાવી નિર્મળા તરફ એક કરુણ નજરે તે જોઇ રહ્યો. તેને થતું હતું, આને ક્યાં ખબર છે કે સ્ત્રી એટલે શું; ચારુતા, લાવણ્ય ને મોહિની કોને કહેવાય...

પછી કેટલી યે વાર લગી એ પુસ્તકમાં મન પરોવી શક્યો નહિ. તેને એ દૃશ્ય યાદ આવતું હતું જ્યારે એક ચાંદની રાત્રે સાથે ફરવા ગએલા ત્યારે રસિકાએ શ્રીજાદવની ને પોતાની સમક્ષ એક ગીત ગાએલું. મંદમંદ હસતાં નાનાં જાઈનાં ફૂલ શો એ હળવો અવાજ! પહાડીઓને પડછે એ એવો તો હલકી હવા શો લાગતો હતો—જાણે ઢાકાનું મલમલ હવામાં તરતું ન હોય!

શાંતિ હતી વાતાવરણમાં. નરેશનું ચિત્ત એકાગ્ર થતું ચાલ્યું. ગીતની તરજ યાદ આવી. ગીતનો ગુંજારવ જાણે અંદરથી ઊભરાઈ ઊઠ્યો. અંદર જાણે કોઇ ગાઈ રહ્યું હોય, હમણાં જ જાણે એ પૂરા અવાજ સાથે બહાર પડશે એવી આછી દહેશત પણ તેણે અનુભવી. પછી આંખો બંધ કરી ગયો. સ્વર્ગ દૂર છે કે નજીક તેની ચિંતા કે ચર્ચા તેણે કદી નહોતી કરી. પણ અત્યારે તેને લાગ્યું કે સ્વર્ગ તો માનવીના અંતરમાં ઊભરે છે, હાથવેંતમાં જ હોય છે. જાણે અંદરના ગુંજારવ ને અવાજ વચ્ચેના અંતર જેટલું જ અંતર માનવી ને તેની વચ્ચે હોય એવું તેને લાગ્યું.

હવાફેરનો સમય પૂરો થતાં એ કાશ્મીરી દંપતી જવા તૈયાર થયાં. નરેશ તેમને બસના સ્ટૅન્ડ લગી મૂકવા ગયો. સામાન અંગે વ્યવસ્થા કરતાં આગળ નીકળી ગએલા શ્રીજાદવ લગરિક ત્યાં ઊભા રહ્યા, ને પાછળ ધીરેધીરે આવતાં નરેશ ને રસિકા તેમની નજીક પહોંચ્યાં ત્યારે એ બોલ્યા, 'અરે પાન વગર હું તો હેરાન થઈ ગયો. ને તું યે બસ ભૂલી જ ગઇ!' ને રસિકાના હાથમાંથી થેલી લઇ લેવા હાથ લંબાવ્યો.

આશ્ચર્ય ને દુઃખ સાથે પોતાના બીડેલા હોઠ પર હાથની ચારે આંગળીઓ દાબતાં રસિકા બોલી, 'અરે ઓ!–મને ખયાલ જ ન રહ્યો, ખરેખર.' ને તરત જ પાસે આવેલા મોટા પથ્થર પર બેસીને પાનની પેટી થેલીમાંથી કાઢી રહી.

'જોયું ને નરેશકુમાર,' પંડિતશ્રી હવે નરેશ તરફ ફર્યા, ને બસ તો હજી દેખાતી નથી તે જોઈ લઈ બોલ્યા, 'મારું જરા પણ ધ્યાન રાખે છે? ઘેરથી નીકળ્યો ત્યારે જ મેં પાન માટે બૂમ પાડેલી, પણ કોણ સાંભળે છે?... નીકળ્યો તો ખરો, પણ પછી પાન વિના મજા ન આવી. મને થયું હમણાં તેને યાદ આવશે. પણ ના, એ તો તમારી સાથે વાત કરવામાં જ બસ મશગૂલ!' ને એમની ટેવ પ્રમાણે મર્મમાં બોલ્યા, 'કહું છું, આ કરતાં તો પેલા મોરબીના મોહન મા'રાજની બેટી મળી હોત! નામ પણ કેવું હતું: સીતા! કેવું શુભ નામ! એના નામે જ આ રામ તરી ગયો હોત. પણ એવા રામ બનવાનાં પુણ્ય જોઇએ ના?... અજબ વિધિ કા ખેલ, બીજું શું?'

નરેશનું મોં અચાનકનું ફિક્કું પડી ગયું. પણ શ્રીજાદવ તો પોતાની હળવી મજાકોમાં મસ્ત હતા. એ ક્યાં જાણતા હતા કે નિર્મળાનું મૂળ નામ સીતા હતું, ને તે મોરબીના મોહન મા'રાજની દીકરી હતી! નરેશને ખયાલ હતો કે નિર્મળાની ઉંમર થતાં તેને માટે અકળાઇને તેના બાપે એક વાર એક ફરતા રહેતા પરદેશી બ્રાહ્મણ સાથે વાત ચલાવેલી ખરી.

'જોયું ને નરેશભાઇ! એક તો એમના આ વ્યસનોની પંચાત: તેમાં વળી આવાં ટોણાં સાંભળવાં! કહું છું, મારું પહેલું વેવિશાળ પાકું બની શક્યું હોત! પણ પેલાએ ના પાડી. લખ્યું તો ય મળવા સરખો યે ન આવ્યો! ને પછી મારા બાપુજીએ છેવટે આ કાશ્મીરી બ્રાહ્મણને શોધી કાઢ્યા. ને મારે છેક કાશ્મીરનાં ઝાડ જોવાં પડ્યાં!'

'કોણ હતો પેલો કમનસીબ?' નરેશે સ્વસ્થતા જાળવીને પૂછ્યું. તેનું ધ્યાન રસિકાની લીંબુ રંગની વાયલની સાડીના ઊડતા છેડા પર કેન્દ્રિત થતું હતું ને પેલું બારીનું પ્રથમ દર્શન તાદૃશ થતું હતું.

'એ બડભાગીનું નામ જાણવું છે નરેશકુમાર?' પંડિતશ્રી એમની આગવી લહેજતથી બોલ્યા: '—નીલકંઠ! પણ રીતરિવાજમાં કંઇક વાંધો પડ્યો ને પછી તે આને જોવા પણ તૈયાર ન થયો! બચી ગયો બિચારો. ને આ નીલ મારે કંઠે વળગી પડ્યું!'

'મારું નામ પહેલાં નીલા હતું.' રસિકાએ હસીને ફોડ પાડ્યો.

પંડિત દંપતી મુગ્ધપણે હસતું હતું. દૂરથી આવતી બસનો અવાજ પણ આવતો હતો. માત્ર નરેશને ગળે કાચકી બંધાતી હતી...

ગણિતગમ્મત

'કુમાર'ના માર્ચના અંકમાં છેલ્લા પાનામાં ગણિતગમ્મતમાં આપેલી રકમ અને તેનો ૮થી ભાગવાથી આવતો જવાબ ફક્ત તેના શરૂઆતના આંકડા ૮ની જગ્યા ફેરવવાથી જ મળી રહે છે તે ઘણું રસમય છે. આવી રકમ શોધવી બહુ સહેલી તો નથી પણ મેં તેવી બીજી રકમો શોધવાની કોશિશ કરી છે. તે નીચે આપી છે.

૨૧૦, ૫૨૬, ૩૧૫, ૭૮૯, ૪૭૩, ૬૮૪ આ રકમને '૨' વડે ભાગવા માટે શરૂઆતના '૨' છેલ્લે મૂકવાથી નીચે મુજબ જવાબ આવી જશે:

૧૦૫, ૨૬૩, ૧૫૭, ૮૯૪, ૭૩૬, ૮૪૨.   તેવી જ રીતે:

૩, ૧૦૩, ૪૪૮, ૨૭૫, ૮૬૨, ૦૬૮, ૯૬૫, ૫૧૭, ૨૪૧, ૩૭૯ ને '૩'થી ભાગવા માટે શરૂઆતનો ત્રગડો છેલ્લો મૂકવો:

૧, ૦૩૪, ૪૮૨, ૭૫૮, ૬૨૦, ૬૮૯, ૬૫૫, ૧૭૨, ૪૧૩, ૭૯૩ આવે છે.   એવા બીજા નમૂના:

૪૧૦, ૨૫૬÷૪=૧૦૨, ૫૬૪.

૫૧૦, ૨૦૪, ૦૮૧, ૬૩૨, ૬૫૩, ૦૬૧, ૨૨૪, ૪૮૯, ૭૯૫, ૯૧૮, ૩૬૭, ૩૪૬, ૯૩૮, ૭૭૫ ÷ ૫=૧૦૨, ૦૪૦, ૮૧૬, ૩૨૬, ૫૩૦, ૬૧૨, ૨૪૪, ૮૯૭, ૯૫૯, ૧૮૩, ૬૭૩, ૪૬૯, ૩૮૭, ૭૫૫.

૬, ૧૦૧, ૬૯૪, ૯૧૫, ૨૫૪, ૨૩૭, ૨૮૮, ૧૩૫, ૫૯૩, ૨૨૦, ૩૩૮, ૯૮૩, ૦૫૦, ૮૪૭, ૪૫૭, ૬૨૭, ૧૧૮, ૬૪૪, ૦૬૭, ૭૯૬÷૬= ૧, ૦૧૬, ૯૪૯, ૧૫૨, ૫૪૨, ૩૭૨, ૮૮૧, ૩૫૫, ૯૩૨, ૨૦૩, ૩૮૯, ૮૩૦, ૫૦૮, ૪૭૪, ૫૭૬, ૨૭૧, ૧૮૬, ૪૪૦, ૬૭૭, ૯૬૬.

૭, ૧૦૧, ૪૪૯, ૨૭૫, ૩૬૨, ૩૧૮, ૮૪૦, ૫૭૯÷૭=૧, ૦૧૪, ૪૯૨, ૭૫૩, ૬૨૩, ૧૮૮, ૪૦૫, ૭૯૭.

૯૧, ૦૧૧, ૨૩૫, ૯૫૫, ૦૫૬, ૧૭૯, ૭૭૫, ૨૮૦, ૮૯૮, ૮૭૬, ૪૭૪, ૪૯૪, ૩૮૨, ૦૨૨, ૪૭૧÷૯=૧૦, ૧૧૨, ૩૫૯, ૫૫૦, ૫૬૧, ૭૯૭, ૭૫૨, ૮૦૮, ૯૮૮, ૭૬૪, ૦૪૪, ૯૪૩, ૮૨૦, ૨૨૪, ૭૧૯.

૮ થી શરૂ થતી રકમ તો માર્ચના 'કુમાર'ના અંકમાં આપેલી જ છે. ૧ થી શરૂ થતી રકમ બાબત તો કંઇ નવીન જ નથી. —સુરેશ મોદી

ભારતીય કલાના અનન્ય અભ્યાસી કલાકાર

વાસુદેવ સ્માર્ત

"ભારતીય કલાનાં સર્વાંગી અભ્યાસ ને ચિંતનમાં પ્રવૃત્ત બનેલા વિરલ અભ્યાસીઓમાં તેમણે સ્થાન મેળવ્યું છે, અને હવે ભારતીય જનતા તથા વિદ્યાર્થીઓ સમક્ષ એ જીવન-સાધનાનો પરિપાક નિરૂપવાની યોગ્યતા મેળવી છે. આવા નિષ્ઠાસંપન્ન કલાવિદ માટે, તેની સાધનાનું સાતત્ય જળવાય એવો પ્રબંધ રાજ્ય અથવા કોઈ વિદ્યાસંસ્થા કરી શકે, તો તેઓ હજી પણ સવિશેષ કલાસેવા અને કલાસર્જન કરવાની જીવનસ્ફૂર્તિ અને સંકલ્પથી સંભૃત છે.

ભારતીય કળા ઉપર જ એકાગ્રતા સાધીને એમણે મોહેં જો-દરોથી માંડી ભારતનાં સર્વ ગુફામંદિરો, સંગ્રહાલયો, મુઘલ-રાજસ્થાની-પહાડી-ગુજરાતી ચિત્રસંગ્રહો અને તત્સંબંધી પ્રકાશિત ગ્રંથોનું અવગાહન કરીને, ભારતીય કલાનાં સર્વ અંગોની વિવિધતા તથા વિશિષ્ટતાઓનું સંકલન કરતાં બે'ક હજાર આલેખનોનો જે વિપુલ સંગ્રહ તૈયાર કર્યો છે, તે ભારતીય અલંકારો તથા સુશોભનાકૃતિઓનો સંપુટ જો એક ગ્રંથ રૂપે પ્રકાશિત થઈ શકે તો ચિત્રવર્ગો માટે, કારીગરો માટે તથા ઉદ્યોગ-કાર્યો માટે એક મહામૂલું, ભારતવ્યાપી, માર્ગદર્શક શિક્ષણસાધન બની શકે. આ કાર્ય રાજ્ય-પ્રકાશન-સંસ્થા કે યુનિવર્સિટી જેવાની ગ્રંથમાળામાં યશસ્વી બને એવો સર્વથા સંભવ છે. આ એક જ કાર્યથી ભાઈ સ્માર્તે પોતાની





યુગલ · ચિત્રકાર વાસુદેવ સ્માર્ત

શિષ્યવૃત્તિ સાર્થક કરી બતાવી છે.

કલાકારની શક્તિ હોવા સાથે તેમનામાં રહેલા અભિજાત કુલસંસ્કારો, સાહિત્યપ્રેમ, સમાજસેવા આદિની ભાવના અને એક શિક્ષકનો ઉત્સાહ તેમને અનેક ચિત્રસાધકોમાં ઉચ્ચ ગણનાના અધિકારી ઠરાવે છે."

તા. ૨૮મી માર્ચ ૧૯૬૦ના રોજ સૂરતમાં ભાઇ વાસુદેવ સ્માર્તનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂકતાં આ લખનારે ઉપરના શબ્દોમાં નિરૂપેલી ભાઇ વાસુદેવની સંસિદ્ધિને ગુજ... હજુ પિછાની શક્યું નથી, કારણકે તેઓ ... ભાવે એકાંતિક, નિર્માની ને અત્યંત સાદાઇને ચાહનારા વિરલ કલાસાધક છે.

સૂરતના એક સાધારણ સ્થિતિના બ્રાહ્મણ કુટુંબમાં ૧૯૨૫ના જુલાઇમાં એમનો જન્મ થયો હતો. કુટુંબની પરિસ્થિતિ પ્રમાણે વેઠવા પડેલા અનેક પ્રકારના સંઘર્ષો અને આપત્તિઓએ તેમના સ્વભાવમાં એક પ્રકારનું કરુણ માર્દવ ઉપજાવ્યું છે. એમ છતાં કિશોર વયમાં તેમનો કળાનો છંદ છાનો રહ્યો નહોતો. શાળાના ઉત્સવી કાર્યક્રમોમાં હમેશાં તે રંગ અને સુશોભનોથી પોતાનું વ્યક્તિત્વ અને વલણ બતાવી શક્યા હતા. તે પછી તો એમના શિક્ષક લાલસિંહ ઠાકોર અને નિકટના સંબંધી સ્વ. કલાકાર-શિક્ષક ભાનુ સ્માર્તના સમાગમ અને પ્રેરણાથી તેમને જીવનમાર્ગનું દિશાસૂચન મળી ગયું, અને ૧૯૪૩માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી કે તરત મુંબાઈની સર જે. જે. કળાશાળામાં જવાની ઇચ્છા કરી. પણ કુટુંબના સંજોગો વિપરીત હતા. છતાં તેમણે કળાને જીવનધ્યેય તરીકે માની લીધી હતી ને ગમે તે મુસીબત સહન કરીને પણ તે પાર પાડવાનો નિશ્ચય કરી લીધો હતો, એટલે તેમનો દૃઢાગ્રહ જોઈ તેમના પિતાશ્રી બળવંતરાયભાઇએ અંતે સંમતિ આપી. તે પછી મુંબાઇમાં કલા-અભ્યાસનાં પાંચ વર્ષોમાં તેમને ખર્ચની તંગી ઉપરાંત અગવડોની તો પરંપરા વેઠવી પડી; પણ અંતે તેમાં તેમના આત્મવિશ્વાસ અને સતત પરિશ્રમશીલતાનો વિજય થયો. એ દરમ્યાન કેટલી યે વાર શરીર-સ્વાસ્થ્ય કથળ્યું, રહેઠાણો બદલવાં પડ્યાં અને ચિંતાતુર બનેલા વત્સલ પિતાશ્રીએ અભ્યાસ મૂકી દેવાની પણ સલાહ આપી, છતાં અંતરની તમન્નાની જ્યોત એમણે બુઝાવા દીધી નહિ.

ચિત્રશાળામાં તે કલાચાર્ય શ્રી જગન્નાથ અહિવાસીના સંપર્કમાં આવ્યા. વાસુદેવનાં શીલ, ચારિત્ર્ય અને સંકલ્પબળથી તે ખૂબ પ્રભાવિત થયા અને તેમની વચ્ચે ગુરુશિષ્યનો પ્રગાઢ સંબંધ બંધાયો. ત્યારથી આજ પર્યંત તેશ્રી અહિવાસીના નિકટતમ અંતેવાસી બનીને રહ્યા છે અને તેમના અનુભવ તથા કળાનું અમૃતસિંચન પામી તે સવરીતે પ્રતિષ્ઠાસંપન્ન કળાકાર બની શક્યા છે.

મુંબાઇની કળાશાળાની કારકિર્દીમાં તેમણે 'શેષશાયી' અને 'પંદરમી ઑગસ્ટ' નામની બે સુંદર ચિત્રકૃતિઓ કરી હતી, જે પછીથી



ઉપર: 'જલગરિયા'; નીચે: 'કૂવો ઓદતાં' - ચિત્રકાર વાસુદેવ સ્માર્ત

દિલ્હીમાં ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના પ્રદર્શનમાં પ્રશસ્તિ પામીને સોસાએટીના સંગ્રહ માટે ખરીદાઈ ગઈ હતી. ઉપરાંત વખતોવખત તેમને પારિતોષિકો અને પ્રમાણપત્રો તો મળતાં જ રહેલાં. એ ઉપરાંત મુંબાઈમાં તરુણ ગુજરાતી કળાકારોના 'ગુજરાત કળામંડળ'ની પ્રવૃત્તિઓમાં રસ લઈ પાછળથી તેના મંત્રી તરીકે પણ તેમણે સારી સેવા આપેલી.

૧૯૪૮માં મુંબાઈની એ સરકારી ચિત્રશાળા (જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ)નો ડિપ્લોમા (સિદ્ધપ્રમાણ) ઉચ્ચકક્ષાએ મેળવ્યા પછી તેમને ત્યાંના મ્યૂરલ (ભિત્તિચિત્ર) વર્ગમાં એક વર્ષ વધારે રહેવાની ઇચ્છા થઈ. આર્થિક સંજોગો સારા ન હોવા છતાં તેમના પિતાએ પુત્રની અભિલાષા પૂર્ણ કરવા અનુમતિ આપી અને અહિવાસીજી પર આખો પ્રસ્તાવ છોડી દીધો. અહિવાસીજીએ ખાતરી આપી કે 'વાસુદેવ ચિત્રકાર તો થશે જ, પણ હું તેને એક સારો માણસ બનાવવા પ્રયત્ન કરીશ.' અને પોતે આપેલા એ વચનનું પાલન તેમણે આજ સુધીમાં કરી બતાવ્યું છે.

આમ તેમની સાધના એકધારી વધી રહી એવામાં તેમના પિતાશ્રીનું અવસાન થયું, ને એ દુઃખ ઓછું હોય તેમ અઢાર જ દિવસ પછી તેમનાં સ્નેહાળ માતુશ્રી પણ દેવલોક પામ્યાં; એટલે નછૂટકે મુંબાઈ છોડી સૂરતને આંગણે એક માધ્યમિક શાળામાં ચિત્રશિક્ષક બની તેમને ગુજારો કરવાની ફરજ પડી. આમ ઊગતી અવસ્થામાં તેમની તમન્ના પર વાસ્તવિકતાનો પ્રહાર થયો. પણ અહિવાસીજીએ તેમને સ્વજન માની લીધા હતા અને તેમના ગુણોથી મુગ્ધ હતા, એટલે તક મળતાં મુંબાઈની કળાશાળાના પ્રિન્સિપલ અડુરકરને સમજાવી બે વર્ષ માટે ચિત્રશાળામાં ફેલો (મદદનીશ શિક્ષક) તરીકે વાસુદેવની નિમણૂક કરાવી. આથી ભારતીય ચિત્રકળાના વર્ગમાં તેમની સાધના માટે ઉચ્ચ ક્ષેત્ર મળ્યું.

ફેલોશિપની મુદત પૂરી થતાં, માધ્યમિક શાળાના તેમના ગુરુ અને હાલ સૂરતમાં 'જીવનભારતી' શિક્ષણસંસ્થાના આચાર્ય શ્રી ચંદ્રવદન શાહે ઘણા સદ્ભાવથી તેમને એ સંસ્થામાં અપનાવી લીધા. ત્યાં કળાશિક્ષક તરીકે તેમણે યુવાનોમાં તેમજ પ્રજામાં કળાની અભિરુચિ જગાડવામાં રસપૂર્વક મહેનત કરી છે. સૂરતના સાતેક વર્ષના એ સ્થિર ગાળામાં એમણે અનેક ક્ષેત્રોમાં તેમજ સામાજિક જીવનમાં ચિત્રકળા દ્વારા ઘણો ફાળો આપ્યો છે. ૧૯૫૬માં 'ગુજરાતનું ઘેરૈયાનૃત્ય' નામનું તેમનું ચિત્ર દિલ્હીની લલિતકલા અકાદમી તરફથી ખરીદાઇને આજે રાષ્ટ્રીય 'મૉડર્ન આર્ટ ગૅલેરી'માં સ્થાન પામ્યું છે. ઇ. ૧૯૫૪ અને ૧૯૫૭માં તેમણે અહિવાસીજીના સાથમાં અનુક્રમે બાદામી અને સીતાન્નવાસલનાં ગુફાચિત્રોની નકલો ઉતારવામાં ભાગ લીધો હતો. આ કાર્ય લલિતકળા અકાદમી તરફથી શ્રી અહિવાસીને સોંપવામાં આવ્યું હતું.

સૂરતમાં તેમની કલાસાધના વિવિધક્ષેત્રે વિસ્તરતી હતી, સૂરતમાં સ્થપાએલા રાષ્ટ્રીય કલાકેન્દ્રના જૂથમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો, પણ આત્મસંતોષ થાય એવી કક્ષાએ જવાની ઇચ્છા હજી અતૃપ્ત હતી. એવામાં ૧૯૫૮માં એમને મધ્યસ્થ સરકારના સંસ્કારક્ષેત્રની મહાછાત્રવૃત્તિ (દર માસે અઢીસો રૂપિયાની) બે વર્ષ માટે મળી, અને તે માટે તેમણે શ્રી અહિવાસી (જે મુંબાઈથી નિવૃત્ત થઈ બનારસમાં ભારતકલાભવનમાં ચિત્રાચાર્ય થએલા)ની છાયામાં કામ કરવાનું સ્વીકાર્યું.

એ બે વર્ષ શ્રી અહિવાસીજીની દોરવણી નીચે તેમણે શાંતિભર્યા વાતાવરણમાં ભારતીય કળાનો વિવિધ અને વ્યાપક અભ્યાસ કર્યો. ભારતની અનેક ચિત્રશૈલીઓની મૂળ કૃતિઓ તેમજ તત્સંબંધી ગ્રંથોનું અવગાહન કરી દરેકની વિશિષ્ટતા અને વિવિધતાનું સંકલન કર્યું, તેમજ બાઘ ને અજંતાની (મૂળ માપની) સફળ અનુકૃતિઓ કરી.

સાથે સાથે ભારતના પ્રાગૈતિહાસિક કાળથી માંડી મુઘલ અને રાજપૂત યુગ સુધીના ભારતીય રૂપ-અલંકારોની આકૃતિઓનો એક મોટો સંગ્રહ તેમણે કર્યો. આ ૨૦૦૦ જેટલાં





ઉપર: 'દાયરો'; નીચે: 'સાંઢ' · ચિત્રકાર વાસુદેવ સ્માર્ત

ચિત્રોની એક મોટી સંહિતા બનશે. તેનું ગ્રંથરૂપે પ્રકાશન થતાં તે ભારતના ચિત્ર-વિદ્યાર્થીઓને કલાત્મક ધંધાઉદ્યોગ માટે તેમજ ગૃહશણગાર આદિ માટે સૂચનો અને પ્રેરણાનો એક મહાસ્રોત બની રહેશે.

એમની બે વર્ષની છાત્રવૃત્તિ પૂરી થતાં બનારસ વિશ્વવિદ્યાલયમાં તેમણે નિજી કૃતિઓનું એક પ્રદર્શન સાધ્ય કર્યું હતું. તે વખતે શ્રી અધિવાસીએ તેમને માટે કહ્યું હતું કે 'મારી પાસે આવનારા ગણ્યાગાંઠ્યા ભેખધારીઓમાંના શ્રી વાસુદેવ સ્માર્ત એવા એક છે કે જેણે સહજ ખ્યાતિથી દૂર રહી પોતાની કળા-સાધના કરી છે, અને પ્રાચીન ભારતીય પરંપરાના દૃઢ પાયા પર તેને વિકસાવી છે. જેવી તેમની કળાભાવના તેવું જ તેમનું જીવન ઉજ્જ્વળ છે. ભાઈ સ્માર્ત પ્રાચીન કળાગુરુઓના સાચા વંશધર છે.'

બનારસથી આવી હાલ શ્રી વાસુદેવ ફરીવાર સૂરતમાં જ 'જીવનભારતી'નું કળાકેન્દ્ર સંભાળી રહ્યા છે.


રવિશંકર રાવળ





મોહેં-જો-દડોના કાળની કલ્પકતા

ભારતીય કલાલક્ષ્મીનું સૌથી સમૃદ્ધ અંગ કોઈ હોય તો તે કદાચ તેની વિપુલ ભાતરચનાઓનો અખૂટ ભંડાર. ભૌમિતિક ઉપરાંત ફૂલ-વેલ-પત્તી પશુ-પંખી-પ્રાણી, કિન્નર-કીચક ને માનવ આકૃતિઓ સુદ્ધાંની સુરેખ ને સમૃદ્ધ એટલી જ રોચક ને સુરતાભરી એની માંડણી તથા સંયોજનાની જોડ જગતમાં જોડ નથી, તેમ એની સજીવતા ને પ્રવાહિતા પણ બેનમૂન છે. ભારતની પ્રાચીનતમ સિંધવી સંસ્કૃતિના જે અવશેષો મોહેં-જો-દડે [illegible] સાડાચાર હજાર વર્ષ પરની તેની કલ્પકતા મુગ્ધકર છે. (ચયન તથા અનુકૃતિ: વાસુદેવ સ્માર્ત)



સાંચીની રચના-સમૃદ્ધિ

શ્રી વાસુદેવ સ્માર્ત ભારતના મોહેં-જો-દડોના પ્રાગૈતિહાસિક કાળ (ઈ. પૂર્વે ૨૭૦૦ થી ૧૮૦૦)થી માંડીને તે રાજપૂત અને મુઘલ યુગ સુધીના ભારતીય રૂપ-અલંકારોની લગભગ ૨૦૦૦ આકૃતિઓનો મોટો સંગ્રહ કર્યો છે. ભારતનાં સર્વ ગુફામંદિરો, સંગ્રહાલયો, મુઘલ-રાજસ્થાની તથા પહાડી-ગુજરાતી ચિત્રસંગ્રહો અને તત્સંબંધી પ્રકાશિત ગ્રંથોનું અવગાહન કરીને, ભારતીય કલાનાં સર્વ અંગોની વિવિધતા તથા વિશિષ્ટતાઓ દર્શાવતી આકૃતિઓનું કરેલું એ ચયન તથા સંકલન એટલું વિપુલ અને સમૃદ્ધ છે કે એ અલંકારો તથા સુશોભનાકૃતિઓનો સંપુટ એક ગ્રંથ રૂપે જો પ્રકાશિત થઈ શકે તો, ચિત્રવર્ગો, કારીગરો તથા ઉદ્યોગકાર્યો માટે તે એક મહામૂલું ભારતવ્યાપી માર્ગદર્શક શિક્ષણસાધન બની શકે.

સામેના પાના પરના મોહેં-જો-દડો કાળનાં અલંકરણો પછી સાંચી-સ્તૂપની રૂપરચનાઓના આ ચયનમાં મનોરમ લીલાવિસ્તાર જણાશે.

સિત્તન્નવાસલનાં જૈન ગુફામંદિરો

લેખક
વાસુદેવ
સ્માર્ત



૧૯૫૬માં લલિતકલા અકાદમી તરફથી શ્રી અહિવાસીજી સાથે મને તથા ભાઈ દિનેશ શાહને દક્ષિણ ભારતનાં સિત્તન્નવાસલ ગુફામંદિરનાં ભીંતચિત્રોની અનુકૃતિ કરવાની તક મળી હતી. એવા સિદ્ધહસ્ત ગુરુવર્યના સાન્નિધ્યમાં રહી વર્ષોજૂની કલાકૃતિનો ઇતિહાસ અવલોકવાનું, મર્મ જાણવાનું અને અનુકૃતિ કરવાનું મળે એ પરમ સૌભાગ્ય છે. ૧૯૫૪-૫૫માં બદામીની ગુફામાંના ચિત્રોની અનુકૃતિઓ એમની જ દેખરેખ નીચે અમે કરી હતી.

દક્ષિણ ભારતમાં મદ્રાસથી ૩૫૦ માઈલ દૂર અને ત્રિચિનાપલ્લીથી ૩૩ માઈલ પર પુદુકટ્ટાઈ રાજ્યમાં પુદુકટ્ટા શહેરથી ૧૨ માઈલ ઉપર ઘોર પ્રગાઢ જંગલમાં કાળા પથ્થરના વિશાળ પહાડમાં આ નાનકડું ગુફામંદિર આવેલું છે.

અજંતા અને બાઘની ગુફાઓ બૌદ્ધ વિહારના રૂપમાં છે, જ્યારે સિત્તન્નવાસલ દિગમ્બર જૈનમંદિર છે. જોકે એ સમયમાં કલાને કોઈ ધર્મબંધન ન હતાં; ન તો કલા ધર્મમાં આરૂઢ બની હતી; પરંતુ વિશેષ ધર્માનુયાયીઓ દ્વારા એનું નિર્માણ થતું હતું. એટલે આમ તો અજંતા, બાઘ, બાદામી અને સિત્તન્નવાસલની કલાશૈલી એક જ છે. માત્ર ધર્મ-સંપ્રદાયો જુદાજુદા છે.

પલ્લવ રાજા મહેન્દ્રવર્મન પહેલો જ્યારે જૈન સંપ્રદાયી હતો ત્યારે ઈ. ૬૪૦-૬૭૦માં આ ગુફામંદિર બાંધવામાં આવ્યું હતું. (પાછળથી એણે શૈવ સંપ્રદાય સ્વીકાર્યો હતો.) મહેન્દ્રવર્મન શક્તિશાળી સમર્થ રાજવી હોવા ઉપરાંત કલારસિક હતો. એણે પોતે 'દક્ષિણ નમો ચિત્ર' નૃત્ય તથા ચિત્રકલાની પોથી તૈયાર કરી હતી. (અનુસંધાન: પછીને પાને)




↑ ઉત્તર તરફના થાંભલાની ઉપરના ભાગે એક નર્તકીની સુંદર આકૃતિ છે. તેના એક હાથની મુદ્રા 'ગજહસ્ત' અને બીજાની 'અભય' મુદ્રા છે. વાદળોના વૃંદમાં તે નૃત્ય કરી રહી છે-જાણે વીજળી સમી. બીજા એક સ્તંભ પરની અપ્સરા (જુઓ ડાબી બાજુ) 'લતાવક્ષિકા લોલહસ્ત'ની મુદ્રામાં છે. તેના પણ બીજા હાથની મુદ્રા 'અભય' છે. બંને નર્તકીઓના અંગમરોડ, આભૂષણો, કેશકલાપ, મુખમુદ્રા—સર્વ ભારતીય ચિત્રકળાના ઉત્કૃષ્ટ નમૂના છે. નીચે: 'હંસ'-સિત્તન્નવાસલની ભીંત પરનાં મૂળ ચિત્રોનો હૂબહૂ ખયાલ આપતો ફોટોગ્રાફ



આ ગુફામંદિર અન્ય પલ્લવ મંદિરોને મળતું આવે છે. દક્ષિણ ભાગમાં કોતરેલા જૂના તમિળ લેખ પરથી માલૂમ પડે છે કે મંડપનો આગલો ભાગ હાલ જે ઊભણી છે તે પાછળથી પાન્ડ્ય રાજા અવનિપશેખર શ્રીવલ્લભના વખતમાં (ઈ.સ. ૮૧૫) ચણવામાં આવી હતી.

ગુફામંદિરના અંદરના ભાગમાં ચિત્રો અને શિલ્પ છે; તેમજ બહારના ભાગમાં પણ દક્ષિણ તરફ આવેલી ભીંતના ગોખલામાં ધ્યાનમુદ્રામાં સર્પ પર બેઠેલી તીર્થંકર પાર્શ્વનાથની મૂર્તિ છે; અને ઉત્તર તરફની દીવાલમાં એ જ મુદ્રામાં સ્થિત એક જૈન આચાર્યનું શિલ્પ છે.

ગર્ભગૃહની અંદર એવી જ ત્રણ મૂર્તિઓ છે, જેમાંથી બે 'ત્રિછત્રધારી' અને એક 'એક છત્રધારી' છે. એ સર્વે ચક્રવર્તી આચાર્યનો ખયાલ આપે છે. છત પર ધર્મચક્રનું શિલ્પ છે. શિલ્પો ઉપર પણ પ્લાસ્ટર અને રંગકામ કરવામાં આવ્યું હતું.



ઉપર : જૈન સાધુ અને રાજા-રાણી; નીચે : પૂર્ણ વિકસિત કમલો અને કમલપત્રોથી સઘન સુશોભિત સરોવર. એમાં પ્રફુલ્લ કમલો ઉપરાંત વચ્ચે વચ્ચે માછલીઓ, મગરમચ્છ, મહિષ, હાથીઓ તેમજ હંસયુગલો ક્રીડા કરતાં દર્શાવ્યાં છે. એક ખૂણે એક વ્યક્તિ ખભા પર કમળનો ભારો લઇ જતી દર્શાવી છે, જે દિવ્ય પુરુષ છે. જૈન પુરાણોમાં આ સ્વર્ગીય તળાવ કહેવાય છે.





ગર્ભગૃહ અને રંગમંડપની છત પર ગોળાકાર ને ચોરસ આકારના મિશ્રણની ભાતથી સુશોભિત જાજમ ચીતરેલી છે. રંગમંડપની છતમાં પણ એ જ પ્રકારની ભાત ઉપરાંત મધ્ય ભાગમાં પૂર્ણ વિકસિત કમલો ને કમલ-પત્રોથી સઘન સુશોભિત સરોવર ચીતરેલું છે. સરોવરમાં સુંદર વિકસિત કમળો ને એની આસપાસ કમલપત્રો તથા કમલની કળીઓ એના લાંબા દાંડાની રેખાઓથી શોભે છે. દાંડાઓ પર કાળા રંગનાં ટપકાં મૂકી કાંટા બતાવ્યા છે એ એક વિશિષ્ટતા છે. સરોવરમાં વચ્ચેવચ્ચે ચીતરેલી માછલીઓ, મગરમચ્છ, મહિષ, હાથીઓ આદિ જળચર પ્રાણીઓ, ક્રીડા કરતાં હંસ-યુગલો ચિત્રને જીવંત બનાવે છે.


ઉત્તર તરફના થાંભલાની ઉપરના ભાગમાં, ડાબી બાજુએ એક નર્તકીની સુંદર આકૃતિ છે. તેના એક હાથની મુદ્રા ગજહસ્ત અને બીજા હાથની અભય મુદ્રા છે અને વાદળોના વૃંદમાં તે નૃત્ય કરી રહી છે—જાણે વીજળી સમી. આ જ થાંભલાની ઉત્તર બાજુ પર એક મુકુટધારી રાજા અને રાણી તથા એક સાધુનું આલેખન છે. આસપાસ સુંદર શણગારેલાં તોરણ વગેરે છે. આ રાજયુગલ રાજા મહેન્દ્રવર્મન્ અને એની પત્નીનું હોવા સંભવ છે. (જુઓ રેખાંકન)

બીજા એક સ્તંભ પરની અપ્સરા લતાવક્ષિકા લોલહસ્તની મુદ્રામાં છે. તેના પણ બીજા હાથની મુદ્રા 'અભય' છે. આ બન્ને નર્તકીઓના અંગમરોડ, આભૂષણો, કેશકલાપ, મુખમુદ્રા સર્વે ભારતીય ચિત્રકળાના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે.

મંદિર અને રાજ્યાલયમાં નર્તન તો હોય જ. અજંતાના કલા-મંડપોમાં, નર્તકી અનેક વાદ્યોના સાથમાં રાજ્યગૃહમાં તાલબદ્ધ નાચી રહી છે એનું ચિત્ર છે. બાદામીની ગુફામાં પણ રાજસભામાં વાદ્યો સહિત થતું નૃત્ય અટારીઓમાંથી રાજકુમારી નિહાળી રહી છે એવું ચિત્ર છે. બાઘની ગુફામાં દાંડિયા તથા મંજીરાંની સાથમાં થતું હલ્લીસક નૃત્ય આલેખેલું જોયું છે. એમ આ નાનકડા મંદિરમાં પણ પ્રવેશ કરતાં જ ઉત્કૃષ્ટ નર્તકીઓના નૂપુરઝંકાર સંભળાય છે.

આ ભીંતચિત્રો અજંતા અને લંકાના સિગિરિયા (સિંહગિરિ)નાં ચિત્રોનાં સમકાલીન છે અને બંનેની શૈલી પણ એક જ છે, જે પશ્ચિમ-દક્ષિણ ભારતથી તે લંકા સુધીની ચિત્રપરંપરાની સળંગતાનો ખયાલ આપે છે. ચૂનાના પાતળા પ્લાસ્ટર પર તૂજ રંગોમાં લવાએલો રેખાઓનો તરવરાટ એ આ ચિત્રકારોની સિદ્ધિ છે. આ ચિત્રોમાં રેખા પ્રધાનપદે છે. એથી જ કહ્યું છે કે:

रेखां प्रशंसन्त्याचार्या वर्तनां च विचक्षणाः ।
स्त्रियो भूषणमिच्छन्ति वर्णाढ्यमितरे जनाः ॥



બુદ્ધ-ચરણ-મુદ્રા

અંકોર-વાટમાં બારમી સદીમાં કોતરાએલી ભગવાન બુદ્ધના ચરણની આ મુદ્રા સામુદ્રિક શાસ્ત્ર કરતાં પુરાણોક્ત પ્રતીકો ને લક્ષણોનું નિરૂપણ કરે છે. વચ્ચે ધર્મ-ચક્ર અને પાનીના ભાગે સપ્તફણ શેષનું આલેખન છે. (જુઓ પૃ. ૪૨૦ ઉપરનો લેખ 'અંકોર-વાટનાં ભવ્ય-ભગ્ન મંદિરો')

ચાડી ખાતી'તી. જોકે ઇનામમાં કોઈ મોટી વાત નો'તી. પહેલું ઇનામ જરૂર હતું, પણ રકમ હતી રોકડા રૂપિયા બે. પણ મને ઇનામ મળ્યું એ વાત આટલી બધી લંબાવીને કહી છે તે એટલા માટે કે કદાચ તમે જો તે રંગોળી જોઈ હોત તો, પેલા લોકો જેમ તમને પણ મનમાં પ્રશ્ન થાત કે આને શા માટે ઇનામ અપાયું? એનાં બે કારણો હોવાં જોઇએ: એક તો મેં જે ચીતર્યું હતું તે, હું જેને રંગોળી કહું છું, સમજું છું તે જ હતું. તમે એને 'રંગોળી' કહો કે 'સાથિયા' કહો. રાજસ્થાનમાં વપરાતો 'માંડણાં' શબ્દ પણ શ્રી પ્રદ્યુમ્ન તન્નાએ હવે તો તમારા સુધી પહોંચાડી દીધો છે; તેમજ બંગાળી 'અલ્પના' શબ્દથીયે હવે તો આપણે સારી પેઠે માહિતગાર છીએ. પણ એ બધું એક જ છે. ને તે છે આંગણાનો શણગાર. એમ તો કોરું ધાકડ આંગણું પણ વાળીચોળીને ચોખ્ખુંચણક કરી દીધેલું હોય તો સારું તો જરૂર લાગે. પણ એમાં જો કોઈ બરાબરના મોકાની જગ્યાએ એકાદી રંગોળી પાડી હોય તો તે સોનામાં સુગંધ ભળ્યાનું કામ કરી જાય.


પણ આપણે એ વાત ભૂલવી ન જોઇએ કે આંગણામાં, પ્રવેશદ્વાર આગળના ભાગે, ઘરમાં ઓશરીમાં, યા સભામંડપમાં વ્યાસપીઠની આજુબાજુ કે ભોજન વેળા પાટલાની આસપાસ,-કે જ્યાંજ્યાં રંગોળી કરાય છે ત્યાં ત્યાં એની પાછળ હેતુ એ જગ્યાની શોભામાં વૃદ્ધિ કરવાનો જ હોય છે, બલકે હોવો જોઇએ.

એની સરખામણી કરવી હોય તો ચાંદલા સાથે થઈ શકે. મોઢા પર આપણે ગમે ત્યાં ચાંદલો નથી કરતા પણ કપાળ ઉપર જ કરીએ છીએ; ને એમાં પણ નાનો કે મોટો, ગોળ કે ચંદ્રકળા જેવો, ટીલડી ટપકી કે એવા નાનાવિધ આકારો કરવામાં આવે છે કે જેનાથી મોં સારું દેખાય. (એ પણ બીજાં સૌભાગ્યચિહ્ન જેવાં કારણો સાથે રહેલું એક અગત્યનું કારણ છે). ચાંદલામાં કોઈ સરસ્વતીની કે ગાંધીજીની છબી નથી ચીતરતું કે એવી છાપેલી નાની છબી પણ નથી ચોંટાડતું. એમ જ રંગોળીમાં પણ હોવું જરૂરી છે.

ભીંત પર આપણાં સગાંસંબંધીની છબિ (મુખાકૃતિ) લગાડીએ ત્યારે તેની પાછળ તેની યાદ, તેનો અને આપણો સંબંધ એ મુખ્ય રહે છે. પણ જ્યારે તોરણ કે ટોડલિયા બાંધીએ ત્યારે? ચાકળા ટીંગાડીએ ત્યારે? ત્યારે તો માત્ર એ ખાલી જગ્યાને શણગારવી એ જ મુખ્ય ઉદ્દેશ હોય છે, કારણ કે એવા શણગાર વિનાની ભીંત 'અડવી' લાગે છે. અડવી ભીંત, આંગણું, હાથપગ કે મોઢું એ બધું જોતાં આપણે જેવી લાગણીઓ અનુભવીએ છીએ તેના કરતાં એ બધું શણગારાએલું જોઇએ ત્યારે આનંદની


જ્યોતિ ભટ્ટ શીખવે છે

રંગોળી કેમ પાડવી



શહેરના જાણીતા જાહેર ઉદ્યાનમાં દર વર્ષે પેઠે 'ફળ-ફૂલ શાકભાજી-પ્રદર્શન' ભરાયું હતું. આજથી છએક વર્ષ પે'લાંની છે આ વાત. એમાંના જુદાજુદા વિભાગોમાં એક રંગોળી-હરીફાઇ પણ હતી ને એને માટે પે'લા દા'ડાની રાતથી તડામાર તૈયારી થાતી'તી. કેટલા યે લોકોએ એમાં ભાગ લીધેલો. પોતપોતાના ચોકામાં (આપેલી જગ્યામાં) કોઈ જવાહર-ગાંધીજીની છબી આલેખતા'તા, તો કોઈ વળી શકુન્તલા નદીને કાંઠે સૂતીસૂતી કમળપાંદ પર પ્રેમપત્ર લખી રહી હોય એવું દૃશ્ય ચીતરતા'તા; ને આવું બધું ચીતરવા માટે ચા કે બીડીની જાહેરાત માટે મફત વહેંચાતાં કેલેન્ડર અથવા તો 'ધર્મયુગ' જેવાં સામયિકોમાં રજૂ થતી શ્રી દલાલ, મુલગાંવકર કે પંડિત જેવા ચિત્રકારોની પ્રતિકૃતિઓનો આશરો પણ તેમણે લીધેલો. તેની છાપ પર ચોકડી કરી (સ્કેઈલ્ડ અપ) પછી જમીન પર એના પ્રમાણમાં મોટાં ચોકડી-ખાનાં પાડી, મૂળ ચિત્રની નકલ કરતા'તા. અમે બધા ત્યાંથી નીકળ્યા ને ઝળહળતી રોશનીથી આકર્ષાઇ બાગમાં ગયા. પણ ત્યાં જે ઠઠારો હતો તે જોઇને તો આભા જ બની ગયા. જેઓ રંગોળી ચીતરતા હતા તેમની આજુબાજુ તેમનાં સગાં-વા'લાં વીંટળાઈ વળેલાં. થર્મોસ ને ચાનાં કપ રકાબીનો ખડખડાટ પણ મોખરે હતો. મને થયું કે આ રંગોળીની હરીફાઈમાં તો ભાગ લેવા જેવું ખરું; ને એમાં વળી ભાઇબંધોએ પાનો ચડાવ્યો. ત્યારે ને ત્યારે તે માટેનું પ્રવેશપત્ર ભરી દીધું.


બીજે દા'ડે બપોરે પ્રદર્શનનું ઉદ્ઘાટન થવાનું હતું એટલે સવારમાં જઇ પહોંચ્યા. ખડીનો એક ગાંગડો લીધો'તો સાથે, એને પાણીમાં પલાળીને આંગળીથી માંડણાં માંડી દીધાં. પરિણામ જાહેર થયું તેમાં મને ઇનામ મળેલું. 'First-Prize'નું લેબલ જ્યારે એ રંગોળી પર લોકોએ જોયું ત્યારે બધાંને ખૂબ નવાઈ લાગી કે આમાં એવું તે શું બળ્યું છે કે ઇનામ આપવું પડ્યું. ખાસ કરીને જેમણે આખી રાતનો ઉજાગરો કરી રાતી થએલી આંખે સવારે મને થોડી વારમાં 'આડાઅવળા લીટાડા' કરી જતો રહેલો જોએલો તેમને તો નવાઈ ઉપરાંત ગુસ્સો પણ ચઢ્યો હોવો જોઇએ એમ તેમની વધારે લાલ થતી આંખ્યું




આકૃતિ ૯



આકૃતિ ૧૦




આકૃતિ ૧૧




આકૃતિ ૧૨

દ્રાવણ લગાડી, સુકાયા પછી નીકળી તો નથી જતો ને તેની ખાતરી કરી લેવી જોઇએ. વધારે ગુંદર થઈ જાય તો પોપડી થઈ ઊખડી જવાનો સંભવ રહે છે તેમજ મેલા પીળા ડાઘા બહાર તરી આવે છે.) પછી રૂનું પોતું કે મલમલ જેવા પાતળા કપડાનો કટકો તેમાં બોળી, ચાંદલો કરવાની (છેલ્લેથી બીજી-અનામિકા) આંગળીના મૂળ પાસે મૂકી અંગૂઠાથી દબાવતા જવું (જુઓ લેખના મથાળે આપેલું ચિત્ર) એટલે આંગળીએ આંગળીએ રંગ નીતરશે. એ આંગળીના છેડાથી પછી જેવું જોઈએ તેવું રેખાંકન થઇ શકશે તેમજ જ્યાં રંગ ભરી દેવો હશે ત્યાં ભરી પણ શકાશે (જુઓ ચિત્ર નં. ૧૪). બંગાળમાં ખડીને બદલે ચોખાનો લોટ વપરાય છે, તેમજ રાજસ્થાનમાંઆં ગળીને બદલે કૂચી (ઘાસમાંથી બનાવેલી પીંછી)ના ઉપરના છેડે કપડાનું પોતું રાખીને માંડણાં મંડાય છે.


ચિત્ર નં. ૧૧ થી ૧૪ રાજસ્થાનનાં માંડણાંના નમૂના છે. નં. ૧૧ અને ૧૨માં આપેલા તદ્દન 'સિમેટ્રિકલ' (ચારે બાજુથી સરખા ને પ્રમાણમાં જડ લાગતા) આકારોમાં, તેના ઉપર એક જ દિશા તરફ આલેખેલી વહેતી કલગીને લઈ ને જાણે જીવ આવી જાય છે. ચિત્ર નં. ૧૨માં ચાર તરફ 'વા' અક્ષર જેવો જે આકાર છે તે 'ખુરશી'નો છે. મે'માન આવે તો બેસાડવા તો કંઈક જોઇએને? આમ, આંગણામાંથી જ સ્વાગતની શરૂઆત થઈ જાય છે! પરંપરાગત ચાલ્યાં આવતાં આવાં માંડણાંને ત્યાં લોકો પોતાની હૈયાઉકલત પ્રમાણે નવા-નવા રૂપે રજૂ કર્યાં જ કરે છે. ચિત્ર ૧૨માં છે તે જ આકાર ચિત્ર નં. ૧૩માં પણ છે, પણ એ પરાવર્તન પામેલો આકારસમૂહ નવી જ રચના બની રહે છે. ચિત્ર નં. ૧૪માં પણ એકના એક આકારોના પરાવર્તનથી બનતી રચનામાં પણ એક (ત્રણ સિવાયની-ચોથી) બાજુ જરા જુદી કરીને વધારે રંગ આણ્યો છે.



આકૃતિ ૧૩



આકૃતિ ૧૪



રાજસ્થાની રંગોળી 'માંડણાં'ના શ્રી મદ્યુમ્ન તન્નાએ કરેલા કેટલાક નમૂના: સૌથી ઉપર 'કમળચોક'. પછીની બધી આકૃતિઓમાં લોકકલ્પનાએ નાનાવિધ તરાહોમાં બાંધેલાંવેલાં માંગલ્ય અને સમૃદ્ધિનાં સૂચક-પગલાં.

દિશા તરફ પ્રયાણ કરતી, આમ વિવિધ રેખાઓ તેમાં હોય છે.

આ બધું જ ચાકળામાં હોય છે, ને સારી રંગોળીમાં પણ. ઉપરાંત એક જુદી જ દિશામાં વહેતી રેખા પણ એમાં હોય છે જે સ્વસ્તિકમાં નથી. તે છે કર્ણરેખા (ડાયાગનલ). તેનાથી સારી રંગોળીની શોભામાં અધિક વૃદ્ધિ થાય છે. જેને હું 'મુક્ત' આકાર કહું છું તેને તોરણ જોડે સરખાવી શકાય. એમાં અંદર નાના આકારો તો હોય જ છે, પણ તેનો બહારનો આકાર પણ 'ચોરસ' કે લંબચોરસ જેવા ભૌમિતિક આકારમાં બંધાએલો નથી હોતો. તેવી જ રંગોળી (માંડણાં) રાજસ્થાનમાં થાય છે; ને સૌરાષ્ટ્રમાં ભીંત પર ચીતરાતા 'આળેખ' પણ એને જ ચીલે ચાલે છે.

સાથે આપેલાં ચિત્રોમાં તદ્દન સાદી કહી શકાય એવી એક રચના સમજાવવા પ્રયત્ન કર્યો છે. 'કુમાર' અંક ૪૨૮માં 'હબસી મુક્કાબાજ'વાળા લેખમાં 'ડિઝાઈન' અંગે આપણે જોઈ ગયા છીએ કે નિયત હદરેખામાં જુદાજુદા, નાનામોટા આકારોની વહેંચણી, કેવી રીતે કરવી. વિવિધતા અને એકતાનતા બંનેનો ખયાલ પણ એમાં રાખવો જ પડે છે. અહીં ચિત્ર ૧ 'અ'માં એક ત્રિકોણ આકાર (હદરેખા)માં થોડી આડી સમાંતર રેખાઓ કરી છે, પણ છતાં ત્રિકોણ ખાલી જણાય છે (જે જમણી બાજુ ઉપરના ખૂણે દેખાય છે). વધારે આડી લીટીઓ ઉમેરવાથી ત્રિકોણનો જમણી તરફનો નીચેનો ભાગ ભરેલો તો દેખાય છે, પણ જે મૂળ આડી રેખાઓ કરેલી તે દેખાતી બંધ થઈ ગઈ, જાણે કે ખોવાઇ ગઈ. પરંતુ ઊભી રેખાઓથી તે ત્રિકોણનો ડાબી બાજુનો અર્ધો ભાગ ભરી દેવાથી તે ભર્યોભર્યો લાગે છે ને આડી (મૂળ) રેખાઓ પણ દેખાય છે. છતાં આમાં એકધારાપણું તો લાગે છે.

હવે એના એ જ ત્રિકોણ 'બ'માં જ્યારે આડી સમાંતર પણ ઓછા-વત્તા ગાળાવાળી રેખાઓ ગોઠવી ત્યારે, તેમજ અંદર ભરેલી તથા ખાલી જગ્યામાં આડી-ઊભી-ત્રાંસી વગેરે રેખાઓ ઉમેરી ત્યારે વિવિધતા ઉમેરાઈ. એનો એ જ ત્રિકોણ આકૃતિ 'ક'માં વધારે આકારવૈવિધ્ય સાથે રજૂ કર્યો છે. પણ મૂળ, પાયાની રચના તો એની એ જ તદ્દન સાદી રહે છે.

ચિત્ર નં. ૨માં પણ એની એ જ વસ્તુ છે. ૨ 'અ'માં જમણી તરફના અર્ધા ભાગમાં મૂળ ચોરસ આકારનું કઇ રીતે વિભાજન કર્યું છે તે સ્પષ્ટ જણાય છે. તેમાં આડી, ઊભી તેમજ કર્ણ રેખાઓ પણ છે, તેમજ નાનામોટા ત્રિકોણ આકારો પણ છે. એનું એ જ આયોજન ડાબી બાજુ સમાંતર રેખાઓથી તેમજ ચિત્ર ૨ 'બ'માં વિવિધ વળાંકવાળા આકારોથી કર્યું છે, માત્ર વિગતો ઉમેરાઈ છે એટલું જ.


આ 'તરકીબ' જો એક વાર ગળે ઊતરી જાય પછી કોઇને પણ 'ભાઈશાબ, રંગોળી પાડી દેશો જરાક' એવી વિનતિ કરવાની જરૂર નહિ રહે. સાથે આપેલાં ૧થી ૧૦ સુધીનાં બધાં ચિત્રો એનો ખયાલ રાખીને કર્યાં છે, એમાં ચિત્ર નં. ૮, ૯ અને ૧૦ માત્ર એક બાજુથી જોતાં જ સવળાં જણાય છે; નહિતર આડાં કે ઊંધાં લાગે છે. એવી રંગોળી સ્થળ જોઇને, તેની જરૂરિયાત પ્રમાણે થઈ શકે. પ્રવેશ કરતાં જ ચિત્ર સીધું તો દેખાય, પણ તેમ છતાં અંદર વિગતો એવી રીતે ભરેલી છે કે ચારે બાજુથી પણ તે સારી દેખાય. મૂળ રંગોળી (૯)મોરલાનો કે (૧૦) પોપટનો આકાર રજૂ કરે છે પણ રંગોળીની અંદરની વિગત–પોપટ કે મોરના શરીરના અવયવો—પાંખ પીછાં જેવી વિગત સાથે–બહારના આકારના પ્રમાણમાં ઓછો સંબંધ ધરાવે છે. ચિત્ર નં. ૯માં તો એ સંબંધ નહિવત્ બની જાય છે. તેથી જ તે ચારે બાજુથી જોઇ શકાય એવી લાગે છે, પરંતુ એક બાજુથી તે આકાર વધારે સ્પષ્ટ ને ઓળખીતો લાગે છે. બારણા પાસે, ભીંત પાસે, દાદર પાસે આવી રંગોળી થઈ શકે.

ચિત્ર નં. ૪, ૫, ૬ ને ૭ એ ઘરમાં જડેલી લાદી (tile) પર કરી શકાય એવી રંગોળી છે. જ્યારે લાદીના સાંધા દેખાતા હોય ત્યારે તેની રેખા અને રંગોળીની રેખા મેળવી દેવી જોઇએ, નહિતર તે સાંધાની લીટી નડયા કરે.

ચિત્ર નં. ૪માં ચારે બાજુથી સરખી ભાત છે, જ્યારે નં. ૫ માંની ભાત ચારે બાજુથી સરખી હોવા છતાં 'સ્વસ્તિક' સાથે સામ્ય ધરાવતી તેની રચના છે. ચિત્ર નં. ૬માં બહારની (લાદીના બે બાજુની) બે તરફની હદરેખા છોડી દીધી હોઈ તે વધારે મુક્ત લાગે છે. તેમાં લીધેલા પોપટના આકારો સૌરાષ્ટ્રના ભરતકામમાં સૌથી આગળપડતું સ્થાન ધરાવતા આકારો છે. ચિત્ર નં. ૭માં ત્રણ લાદીઓ પર કરેલી રંગોળી છે. તેમાં બહારની ચોરસ હદરેખાઓ અડવી ન લાગે એટલે મોરકલગી જેવાં નાનકડાં ફૂમતાં તેને ખૂણે લગાડયાં છે.


આ બધી (અહીં રજૂ કરેલી) રચનાઓ 'અલ્પના'ની ધાટીએ આળેખવાથી વધારે સારી પણ દેખાશે, અને વાયરો વાતાં ઊડી જવાની કે ઠેબે ચડતાં ભૂંસાઈ જવાની બીક પણ એમાં નથી. જે ઘરમાં નાનાં છોકરાં ધમ્માચકડી બોલાવતાં હોય ત્યાં તો આ પદ્ધતિ ખાસ ઉપયોગી થઈ પડે એવી છે.


પે'લાં તો જાણે કે ખડી (સફેદ માટી)ને પાણીમાં પલાળી દેવી. પછી એમાં ઉમેરવો થોડોક ગુંદર. (ગુંદરનું પ્રમાણ બરાબર છે કે નહિ તે જોવા કોઇક જગ્યાએ આ તૈયાર થએલ




આકૃતિ ૭

આકૃતિ ૮





આકૃતિ ૧ 'અ'



૧ 'બ'



૧ 'ક'

કોઇ જુદી જ લાગણી અનુભવીએ છીએ.

મેં જે ચીતરેલી તે રંગોળી પણ આવા ખયાલથી કરેલી. આ થયું એક કારણ.


બીજું કારણ (જેને લીધે તે પારિતોષિક મને મળ્યું) તે એ પણ હોવું જોઈએ કે નિર્ણાયક સમિતિમાં કલેક્ટર સાહેબ, શહેરના કોઈ જાણીતા ડૉક્ટર, વકીલ કે રાજકીય પક્ષના આગેવાન નહોતા, પણ સદ્‌ભાગ્યે, તેને બદલે જેમને આ વિષય (રંગોળી) સાથે ખરેખર સંબંધ છે એવા કળાકારોના હાથમાં તેનો આખરી નિર્ણય લેવાનું કામ હતું. આજકાલ આવી નાનીમોટી ઘણી હરીફાઈઓ યોજાય છે (રંગોળીની જ નહિ પણ રાસ-ગરબા-લોકનૃત્યો વગેરેની) પણ એની ગુણવત્તાનક્કી કરવા માટે જે વ્યક્તિઓની પસંદગી થાય છે તેમાં ઉપર જણાવી છે એવી, શહેરની 'પ્રતિષ્ઠિત' વ્યક્તિઓ ઘણી હોય છે. આ કથન કોઇને કદાચ આક્રમણાત્મક લાગશે, છતાં હૈયાને દઝાડતી આ પરિસ્થિતિ જો લોકોના ધ્યાનમાં આવે તો જે હેતુથી આવી હરીફાઇઓ યોજાય છે તેનો હેતુ તો બર જરૂર આવે.

દેવદેવીની કે છત્રપતિ શિવાજી ને રાણા પ્રતાપની આવી છબિઓ જેઓ જમીન પર દોરે છે તેમના કૌશલ્યને હું જરા પણ અવગણતો નથી. હમણાંહમણાં વળી એક નવી પ્રથા પણ શરૂ થઇ છે: ગાલીચા ચીતરવાની; ને તેમાં પણ અસલ સાચો જ ગાલીચો જાણે ભોંય પર પાથર્યો છે એવું દેખાડવા, તેનો એકાદો ખૂણો વળી ગયો હોય એવું પણ કર્યું હોય છે! ઠીક છે. આવું ચીતરવું હોય તે જરૂર ચીતરે ને તેની વાહવાહ પણ ભલે થાય, ત્યાં સુધી તો કંઇ નહિ. પણ એને પરિણામે આપણે હવે સીધીસાદી રંગોળીની કિંમત ઓછી કરવા લાગ્યા છીએ તેની સામે લાલ બત્તી ધરવા જેવી છે.


રંગોળી સાવ એક જ રંગની હોય કે બહુરંગી, પણ તે સાદી, સહેલાઈથી થઈ શકે એવી, તેમજ હાલતાં-ચાલતાં બહુ આડે ન આવે એવી જગ્યાએ કરવી જોઇએ. વળી જેમ ચોરસ કે લંબચોરસ તકતી કરીને આપણે તેમાં સુંદર રચના (ડિઝાઈન) કરવા પ્રયત્ન કરીએ છીએ, તે જ રીતે આખી ઓસરી કે ઓરડાને પણ તેવી મોટી તકતી ગણી, અંદર જ્યાં સારું દેખાય, આવતાંજતાં નડે નહિ તેમજ જોયા વિના રહી પણ ન જાય તેવી જગ્યાએ કોઇ મુક્ત આકારમાં પણ તે થઈ શકે.

ચાકળો ચોરસ હોય છે ને અંદર (મોટા ભાગે) ભૌમિતિક આકારોની રચના હોય છે. આડી અને ઊભી સીધી રેખાઓ, અને એવી જ સીધી પણ નાની લીટીઓથી બનેલા ત્રિકોણ અને ચતુષ્કોણ જેવા આકારોથી એની પૂરી રચના થઈ હોય છે. મહારાષ્ટ્રમાં વધારે અને આપણે ત્યાં પણ જે પ્રચલિત છે તે 'સાથિયા' (ટપકાં કરીકરીને પછી તેને જોડીને કરવામાં આવતી રંગોળી) એ ચાકળા જેવી છે. આપણો સ્વસ્તિક—સાથિયો જોકે તદ્દન સાદો આકાર છે, છતાં તે સારી રચનાની ઘણી ખૂબીઓ ધરાવે છે. ઊભી તેમજ આડી, એકબીજીને છેદતી, એકબીજીને સમાંતર, એક છેડે જોડાએલી તેમ જ બીજે છેડે છૂટી, જુદીજુદી


આકૃતિ ૪




આકૃતિ ૫




આકૃતિ ૬




આકૃતિ ૨ 'અ'



૨ 'બ'



આકૃતિ ૩







જમણી બાજુ: માછલીના પ્રતીક આસપાસ વિસ્તારેલું આ શોભન સર્વતોમુખી છે, અને ઊભું, આડું તથા અહીં મૂક્યું છે તેમ ખૂણા ઉપર ત્રાંસુ પણ વાપરી શકાય. ડાબી બાજુ: મોર.
નીચે: ડાબી બાજુએ હારબંધ ઉપરથી નીચે બંગાળી 'અલ્પના' માં આલેખાની કેટલીક વેલોના નમૂના છે, જેની સમજ નીચે આપી છે. બીજી છ આકૃતિઓ મુક્ત શૈલીએ કરેલી વિવિધ આકારની રંગોળીની છે.








બંગાળી રંગોળી 'અલ્પના'ના કેટલાક નમૂના







સામે થોડી 'અલ્પના-લતાઓ' (વેલો)ના નમૂના છે, જેનો પરિચય ઉપરથી ક્રમવાર આ મુજબ છે: (૧) લક્ષ્મીજીનાં પગલાં-સુશોભનાત્મક ને વ્રતવિષયક-બંને પ્રકારનું આલેખન. (૨) 'પેછા' =બાજુબંધ જેવા ઘરેણાની ભાતની વેલ. (૩) કેળના દોડાની કળીઓની વેલ (૪) 'ધાણીના ઢગલાની વેલ', કાંગરી વિનાની. (૫) એ જ વેલ, કાંગરીની સાથે. (૬) ધાણીના ઢગના ઝીણી વેલ. (૭) 'ચાલતા' નામના બંગાળમાં થતા એક ફળનો ગર્ભભાગ (કરોળિયા જેવો) દર્શાવતી વેલ. (૮) કેળ ઉપર દોડો ફૂટીને બેસતાં શરૂની કેળાની કળીઓની બનેલી વેલ. (૯) એને જ મળતી સુશોભનાત્મક વેલ. (૧૦) ગાયને બાંધવાના ખીલાના સુશોભનવાળી 'ખૂંટી' વેલ.





ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી 'આહાર અને આરોગ્ય'ની લેખમાળા [૧૦]માં વર્ણવે છે **પ્રકીર્ણ શૂકધાન્યો**

ઘઉં જેટલા જ પુષ્ટિદાતા ને બહુવીર્યદાતા છતાં પચવામાં સહેલા સાત્ત્વિક-પવિત્ર **જવ**

માંદા તથા નાજુક હોજરીવાળાને આશીર્વાદરૂપ સ્ટાર્ચ-સમૃદ્ધ **સાબુદાણા**

દૂધ કરતાં પણ ત્રણગણું કૅલ્શ્યમ ધરાવતો **બાવટો**

ઍમાઈનો-ઍસિડવાળું પ્રોટીન ભરેલી **બંટી**

મધુમેહ ને અતિસારમાં ઉપયોગી **કોદરી**

બાવટો

મુખ્યત્વે ખેડૂ અને ગરીબ લોકોના આહારમાં વપરાતું આ શૂકધાન્ય ઘણાને જાણીતું નહિ હોય. એમાં ઘઉં કરતાં પ્રોટિન ઓછાં, પણ ખનિજ ક્ષારો વધારે છે. પણ બાવટા (ragi)ની ખરી વિશિષ્ટતા તો એનો કૅલ્શ્યમનો ભંડાર છે. સરખા વજનના દૂધ અને બાવટામાં દૂધ કરતાં ત્રણગણું કૅલ્શ્યમ છે; પણ દૂધની પેઠે તે શરીરમાં સારીરીતે શોષાતું નથી. પરંતુ ખોરાકમાં મહત્ત્વની બાબત કૅલ્શ્યમ ને ફૉસ્ફરસના પ્રમાણની છે, જે ૨ : ૧નું હોવું જોઇએ. બાવટામાં તો ફૉસ્ફરસ કરતાં યે કૅલ્શ્યમનું પ્રમાણ વધારે છે. આથી બાવટો હાડકાં ને દાંતના બંધારણ માટે અતિ જરૂરી કૅલ્શ્યમ આપે છે અને તે એટલા પ્રમાણમાં કે જે શરીરમાં શોષાઇને ઉપયોગમાં લેવાય છે.

બાવટાનું દળણું કરતાં અગાઉ એમાં ચોથા ભાગે મઠ ઉમેરવામાં આવે છે. તે બાવટાની કણેક બાંધવામાં વાક (ચીકાશ) આવે એટલા માટે ઉમેરાતા મનાય છે; પણ ખરી રીતે તો બાવટાની પ્રોટિનની ઊણપ પૂરવા આમ થતું હશે.

બાવટો ગરમ મનાય છે, એટલે ખેતમજૂરો ને ખેડુઓ એને ચોમાસા અને શિયાળામાં ખસૂસ ખાય છે. સશક્ત અને મજૂરી કરનારાઓને તે ગરમી, શક્તિ ને પોષણદાતા છે. પણ તે બંધકોષ કરનાર છે. આયુર્વેદની દૃષ્ટિએ બાવટો પચવામાં હલકો છે. વધારે ખવાય તો વાયુ કરનાર છે. એ માટે તેની સાથે લસણ મરચાંની ચટણી ખાવી જરૂરી છે.

કોદરા

માંદગીમાંથી ઊઠ્યા પછી અને પ્રસૂતિના દિવસોમાં હલકા ખોરાક તરીકે ગુજરાતમાં કોદરીનું સ્થાન આગવું છે. ઉપરાંત મધુમેહ, અજીર્ણ અને અતિસાર જેવા રોગોમાં પણ કોદરી ખાવાનો ઘરગથ્થુ રિવાજ છે. આની પાછળ આયુર્વેદનું પરંપરાગત ચાલ્યું આવતું મૌખિક જ્ઞાન હોવાનો સંભવ છે.

ડાંગર ખાંડવાથી જેમ ચોખા નીકળે છે, તેમ કોદરામાંથી કોદરી મળે છે. બધાં શૂકધાન્યોમાં કોદરાનો દાણો સૌથી ઝીણો છે. તેના ઉપર સાતસાત તો પડ હોય છે. આથી લાંબા વખત સુધી સંઘરવા છતાં કોદરા કદી સડતા કે બગડતા નથી.

પોષણ-મૂલ્યોની દૃષ્ટિએ બાજરી કરતાં કોદરા (varagu)માં પોષક દ્રવ્યો ઊતરતાં હોઈ તે હલકી કોટિનું ધાન્ય છે. આથી જ તે માંદા માણસના ખોરાક તરીકે ગણનાપાત્ર નીવડ્યું હશે.

આયુર્વેદ કોદરીને મધુમેહમાં આપવાની તરફેણ કરે છે તેની પાછળ એનું કાર્બોહાઇડ્રેટનું ઓછું પ્રમાણ કારણભૂત હશે કે શું? ઘઉંમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ ૭૧.૨ ટકા છે, બાજરીમાં ૬૭.૧ ટકા, કોદરીમાં ૬૫.૬ ટકા અને ચોખામાં ૭૯.૨ ટકા છે. આથી જ શું મધુમેહના દર્દીઓને ઘઉં અને ચોખા કરતાં બાજરી ને કોદરી પથ્ય ગણાયાં હશે?

કોદરી ગરમ છે ને જલદી પચી જાય છે. તેની કોકકોક જાત ઝેરી પણ હોય છે, જે ખાવાથી મીણો ચડે છે. આવે વખતે રોગીની નસો ખેંચાય છે, તે આખા શરીરે ધ્રૂજે છે, તેનાથી સ્થિર ઊભા રહેવાતું નથી, આંખે અંધારાં આવે છે ને મોંમાંથી ફીણ નીકળે છે. આનો ઉતાર આમલીનો રસ ને ખાટી છાશ છે. ભૂરા કોળાનો રસ તેનું ખાસ મારણ છે.

બંટી

પંચમહાલ જિલ્લા તરફ ખવાતું હલકી કોટિનું શૂકધાન્ય બંટી વાયડી ને પચવામાં હલકી છે. તેમાંનું પ્રોટિન જરૂરી એમાઇનો ઍસિડોવાળું હોઈ તેનામાં પૉલિશ્ડ ચોખા કરતાં પણ પોષકતત્ત્વો સારા પ્રમાણમાં છે: વિટામિન 'બી ૧' ખાસ. એટલે પૉલિશ્ડ ચોખા ને બંટી ૭:૩ ભાગમાં મેળવવાથી પૉલિશ્ડ ચોખાનાં ખૂટતાં પોષણતત્ત્વો મળી રહે છે. બંટી એકલી ખવાતી નથી. કાં તો તે બાવટા સાથે ભેળવાય છે અગર તો બંટી, બાવટો, કોદરી ને મઠ ચારે એકઠાં કરવામાં આવે છે. આને 'સાંગરુ' કહે છે. આના રોટલા ખેતમજૂરો ને ગરીબ લોકો ખાય છે.

જવ

ઘઉં જેટલું જ પુષ્ટિદાતા, પણ પચવામાં સહેલું એવું કોઈ શૂકધાન્ય હોય તો તે જવ (barley) છે. જવને મહર્ષિ ચરક यवः पुरीषजननानाम् (મળ લાવનાર પદાર્થોમાં શ્રેષ્ઠ) લેખાવે છે. મહર્ષિ સુશ્રુત પણ જવની લાંબી ગુણગાથા લખે છે. તે કહે છે, 'જવ ભૂખ ઉઘાડનાર, બુદ્ધિ વધારનાર, અવાજને સુધારનાર, વર્ણને સારો કરનાર ને સ્નિગ્ધ છે. જાડા માણસનો મેદ ઓછો કરનાર અને તૃષા મટાડનાર છે.' રાજનિઘંટુમાં જવને 'શક્તિદાતા, બહુ વીર્યદાતા અને પુષ્ટિદાતા' ગણ્યા છે.

જવની શ્રેષ્ઠતા એના ફૉસ્ફરસ અને મૅગ્નેશિયા ક્ષારોની સમૃદ્ધિને લીધે છે. બીજાં શૂકધાન્યો કરતા જવમાં તેની અધિકતા છે. ફૉસ્ફરસનું પ્રમાણ તો એના કરતાં ચડિયાતું માત્ર નાની મચ્છી, ઇંડાંની પીળી દાળ, પનીર, કુમીજ અને પાલખમાં છે. મૅગ્નેશિયા માટે એના હરીફમાં માત્ર ગાજર છે. જવ વિટામિન 'બી'નું સારું સાધન છે, પણ વિટામિન 'એ' અને 'સી'ની તેમાં અછત છે.

જવને છડીને ફોતરાં કાઢ્યા બાદ દળવામાં આવે છે. તેના લોટની રોટલી બને છે. જવ પચવામાં હલકા હોઈ પંજાબ, રાજસ્થાન અને સંયુક્ત પ્રાંતોમાં જવ સાથે ચણા ભેળવી દળાવેલા લોટની રોટલી ખવાય છે. બિહાર ને રાજસ્થાન તરફ જવ, ચણા અને મકાઇને રેતીમાં શેક્યા બાદ દળવામાં આવે છે, જે સત્તૂ (સાથવો) કહેવાય છે અને એમાં પાણી, મીઠું કે ખાંડ ભેળવીને ખવાય છે. આ પ્રોટિન-ભરપૂર ખાદ્યની પોષણ-કિંમત ઊંચી છે. આબાલવૃદ્ધોને માફક આવે એવું આ ખાદ્ય આપણે સ્વીકારવા જેવું છે,—ખાસ કરીને ઊછરતી ઉંમરનાં બાળકો અને કિશોરો માટે. આપણે ત્યાં શેકેલી જુવારના લોટમાં ગોળ-ઘી નાખી સાથવો બનાવવામાં આવે છે ને પણ કાર્બોહાઇડ્રેટથી સમૃદ્ધ ખાદ્ય હોઇને સદ્ય ગરમી અને શક્તિ આપે છે. પણ એને પોષણદાતા બનાવવા માટે તેની સાથે જવ કે ચણા ભેળવવા જરૂરી છે.

આપણે ત્યાં તો જવનો ખાસ ઉપયોગ માંદગીમાં કરવામાં આવે છે. કોદરા પછી વધારે રેષાઓ જવમાં છે. આથી તે રેચક છે. જવનું ઉકાળેલું પાણી તાવમાં પીવા અપાય છે. આ પાણી અંતસ્ત્વચાનું સાન્ત્વન કરનાર, કફોદ્‌ગારક, મૂત્રલ ને શામક છે. જવના પાણીથી તાવમાં તરસ ઓછી લાગે છે, બળતરા કમી થાય છે ને થોડાઘણા પોષણની પણ તે ગરજ સારે છે. લીંબુ કે સંતરાના રસ સાથે જવનું પાણી મિષ્ટ-પીણું બને છે. સગર્ભાવસ્થામાં પેશાબ ઓછો આવતો હોય ત્યારે જવલીંબુનું પીણું (લેમન-બાર્લી) ખસૂસ અપાય છે.

જવનું પાણી (બાર્લી વૉટર) બાળકોને આપવાના દૂધમાં ઉમેરવાથી દૂધના કેસીન કણો અતિસૂક્ષ્મ બને છે, જેથી દૂધ પચવામાં સહેલું બને છે. વળી દૂધમાં જવના ખનિજ ક્ષારો ઉમેરાવાથી તે પૌષ્ટિક બને છે. તાવમાં પીવા માટે કે દૂધમાં ઉમેરવા માટે જવ-જળનો પૂર્ણ ગુણ મેળવવા સારુ એનું તાજું પાણી વાપરવું ઇષ્ટ છે. પાણી બનાવવા માટે બજારમાં વેચાતા મળતા ફોલેલા જવ (પર્લ બાર્લી) વાપરવા સારા છે.

જવ લૂખું અનાજ છે. એનાથી ભૂખ સંતોષાય છે, પણ શરીર વધતું નથી. આથી તે મેદવાળા માણસો માટે ઉપયોગી છે, પણ ગૅસથી પીડાતા માટે તે ખાવા યોગ્ય નથી. જવ અને ઘઉંના કાર્બોહાઇડ્રેટના પ્રમાણમાં ઝાઝો ફેર તો નથી, છતાં યે મધુમેહના રોગી માટે જવ પથ્ય ખોરાક તરીકે સ્વીકારાયા છે. એના કારણમાં શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે, 'જવ બલ્ય છે પરંતુ તે શરીરને ઘઉંની પેઠે પુષ્ટિ આપનાર નથી. મધુમેહમાં આથી જ જવની ખ્યાતિ છે.'

ઋષિમુનિઓએ જવને સાત્ત્વિક આહાર તરીકે સ્વીકાર્યા છે. સંસ્કૃતમાં એને પવિત્ર ધાન્ય કહ્યું છે. આ કારણે જ હોમ હવનમાં એનો ઉપયોગ સ્વીકારાયો હશે.

પશ્ચિમનાં આહારશાસ્ત્રનાં પુસ્તકોમાં બાજરી, બાવટો, કોદરી ને જુવાર વગેરેને મિલેટ્સ (millets)ના સામાન્ય નામથી ઓળખવામાં આવે છે. હચિન્સન કહે છે કે 'આ શૂક ધાન્યોની પોષણ કિંમત ઓછી નથી. તેમનું સ્થાન ઘઉં અને (પૉલિશ્ડ) ચોખાની વચમાં છે. હલકા પ્રકારની જમીનમાં થતાં આ અનાજ હોવાથી જમીનની જાત અને કસના પ્રમાણમાં તેમનાં પોષણમૂલ્યોમાં ફેર પડે છે.' આહારશાસ્ત્રી મૅક-કૅરિસન લખે છે: 'ઘણાં વર્ષો થયાં ખાતર નહિ પામતા ખેતરમાં ઉપરાઉપરી વાવવામાં આવતી મિલેટમાં પોષણતત્ત્વો એટલાં બધાં ઓછાં હોય છે કે તે ખાનારને ખરેખાત નુકસાન કરે છે. આ દાણા જાણે કે ઝેરી તત્ત્વોવાળા ન હોય એવું સૂચન થાય છે.' કહેવાની જરૂર નથી કે ખાતરવાળી જમીનમાં થએલી બાજરીની પોષણ-કિંમત ઊંચી અંકાય છે. છાણિયા ખાતરવાળી જમીનમાં પાકેલી બાજરીમાં પોષક તત્ત્વો તેમજ વિટામિનો સારા પ્રમાણમાં હોય છે, જ્યારે કૃત્રિમ ખાતરવાળા ખેતરમાં પાકતી બાજરીમાં છાણિયા ખાતરની બાજરી જેટલાં પોષક તત્ત્વો નથી હોતાં.

સાબુદાણા

માંદા માણસના આહારમાં વપરાતા સાબુદાણા (sago)થી કોણ અજાણ હશે? સાબુદાણા, આરારૂટ, કૉર્નફ્લોર અને ટૅપીઓકા શુદ્ધ સ્ટાર્ચ-સમૃદ્ધ પદાર્થો છે. એમાં ૭૦ થી ૮૫ ટકા સ્ટાર્ચ હોય છે; પણ ખોરાકનાં બીજાં તત્ત્વો એમાં ઘણાં ઓછાં હોય છે, એટલે શક્તિ આપવાના ગુણ સિવાય ખોરાક તરીકે તેમની કિંમત હલકી છે. સ્ટાર્ચ-કણોનાં બે પડ હોય છે: (૧) દાણો (granulose) ને (૨) કાષ્ઠક (cellulose). કાષ્ઠક અદ્રાવ્ય છે. તેને તોડવા માટે અનાજને ઉકાળવું પડે છે ને પછી જ તે ખાવા લાયક બને છે.

મલાયામાં થતા સૅગો નામના તાડના ગરના સ્ટાર્ચમાંથી સાબુદાણા બનાવવામાં આવે છે, જ્યારે કાસાવાનાં મૂળ અને ગરના સ્ટાર્ચમાંથી ટૅપીઓકા પ્રાપ્ત થાય છે. સાબુદાણા કરતાં ટૅપીઓકા વધારે સફેદ હોય છે. બંને પચવામાં હલકા છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ મલાયામાંથી સાબુદાણાની આયાત અટકવાથી મદ્રાસના સાલેમ જિલ્લામાં હવે બટાટા, શક્કરિયાં ને મકાઈના સ્ટાર્ચમાંથી સાબુદાણા બનાવવામાં આવે છે. પરદેશથી આવતા સાબુદાણા કરતાં તે કોઇ રીતે ઊતરતા નહિ હોવાનું મૈસુરની ફુડ ટેક્નૉલૉજી લૅબોરેટરીમાં સાબિત થયું છે.

સાબુદાણાને પાણીમાં ચડાવ્યા બાદ તેની પાપડી બનાવાય છે, જે તેલમાં તળીને ફરાળી ચીજ તરીકે ખવાય છે. બાકી દૂધમાં રાંધેલી સાબુદાણાની ખીર એ પોષક ખોરાક છે, કારણ કે સાબુદાણામાં ખૂટતાં ખોરાકનાં તત્ત્વો દૂધમાંથી મળી રહે છે. આ ખીર નાજુક હોજરીવાળાને પણ માફક આવે છે.

સાબુદાણાની માફક આરારૂટ પણ માંદાઓને સહેલાઇથી પચે એવો ખાદ્ય પદાર્થ છે. વેસ્ટ ઈન્ડીઝમાં થતા છોડના મૂળમાંથી આરારૂટ બને છે. પણ હવે તે મકાઈ, ટૅપીઓકા, બટાટા વગેરેના સ્ટાર્ચમાંથી પણ બનાવવામાં આવે છે.

અનુસંધાન] **નકલી ને અસલી** [પૃ. ૪૧૯થી

ભાઇ! કબજિયાત તો રહી, પણ દહાડામાં ત્રણચાર વાર દોડવું પડે છે, ભાઈ!"

મેં જાણે સાહજ ભાવે પૂછ્યું: "તે તમે હાલ જુલાબ કયો લ્યો છો?"

"કશો ય નહિ."

થૂલાએ મારા અસંખ્ય દર્દીઓને આવો ચમત્કાર બતાવ્યો છે.

મારો બીજો એક દર્દી અતિ વિદ્વાન ઇજનેર હતો. તેને આફ્રિકાનાં જંગલોમાંની ખાણના નિરીક્ષણાર્થે જવાનું થયું. મારી સલાહથી તેણે એક મજાની, અડીમધડીમ, હવાબંધ પેટી વસાવી ને તેમાં ઠસોઠસ થૂલું ભર્યું. આફ્રિકાનાં જંગલોમાં જે કંઇ ધાન્ય મળે તેની સાથે પુષ્કળ થૂલું ભેળવે ને પછી જ ખાય. થોડે મહિને પાછો આવતાં મને મળ્યો ને કહે: 'યાર, આવી સરસ તબિયત જીવનભરમાં કદીય નથી રહી! ને મારા દાંત? તે ગરબડ કરવા લાગ્યા હતા, પણ હવે ડાહ્યાડમરા થઇ ગયા છે, ખાસ્સા મજબૂત બનીને બેસી ગયા છે!'

દાંતની નીરોગિતા પણ શરીરને મળતા પોષણ પર જ અવલંબે છે. રુધિરાભિસરણ શુદ્ધ ભાવે થાય, અને અતિ આવશ્યક એવો તદ્દન કુદરતી, મૂળભૂત તત્ત્વોવાળો ખોરાક મળે તો જ દાંત પણ નીરોગી રહે. માંદાં માણસોને બનાવટી લાઈમવૉટર, રસાયણી લોહ, રસાયણી ફૉસ્ફરસ ને એવી એવી ચીજો વડે સાજાં બનાવવાની વાત મિથ્યા છે. વનસ્પતિએ જેને પહેલેથી જ પચાવીને હળવાં, મુલાયમ બનાવી દીધાં છે એવાં ધરતીનાં તત્ત્વો–રસોનું સ્થાન બીજું કશું લઇ શકે જ નહિ. માટે જ વનસ્પતિનો આહાર એ ખરો આહાર છે. લોહી લોહયુક્ત છે તેથી જ રાતું છે. વનસ્પતિમાંનું રુધિર તત્ત્વ (તેમાંનો રસ) લોહયુક્ત છે માટે લીલું છે. વનસ્પતિજન્ય લીલા લોહતત્ત્વને માનવીનું પાચનયંત્ર રક્ત લોહ બનાવી લે છે. આપણને જોઇએ તેટલું લોહતત્ત્વ તાજાં ફળ, લીલાં શાકભાજી વગેરેમાંથી મળી શકે છે. નીરંગી (બ્લીચ્ડ) શાકભાજી દેખાશે રૂપાળાં, હશે ય કદાચ સવાદિયાં, પણ એમાં લોહતત્ત્વ નથી હોતું. ખરો ખોરાક, એ જ કારણે વનસ્પતિ રૂપ જ હોય, તે જ હોવો જોઈએ. ને તે જ શરીરને સ્વસ્થ રાખી શકે, બનાવી શકે.'

નટવરલાલ માલવી નિરૂપે છે ખોરાકના બે પ્રકાર: નકલી ને અસલી

રશિયાના બે પંડિતો અમેરિકાની સફરે ગએલા. ત્યાંથી પાછા ફરી તેમણે અમેરિકા વિષે એક ચોપડી લખી: 'લિટલ ગોલ્ડન અમેરિકા'. રશિયા દેશનો વિસ્તાર ઝાઝો, એટલે એમને અમેરિકા દેશ નાનો લાગ્યો હશે. પણ આ ચોપડીમાં તેમણે અમેરિકન ખાદ્ય વાનીઓ વિષે લખ્યું છે તેનો સાર આ: 'અમેરિકન વાનીઓ બહુ રૂપાળી, ભાઈ! બહુ રઢિયાળી! પણ ખાઓ ત્યારે? સવાદનું નામ નહિ!'

ચોપડી પ્રકટ થયાને બારેક વરસ થઈ ગયાં. હવે આજે રશિયાનો અભિપ્રાય શો પડે તે કોણ જાણે; પણ પશ્ચિમના દેશોમાં ખોરાકના દેખાવ પર વધારેપડતો ને અનુચિત ભાર મુકાય છે. બલકે બાહ્ય દેખાવ જ લોકોને ખાનપાન તરફ આકર્ષી જાય એવી દશા થઈ છે.

આપણે ત્યાં પણ ઉપલા શ્રીમંત વર્ગમાં આ પદ્ધતિ ચાલુ થઈ છે. ભોજનનાં સ્થાનક શણગારાય છે, સ્વચ્છ-સુઘડ બનાવાય છે તે તો બરાબર છે. વાસણ-કૂસણ ચકચકતાં રાખે છે તે ય બરાબર; અને ખાદ્યવાનીને રૂપાળી, મોહક બનાવે છે તે ય તાત્ત્વિક રીતે તો ખોટું નહિ. પણ એ જ ખાદ્યવાનીઓના આંતરિક સત્ત્વ પરથી, તેની ગુણવત્તા, સંગીનતા, પોષકતા પરથી ધ્યાન જ ખસી ગયું લાગે છે. આંબલાવાળા જ્ઞાનર્ષિ નાનાભાઈ ભટ્ટે એક વાર 'કોડિયું'માં પોતે મુંબાઈમાં ક્યાંક જમવા ગયા હશે તેનો ઉલ્લેખ કરતાં આ ચર્ચા કરેલી કે ડાડમાડ ભારે, સ્ટેઈનલેસ સ્ટીલના થાળ, ને ચૂપસળી, ને બધું ચકચકાટ. પણ ખાવાની ચીજોમાં વનસ્પતિજ તેલ અને બીજા ભેળસેળિયા પદાર્થો.

બહુ આધારભૂત રીતે કહી શકું છું કે લગભગ સને ૧૯૪૩ની આસપાસ મુંબાઈની સરકાર એવો વિચાર કરી રહી હતી કે ખરું ઘી બનાવવાની તદ્દન બંધી જ કરવી! એને માટેનાં બાહ્ય ને આંતરિક કારણો કદાચ જુદાં હશે; પણ બહુ ગંભીર રીતે ઘી બનાવવાના ખેડુવર્ગને સદંતર બંધી કરવાનો વિચાર છણાયો હતો. પરંતુ ચાલતે યુદ્ધે લોકોમાં વિરોધ વધી પડશે એવા ડરથી તે પડતો મુકાએલો. કુદરતી ચીજો તરફથી પ્રજાને ખસેડી બનાવટી કારખાનદારી ચીજો પ્રતિ વાળવાનો જ એ એક ફતવો હતો, અને મુંબાઈમાંના બેચાર અતિસુશિક્ષિત માણસોની હાજરીમાં એવી ચર્ચા થએલી સાંભળી: 'આપણને તંદુરસ્તી માટે ખરા ઘીની કશી જરૂર જ નથી. વેજિટેબલ (ઘણે વર્ષે સરકારને હવે 'પ્રૉડક્ટ' કે 'પદાર્થ' શબ્દને પદભ્રષ્ટ કરી 'તેલ' શબ્દ વાપરવાનું ફરજિયાત કરવાની અક્કલ આવી છે ખરી) 'ઘી' સાથે રોજ બેચાર મોસંબી નારંગી ખાતા રહીએ એટલે જોઈતું તત્ત્વ મળી જાય. કેમ, ફલાણાભાઈ?'—અને ફલાણાભાઈ જે મુંબાઇની અતિ મોટી બૅંકના વડા હતા તેમણે સંમતિસૂચક અભિનય કર્યો (સને ૧૯૪૫). આમ ભેળસેળિયા પદાર્થો માટેનો મોહ, અગર તો તે જ ગુણકારી છે—સત્ય છે એવો ભ્રમ ફેલાવવામાં આજના કારખાનદારો ફાવી ગયા છે એમાં શંકા નથી. આપણે ત્યાં પણ દેખાવનો મોહ, બલકે દેખાવ જ સત્ય છે એવો ભ્રમ ફેલાતો જાય છે.

ડૉ. જે. એલિસ બાર્કર 'માઈ ટેસ્ટામેન્ટ ઑવ હીલિંગ' (મારી ઉપચાર-ગીતા)માં લખે છે: 'દેખાવ દ્વારા જ વેચવાની દૃષ્ટિએ, કાચું માંસ (પશ્ચિમના દેશોમાં) રંગાય છે, અથાણાં રંગાય છે, બૅકનને રંગે છે, મચ્છીને પણ તપખીરિયો કે કાબરચીતરો રંગ આપે છે. શ્વેત માખણ રૂપાળું નહિ લાગતું હોય તેથી એને પીળો રંગ દે છે! ઢોર પાસેથી વધારે માલ પડાવવા તેમને પણ કૃત્રિમ ખોરાકો ખવડાવે છે—ગાયને તેવો ચારો નીરી ગાય પાસેથી દેગડેદેગડા વધુ દૂધ મેળવે છે! તે પાણી જેવું પાતળું હોય છે, પણ તેનો તો બીજો ઉપાય શો? મરઘાં-બતકાંને પણ કંઈ અવનવા બનાવટી ખોરાક ખવડાવે છે, તેથી તે ઇંડાં વધારે મૂકે; મૂકે છે જ, પણ તે ફિક્કાં, ધોળાં ધબ જેવાં.' (અલબત્ત; આ બધો અનુભવ જે. એલિસ બાર્કરનો છે. મને તો આવું જ્ઞાન હોય જ ક્યાંથી?)

બાર્કર સ્પષ્ટ લખે છે કે કુદરતી ખાતર આપી કુદરતી રીતે નિપજાવેલાં શાકભાજી જ માણસજાતને જોઇતાં ખરાં તત્ત્વોથી ભરપૂર હોય છે. આપણે ત્યાં પણ કૃત્રિમ ખાતરોનાં કારખાનાં નીકળવા લાગ્યાં છે. અનાજની અછત નિવારવાનો એ જ ઉપાય મનાય છે, કેમકે પશ્ચિમી દેશોએ એ માર્ગ અપનાવ્યો છે, અને તેમને પોતાનાં યંત્રો વેચવાનાં પણ હોય. પણ એ જ પશ્ચિમના સાચા, સન્નિષ્ઠ, નિર્લોભી, તાત્ત્વિક તર્કશક્તિવાળા પંડિતો આવાં કૃત્રિમ ખાતરો આપ્યાથી જે પાક નીપજે છે તે અતિ હલકી કોટિનો હોય છે એમ કહે છે!

શ્રીમતી મૃદુલા કોડારીએ હમણાં જ એક લેખ લખતાં અંગ્રેજ ખેતી-વિશારદ સર આલ્બર્ટ હાવર્ડનો અભિપ્રાય ટાંક્યો છે તે અહીં આપવો સુસંગત લાગે છે: 'આ યંત્રો ને રાસાયણિક ખાતરો જમીનની આંતરિક રચના સાચવવામાં બિલકુલ કામયાબ નીવડતાં નથી. તેના ઉપયોગથી ઉત્પાદનની સાથોસાથ જમીનમાં કોહવાટની જે પ્રક્રિયા ચાલવી જોઇએ તે ચાલતી નથી. રાસાયણિક ખાતર એક જ કામ કરે છે, અને તે એ કે તે જમીનની સંપત્તિનું રૂપાંતર કરી નાખે છે; પણ તે જમીનને નવી મૂડી આપતું નથી. જ્યારે બિલકુલ પ્રાણીઓ વિનાની ખેતી કરવાનું વધશે, ત્યારે ખેતીની નિષ્ફળતા આ હકીકત વધારે સ્પષ્ટ રીતે બહાર લાવશે. રોગનો ફેલાવો વધી રહ્યો છે. રાસાયણિક ખાતરોના વધતા વપરાશને લીધે જમીનમાં સેન્દ્રિય પદાર્થો ઘટ્યા છે અને પરિણામે પાક તથા પશુ બંને રોગના ભોગ બની રહ્યા છે.'

બાર્કરે પણ એ જ લખ્યું છે, કે રાસાયણિક ખાતરોથી ઉપજાવેલાં ખાદ્ય કસહીન હોય છે, ને તે માટે તેમણે મેજર જનરલ મૅક-કૅરિસને કરેલા પ્રયોગનો હવાલો પણ આપ્યો છે. મૅક-કૅરિસને એક બાજુ છાણ-ખાતરિયાં અનાજ-શાક ખવડાવી પ્રાણીઓ ઉછેર્યાં, ને બીજે પડખે બીજાં એ જ વર્ગનાં પ્રાણી, રસાયણી ખાતર વડે તંતોતંત સરખી ધરતી પર ઉપજાવેલા ખોરાક પર ઉછેર્યાં. છાણખાતરિયા ખોરાકવાળાં જનાવર અલમસ્ત બન્યાં, રસાયણી ખોરાકવાળાંનો વિકાસ કુંઠિત રહ્યો.

આપણે ત્યાં બનતું હશે કે નહિ તેની બરાબર ખબર નથી, પણ પશ્ચિમના દેશોમાં સફરજન તથા તેવાં બીજાં ફળો પર સોમલ છાંટે છે, ને તેવાં ફળ ખાવાથી સખત ઝેર ચડ્યાના કિસ્સા પણ બને છે. (થોડા વખત પર જાપાની ફળો વડે રોગ ફેલાયાનું પણ એક બૂમરાણ છાપાંમાં આવ્યું હતું.) ગરમ દેશોમાં ને અન્યત્ર કુદરતી રીતે ઊગેલાં ફળને ડબ્બાવાસી બનાવે છે તે વ્યાપાર-દૃષ્ટિએ બરાબર હશે, પણ ખાદ્ય દૃષ્ટિએ એ ફળો કેટલેક અંશે નિષ્પ્રાણ બને જ છે. ઘણીક વાર કાચાં, અપક્વ ફળોને પણ વીણી લે છે, ને પછી વખારોમાં પકવે છે. તડકામાં કુદરતી રીતે, ભગવાન સવિતાનારાયણની હૂંફમાં પાકેલાં ફળમાં જ આરોગ્ય આપવાની તાકાત પ્રકટે છે, વખારોમાં પકવેલાં ફળ કસહીન બને છે, એમ બાર્કર સ્પષ્ટ લખે છે.

એનું માનવું છે કે એસ્કિમો જેવી શુદ્ધ ને સંપૂર્ણ માંસાહારી કે અન્ય શુદ્ધ શાકાહારી પ્રજાના દાંત ઘણા સરસ હોય છે, કેમકે તેવી પ્રજાઓ કૃત્રિમ વાનીઓની લપમાં પડેલી નથી. એવી પ્રજાનાં મોં ભરાઉ ને ગળાં નીરોગી હોય છે; પાચનશક્તિ સારી, કબજિયાત બિલકુલ નહિ; અને આંતરડાના તથા બીજા રોગોમાંથી એકંદર મુક્ત હોય છે.

(ઑક્ટોબર ૧૯૬૦) ૪૧૮

નટવરલાલ માલવી નિરૂપે છે ખોરાકના બે પ્રકાર: નકલી ને અસલી

રશિયાના બે પંડિતો અમેરિકાની સફરે ગએલા. ત્યાંથી પાછા ફરી તેમણે અમેરિકા વિષે એક ચોપડી લખી: 'લિટલ ગોલ્ડન અમેરિકા'. રશિયા દેશનો વિસ્તાર ઝાઝો, એટલે એમને અમેરિકા દેશ નાનો લાગ્યો હશે. પણ આ ચોપડીમાં તેમણે અમેરિકન ખાદ્ય વાનીઓ વિષે લખ્યું છે તેનો સાર આ: 'અમેરિકન વાનીઓ બહુ રૂપાળી, ભાઈ! બહુ રઢિયાળી! પણ ખાઓ ત્યારે? સવાદનું નામ નહિ!'

ચોપડી પ્રકટ થયાને બારેક વરસ થઈ ગયાં. હવે આજે રશિયાનો અભિપ્રાય શો પડે તે કોણ જાણે; પણ પશ્ચિમના દેશોમાં ખોરાકના દેખાવ પર વધારેપડતો ને અનુચિત ભાર મુકાય છે. બલકે બાહ્ય દેખાવ જ લોકોને ખાનપાન તરફ આકર્ષી જાય એવી દશા થઈ છે.

આપણે ત્યાં પણ ઉપલા શ્રીમંત વર્ગમાં આ પદ્ધતિ ચાલુ થઈ છે. ભોજનનાં સ્થાનક શણગારાય છે, સ્વચ્છ-સુઘડ બનાવાય છે તે તો બરાબર છે. વાસણ-કુસણ ચકચકતાં રાખે છે તે ય બરાબર; અને ખાદ્યવાનીને રૂપાળી, મોહક બનાવે છે તે ય તાત્વિ રીતે તો ખોટું નહિ. પણ એ જ ખાદ્યવાનીઓના આંતરિક સત્ત્વ પરથી, તેની ગુણવત્તા, સંગીનતા, પોષકતા પરથી ધ્યાન જ ખસી ગયું લાગે છે. આંબલાવાળા જ્ઞાનર્ષિ નાનાભાઈ ભટ્ટે એક વાર 'કોડિયું'માં પોતે મુંબાઇમાં ક્યાંક જમવા ગયા હશે તેનો ઉલ્લેખ કરતાં આ ચર્ચા કરેલી કે ઠાઠમાઠ ભારે, સ્ટેઈનલેસ સ્ટીલના થાળ, ને ધૂપસળી, ને બધું ચકચકાટ. પણ ખાવાની ચીજોમાં વનસ્પતિજ તેલ અને બીજા ભેળસેળિયા પદાર્થો.

બહુ આધારભૂત રીતે કહી શકું છું કે લગભગ સને ૧૯૪૩ની આસપાસ મુંબાઈની સરકાર એવો વિચાર કરી રહી હતી કે ખરું ઘી બનાવવાની તદ્દન બંધી જ કરવી! એને માટેનાં બાહ્ય ને આંતરિક કારણો કદાચ જુદાં હશે; પણ બહુ ગંભીર રીતે ઘી બનાવવાનો ખેડુવર્ગને સદંતર બંધી કરવાનો વિચાર છણાયો હતો. પરંતુ ચાલતે યુદ્ધે લોકોમાં વિરોધ વધી પડશે એવા ડરથી તે પડતો મુકાએલો. કુદરતી ચીજો તરફથી પ્રજાને ખસેડી બનાવટી કારખાનદારી ચીજો પ્રતિ વાળવાનો જ એ એક ફતવો હતો, અને મુંબાઈમાંના બેચાર અતિસુશિક્ષિત માણસોની હાજરીમાં એવી ચર્ચા થએલી સાંભળી: 'આપણને તંદુરસ્તી માટે ખરા ઘીની કશી જરૂર જ નથી. વેજિટેબલ (ઘણે વર્ષે સરકારને હવે 'પ્રૉડક્ટ' કે 'પદાર્થ' શબ્દને પદભ્રષ્ટ કરી 'તેલ' શબ્દ વાપરવાનું ફરજિયાત કરવાની અક્કલ આવી છે ખરી) 'ઘી' સાથે રોજ બેચાર મોસંબી નારંગી ખાતા રહીએ એટલે જોઇતું તત્ત્વ મળી જાય. કેમ, ફલાણાભાઈ?'—અને ફલાણાભાઈ જે મુંબાઇની અતિ મોટી બૅંકના વડા હતા તેમણે સંમતિસૂચક અભિનય કર્યો (સને ૧૯૪૫). આમ ભેળસેળિયા પદાર્થો માટેનો મોહ, અગર તો તે જ ગુણકારી છે—સત્ય છે એવો ભ્રમ ફેલાવવામાં આજના કારખાનદારો ફાવી ગયા છે એમાં શંકા નથી. આપણે ત્યાં પણ દેખાવનો મોહ, બલકે દેખાવ જ સત્ય છે એવો ભ્રમ ફેલાતો જાય છે.

ડૉ. જે. એલિસ બાર્કર 'માઈ ટેસ્ટામેન્ટ ઑવ હીલિંગ' (મારી ઉપચાર-ગીતા)માં લખે છે: 'દેખાવ દ્વારા જ વેચવાની દૃષ્ટિએ, કાચું માંસ (પશ્ચિમના દેશોમાં) રંગાય છે, અથાણાં રંગાય છે, બૅકનને રંગે છે, મચ્છીને પણ તપખીરિયો કે કાબરચીતરો રંગ આપે છે. શ્વેત માખણ રૂપાળું નહિ લાગતું હોય તેથી એને પીળો રંગ દે છે! ઢોર પાસેથી વધારે માલ પડાવવા તેમને પણ કૃત્રિમ ખોરાકો ખવડાવે છે—ગાયને તેલ ચારો નીરી ગાય પાસેથી દેગડેદેગડા વધુ દૂધ મેળવે છે! તે પાણી જેવું પાતળું હોય છે, પણ તેનો તો બીજો ઉપાય શો? મરઘાં-બતકાંને પણ કંઈ અવનવા બનાવટી ખોરાક ખવડાવે છે, તેથી તે ઇંડાં વધારે મૂકે; મૂકે છે જ, પણ તે ફિક્કાં, ધોળાં ધબ જેવાં.' (અલબત્ત; આ બધો અનુભવ જે. એલિસ બાર્કરનો છે. મને તો આવું જ્ઞાન હોય જ ક્યાંથી?)

બાર્કર સ્પષ્ટ લખે છે કે કુદરતી ખાતર આપી કુદરતી રીતે નિપજાવેલાં શાકભાજી જ માણસજાતને જોઇતાં ખરાં તત્ત્વોથી ભરપૂર હોય છે. આપણે ત્યાં પણ કૃત્રિમ ખાતરોનાં કારખાનાં નીકળવા લાગ્યાં છે. અનાજની અછત નિવારવાનો એ જ ઉપાય મનાય છે, કેમકે પશ્ચિમી દેશોએ એ માર્ગ અપનાવ્યો છે, અને તેમને પોતાનાં યંત્રો વેચવાનાં પણ હોય. પણ એ જ પશ્ચિમના સાચા, સન્નિષ્ઠ, નિર્લોભી, તાત્ત્વિક તર્કશક્તિવાળા પંડિતો આવાં કૃત્રિમ ખાતરો આપ્યાથી જે પાક નીપજે છે તે અતિ હલકી કોટિનો હોય છે એમ કહે છે!

શ્રીમતી મૃદુલા કોઠારીએ હમણાં જ એક લેખ લખતાં અંગ્રેજ ખેતી-વિશારદ સર આલ્બર્ટ હાવર્ડનો અભિપ્રાય ઉતાર્યો છે તે અહીં આપવો સુસંગત લાગે છે: 'આ યંત્રો ને રાસાયણિક ખાતરો જમીનની આંતરિક રચના સાચવવામાં બિલકુલ કામયાબ નીવડતાં નથી. તેના ઉપયોગથી ઉત્પાદનની સાથોસાથ જમીનમાં કોહવાટની જે પ્રક્રિયા ચાલવી જોઇએ તે ચાલતી નથી. રાસાયણિક ખાતર એક જ કામ કરે છે, અને તે એ કે તે જમીનની સંપત્તિનું રૂપાંતર કરી નાખે છે; પણ તે જમીનને નવી મૂડી આપતું નથી. જ્યારે બિલકુલ પ્રાણીઓ વિનાની ખેતી કરવાનું વધશે, ત્યારે ખેતીની નિષ્ફળતા આ હકીકત વધારે સ્પષ્ટ રીતે બહાર લાવશે. રોગનો ફેલાવો વધી રહ્યો છે. રાસાયણિક ખાતરોના વધતા વપરાશને લીધે જમીનમાં સેન્દ્રિય પદાર્થો ઘટ્યા છે અને પરિણામે પાક તથા પશુ બંને રોગના ભોગ બની રહ્યા છે.'

બાર્કરે પણ એ જ લખ્યું છે, કે રાસાયણિક ખાતરોથી ઉપજાવેલાં ખાદ્ય કસહીન હોય છે, ને તે માટે તેમણે મેજર જનરલ મૅક-કૅરિસને કરેલા પ્રયોગનો હવાલો પણ આપ્યો છે. મૅક-કૅરિસને એક બાજુ છાણખાતરિયાં અનાજ-શાક ખવડાવી પ્રાણીઓ ઉછેર્યાં, ને બીજે પડખે બીજાં એ જ વર્ગનાં પ્રાણી, રસાયણી ખાતર વડે તંતોતંત સરખી ધરતી પર ઉપજાવેલા ખોરાક પર ઉછેર્યાં. છાણખાતરિયા ખોરાકવાળાં જાનવર અલમસ્ત બન્યાં, રસાયણી ખોરાકવાળાંનો વિકાસ કુંઠિત રહ્યો.

આપણે ત્યાં બનતું હશે કે નહિ તેની બરાબર ખબર નથી, પણ પશ્ચિમના દેશોમાં સફરજન તથા તેવાં બીજાં ફળો પર સોમલ છાંટે છે, ને તેવાં ફળ ખાવાથી સખત ઝેર ચડ્યાના કિસ્સા પણ બને છે. (થોડા વખત પર જાપાની ફળો વડે રોગ ફેલાયાનું પણ એક બૂમરાણ છાપાંમાં આવ્યું હતું.) ગરમ દેશોમાં ને અન્યત્ર કુદરતી રીતે ઊગેલાં ફળને ડબ્બાવાસી બનાવે છે તે વ્યાપાર-દૃષ્ટિએ બરાબર હશે, પણ ખાદ્ય દૃષ્ટિએ એ ફળો કેટલેક અંશે નિષ્પ્રાણ બને જ છે. ઘણીક વાર કાચાં, અપક્વ ફળોને પણ વીણી લે છે, ને પછી વખારોમાં પકવે છે. તડકામાં કુદરતી રીતે, ભગવાન સવિતાનારાયણની હૂંફમાં પાકેલાં ફળમાં જ આરોગ્ય આપવાની તાકાત પ્રકટે છે, વખારોમાં પકવેલાં ફળ કસહીન બને છે, એમ બાર્કર સ્પષ્ટ લખે છે.

એનું માનવું છે કે એસ્કિમો જેવી શુદ્ધ ને સંપૂર્ણ માંસાહારી કે અન્ય શુદ્ધ શાકાહારી પ્રજાના દાંત ઘણા સરસ હોય છે, કેમકે તેવી પ્રજાઓ કૃત્રિમ વાનીઓની લપમાં પડેલી નથી. એવી પ્રજાનાં મોં મરાઉ ને ગળાં નીરોગી હોય છે; પાચનશક્તિ સારી, કબજિયાત બિલકુલ નહિ; અને આંતરડાના તથા બીજા રોગોમાંથી એકંદર મુક્ત હોય છે.

(ઑક્ટોબર ૧૯૬૦) ૪૧૮

સુધરેલી પ્રજાઓનો ખોરાક નળી-પ્રદેશ ઘણો બગાડી જાય છે. પેઢાં કંગાલ, દાંત સાવ નબળા, કાકડા સૂઝેલા ને બગડેલા. વધારામાં અજીર્ણ, કબજિયાત, આંતરડાં ને આમાશયમાં ચાંદાં, અંત્રપુચ્છ (ઍપેન્ડિસાઇટિસ), પેટના અર્બુદ (કૅન્સર) વગેરે જાતજાતના રોગો સુધરેલી પ્રજાઓમાં ફેલાઈ ગયા છે, પણ તેનું નામનિશાન 'જંગલી' પ્રજાઓમાં દેખાતું નથી.

અહીં મને મારા મશિયાઈ ભાઈ, સુનીતિ હાઈસ્કૂલના આચાર્ય શ્રી નવનીતલાલ મહેતાએ કહેલી વાત યાદ આવે છે. સને ૧૯૩૭માં ૩૪ વરસની ઉંમરે તેઓ દરિયાપાર ભણવા ગએલા. એડિનબરની કૉલેજમાં ભણતા હતા. આ નવનીતભાઇ (જેમને માટે શ્રી ચંદ્રવદન મહેતાએ 'બાંધગડરિયાં'માં 'અતિ ડાહ્યા' છોકરા તરીકે ઘણો ઉલ્લેખ કરેલો છે, તે)ના દાંત આજે સાઠ વરસની વયે પણ મોતીના દાણા જેવા છે, સાડત્રીસમે વરસે હતા તેવા ને તેવા સુંદર છે. સ્કૉટલૅન્ડમાં તેમની સાથે ભણવામાં ૨૪-૨૬-૨૮ વરસની ઉંમરની અનેક બાળાઓ હતી. એ બધી બાળાઓ નવનીતભાઈના દાંત જોઇને નવાઈ પામતી. અત્યંત આશ્ચર્ય સાથે વારંવાર પૂછતી: 'Is it your own teeth? Your natural teeth? Really your born teeth?' (તમારા આ દાંત કુદરતી છે? જનમના જ છે? ખરેખર?) અને નવનીતભાઇ હા કહે ત્યારે મહામુસીબતે એ વાત તેમને ગળે ઊતરતી; કારણ એ બધી જ બાળાઓ ૨૪-૨૬-૨૮ વરસની ઉંમરે ચોકઠાગ્રસ્ત બની ગએલી હતી!

અને ન્યૂ ઝીલૅન્ડમાં મેં પણ જોયું કે ચારચાર વરસની કીકીઓના દાંત પણ ચૉકલેટ ને ચ્યૂઇંગ ગમ ચગળ્યાથી કાળા પડી ગએલા, તે!

સદ્‌ભાગ્યે પચ્ચીસેક વરસના અંધારપટ પછી ફરી આપણે ત્યાં દાતણનું પુનરાગમન થતું દેખાય છે. દાતણનું 'જંગલીપણું,' દાતણની ગેરઆબરૂ ઓછી થતી જાય છે; દંતવૈદો પણ હવે તેની ભલામણ કરતા થયા છે, ને પાઉડર તથા મલમ(પેસ્ટ)ની ભલામણ કમ થઈ ગઇ છે.

સુધરેલી—અગર સુધરવા ઇચ્છતી—પ્રજા હજારો વરસની જૂની કુદરતી પદ્ધતિઓ કે અન્નરીતિઓને સ્થાને બનાવટી ખોરાકો ને કારખાનદારીના પંથ તરફ વળે તેમાંથી કશું સુખદ પરિણામ આવતું નથી. ખોરાકની ગફલતમાંથી જ અનેક રોગો નીપજે છે ને વધે છે. તેને મટાડવા કે અટકાવવાનો ઉપાય તેને ફરી કુદરત તરફ વાળવાનો છે. બાર્કર લખે છે કે દર્દીને કુદરતી આહાર તરફ વાળતાં જ દાંતનો સડો અટકી જાય છે. તે લખે છે કે 'વૈજ્ઞાનિક' ખોરાક ખાનારો વર્ગ મુખ્યત્વે શ્રીમંત વર્ગ છે ને તેના દાંત સૌથી નઠારા હોય છે.

ખાધાખોરાકીને લગતા પણ જાતજાતના પંથ નીકળી પડેલા છે. કેટલાક ખોરાક-સુધારકો દૂધનો જ સખત નિષેધ જાહેર કરે છે. કહે છે: દૂધ તો વાછરડાં સારુ જ નિર્માણ થાય છે. કેટલાક કહે છે કે આટામાં બહુ જ સ્ટાર્ચ હોય છે, માટે માનવીએ તો ફળ, શાક ને શીંગો જ ખાવાં જોઈએ. તે માટે જ તે નિર્માણ થએલો છે. કોઈક કહે છે કે વાંદરાંઓ ફળ, શાક ને શીંગો ખાઇને જ જીવે છે ને માણસ પણ મોટી જાતના વાંદરાનો જ વંશ જ છે, માટે તેણે એ જ ખાવું... પણ પ્રાણીબાગના રક્ષકો કહે છે ને બતાવે છે કે વાંદરા ઇંડાં ને કાચું કે રાંધેલું માંસ હોંસેહોંસે ખાઈ જાય છે, મોટાં વાંદરાં પણ!

ને પછી અતિ અદ્‌ભુત રીતે બાર્કર શાકાહારની તરફેણ કરે છે. જે શાકાહાર-શુદ્ધ નિરામિષ ભોજન-ની શોધ જગતભરમાં આર્યોએ જ કરી છે, આર્યો જ કરી શક્યા છે, લગભગ તેવા જ શાકાહારનું શાસ્ત્રીયપણું બાર્કરે બતાવ્યું છે.

લખે છે એ: 'માંસાહાર કે શાકાહાર, કોઈ પણ પક્ષનો અંગત પૂર્વગ્રહ રાખ્યા વગર જ હું મારા દર્દીઓને કુદરતી ખોરાક તરફ વાળવા મથું છું. મારા બધા જ દર્દીઓને હું શાકાહારી બનાવું છું ખરો, પણ તેનું કારણ એ નથી કે હું પોતે શાકાહારી છું. બીજા જ, તદ્દન વહેવારુ મુદ્દાસર હું એમ કરું છું. કબજિયાત એ સુધરેલી દુનિયાનો મહાશાપ છે. હોજરીમાં રસળ્યા કરતું માંસ (પંખીનું, પ્રાણીનું કે મચ્છીનું) ખૂબ જ સડે છે. ગામડે રહેતા લોકો ગાયનું છાણ અગર ઘોડા કે ઘેટાંની લાદ પડી હોય તેવાં મેદાનોમાં નિરાંતે બેસે છે. એથી કશું નુકસાન નથી એવી અંતરસૂઝ તેમને હોય છે. બીજી બાજુ બિલાડાનું નરક પડયું હોય ત્યાંથી એ જ લોકો ગભરાઈને નાસે છે: ગાયોની કોઢમાં કે ઘોડાના તબેલામાં છાણ-લાદ ગમે તેટલાં પડયાં હોય તો પણ લોકો ફરેહરે છે કે કામ કરે છે; પણ પ્રાણીબાગમાં ગયાં હોય ત્યારે એ મસ મોટા બિલાડા (વાઘ-સિંહ ચિત્તા)નું નરક રખેવાળ તુરત ઉપાડી લેતો હોય તો પણ લોકો ત્યાંથી ભાગી છૂટે છે! કદીકદી રસોડાના પિંજરામાં પડેલો માંસનો ટુકડો વાસી બની સડવા લાગે કે ગૃહિણી ગભરાઈ જાય છે, તેની દુર્ગંધ નાકમાં ન જાય તેની બરાબર સંભાળ રાખે છે, ને ઝટઝટ તેને કયાંક દાટી દે છે! બીજે પડખે, એકાદું સફરજન પડયું પડયું વધારેપડતું પાકી ગયું તો તેની એને ફિકર થતી નથી. વધુ પાકટ થાય, પોચું પડી જાય તો પણ તેમાંથી ભયંકર દુર્ગંધ તો નથી નીકળતી! આ છે માંસાહાર ને શાકાહારનો મહાભેદ!'

આગળ ચાલતાં લખે છે: 'મારા દર્દીઓને હું શાકાહારી તો બનાવું જ છું, પણ તેનો ગૂઢાર્થ પણ હું તેમને સમજાવી દઉં છું. તેમને કહું છું કે તમે દૂધ ને ઇંડાં' (ઇંડાંને એ અપવાદ રૂપ લેખે છે, ને પોતાની પ્રથામાંથી બકાત નથી કરતો) 'લ્યો છો તે એક પ્રકારે પ્રાણિજ ખોરાક જ છે. વળી હું દરેકેદરેક દર્દીને એક યા બીજા રૂપમાં થૂલું તો ખવડાવું જ છું. કુદરતે અદ્‌ભુતમાં અદ્‌ભુત ખાદ્યો સરજેલાં છે, ને એથી ચડિયાતા ખોરાક બનાવવાનો વિજ્ઞાનનો દાવો નકામો છે. કોઇ ખાદ્ય એનાથી બહેતર બની શકે જ નહિ. બાળક મોટું થતું જાય તેમ તેમ તેની માતાના ધાવણનું બંધારણ–બાળકની બદલાતી જરૂરિયાત મુજબ–બદલાતું જ રહે છે. 'સુધરેલા' લોકો પોષણતત્ત્વોથી અને મૂળભૂત ધાતુઓથી વંચિત બનેલો, નિરંગી (બ્લીચ્ડ) આટો ખાઈખાઈને મોટા થાય છે.' (સદ્‌ભાગ્યે આપણા દેશમાં હજુ એ સ્થિતિ આવી નથી. લોકો ઘરવપરાશમાં મેંદો કદીક જ વાપરે છે, લોટ જ વધુ વપરાય છે.) 'આ લોકોના દાંત નઠારા, પગની પાની ફાફડી, પગ રાંટા, છાતી નબળી ને આંખ કમદેખુ બને છે તેનું કારણ આવો પોષણહીણો ખોરાક જ છે. આ વિધાન પુરવાર કરવા બેસું તો બહુ લાંબું થઈ જાય, પણ જેમને વધુ માહિતી જોઈએ તેમને મારાં અન્ય પુસ્તકોમાંથી તેમજ આહારશાસ્ત્રના કેટલાક બીજા ગ્રંથોમાંથી મળી રહેશે.

સુધરેલા લોકો છેક બચપણથી ધાન્યના સાચા તત્ત્વ રૂપ થૂલાથી વંચિત રહ્યા હોય છે, એટલે તેમની એ ઊણપ પૂરી કાઢવા હું તેમને પુષ્કળ થૂલું ખવડાવું છું. પરિણામ? એકદમ ચમત્કાર! બધી જાતના રોગો ને ગરબડો ઝટપટ ટળવા લાગે છે. થૂલું આંતરડાંને વધુ ચંચળ બનાવે છે માટે જ હું દર્દીઓને તે તરફ વાળું છું એ માન્યતા ખોટી છે.

શ્રી "ક" ૮૦ કરતાં પણ મોટી ઉંમરના હશે. એક દિવસ તેમણે આવી થરથર ધ્રૂજતે હાથે પોતાની હોજરીની એક્સ રે તસવીરો બતાવી. લગભગ રડતે સાદે, સાવ નિરાશ સૂરે તેમણે કહ્યું કે મેં મોટામાં મોટા નિષ્ણાતોની સલાહ લીધી ને સૌએ કહી દીધું છે કે તમારાં આંતરડાં સુધરે એ વાત અશક્ય છે. મેં તેમને દહાડામાં ત્રણ વાર થૂલું ખાવાની સલાહ આપી. થોડાં સપ્તાહ પછી ફરી મળવા આવ્યા. આગળ મુજબ લથડતે ડગલે નહિ, ઊછળતા, થનગનતા! ઉલ્લાસભેર કહે: "આ તો માળું ભારે થઈ ગયું, (અનુસંધાન પૃષ્ઠ ૪૨૭ પર)

અંકોર-વાટનાં ભવ્ય-ભગ્ન મહાલયો

પૂર્વેશિયામાં પ્રતિષ્ઠાપિત ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવતી લેખમાળા 'અગસ્ત્યને પગલે'

નવનીત પારેખ

અમે હવે મુખ્ય મંદિરને ફરતી પરસાળમાં ચાલ્યાં. પરસાળનો એક બાજુ ખુલ્લી છે ને બહારના પ્રાંગણમાં પડે છે; જ્યારે બીજી બાજુએ ભીંત પર અંકોર-વાટનાં વિખ્યાત ભિત્તિશિલ્પોમાં હિંદુ પુરાણોના અસંખ્ય પ્રસંગો ને કથાઓ આલેખાયાં છે.

શરૂમાં તો અમે બધાં છૂટાંછવાયાં આમતેમ ફર્યાં. એક ખૂણાના શિલ્પમાં બે ભુજાવાળા રવિ-દેવતા એક હાથમાં ચક્ર તથા બીજામાં પદ્મ ધારણ કરીને, રથમાં બિરાજીને આવતા હતા; તેમના કુશળ સારથિ અરુણ રથના સાતે અશ્વની લગામ પકડીને ચતુરાઇથી તેમને દોડાવતા હતા; તો વળી બીજા એક ખૂણામાં હિમાંશુ શશિ-દેવતા તેમના રથમાં સવારી કાઢીને આવતા દેખાયા. રવિ તથા શશીની આ બેલડી અત્યન્ત સુંદર શિલ્પમાં કંડારેલી છે.

'અરે, આ ઇંદ્રની સભા તો જુઓ!' શ્રી ચેટ્ટીઆરે મને સાદ કરીને બોલાવ્યો. એક તકતીમાં અમરાપુરીના દેવ-જનો, માથે રત્ન-જડિત મુકુટ પહેરીને, હરોળમાં બેસીને સ્વર્લોકના રાજતંત્રની ચર્ચા કરતા હતા, વળી ચેટ્ટીઆર મને એક બાજુએ લઈ ગયા. ભારતીય સંસ્કૃતિને પૂર્વેશિયામાં પ્રતિષ્ઠાપિત કરનાર સમુદ્ર-મુલુક મહર્ષિ અગસ્ત્યને અહીં શિલ્પમાં આલેખ્યા હતા. પદ્માસન વાળીને બેઠેલા ઋષિના પગ તો મોટે ભાગે ખરી પડયા છે, પરંતુ બાકીનો ઉપરનો બધો ભાગ સરસ જળવાઈ રહ્યો છે. અણીદાર, મધપૂડા જેવી દાઢીવાળા અગસ્ત્ય બંને હાથ અંજલિ-મુદ્રામાં જોડીને જાણે કે મંત્રોચ્ચાર વડે અર્ઘ્ય આપી રહ્યા છે. મહર્ષિની ધ્યાનસ્થ દશા દર્શાવવા શિલ્પકારે તેમના ભાલ-પ્રદેશ પર બે-ત્રણ કરચલી ખૂબીથી કંડારી છે, જ્યારે તેમની રાજ-પ્રતિષ્ઠા તથા દિવ્યતા દર્શાવવા તેમને મુકુટ, કુંડળ, રત્નમાળા વગેરે અલંકારોથી વિભૂષિત કર્યા છે. ઘણા સમયથી અપૂજ છતાં અલિપ્ત રહેલી



મહર્ષિ અગસ્ત્યનું કંબોજ શિલ્પશૈલીમાં નિરૂપણ



ગરુડારૂઢ વિષ્ણુનું ભિત્તિશિલ્પ

મહર્ષિની પ્રતિમાને અમે પુષ્પોપહાર અર્પણ કરીને અમારાં પૂજ્યભાવ, ને પ્રશંસા અલ્પાંશે પ્રકટ કર્યાં.

શ્રી લાકરે હવે પદ્ધતિસર ચારે બાજુની આખી પરસાળ ફરવાનું સૂચવ્યું. પ્રદક્ષિણાની પ્રણાલી પ્રમાણે અમે ડાબેથી જમણે મંદિરની ચારે બાજુની પરસાળમાં ફર્યાં.

પશ્ચિમના મુખ્ય દ્વારની ડાબે (ઉત્તરાર્ધમાં) રામ-રાવણનું ભીષણ યુદ્ધ કંડારાયું છે. લાકરના મત પ્રમાણે અંકોર-વાટનું આ સર્વોત્તમ ભિત્તિ-શિલ્પ છે. ભગવાન રામચંદ્રની વિશાળ વાનરસેના રાવણના આયુધસજ્જ યોદ્ધાઓને પીંખી નાખતી નજરે પડે છે. તેમની મધ્યમાં રઘુવીર રામ ભક્તરાજ હનુમાનજીના ખભા પર સવાર થએલા છે, જ્યારે જરા દૂર દશ મુખવાળો લંકાપતિ દાનવો વડે ખેંચાતા રથ પર આરૂઢ થઇને યુદ્ધભૂમિ પર આવે છે.

આગળ જતાં પરસાળનો વાયવ્ય ખૂણો આવ્યો. અહીં પણ રામાયણના પ્રસંગો અંકિત છે: શિવ-ધનુષ ઉઠાવતા રામ, સીતાહરણ, અશોક-વાટિકામાં સીતાજીને મળતા હનુમાન તથા સીતાજીની અગ્નિ-પરીક્ષા. ત્યાંથી ઉત્તર પરસાળમાં વળતાં આરંભમાં દેવ-દાનવોના યુદ્ધપ્રસંગો જોવા મળ્યા અને પાછલી બાજુએ ગરુડારૂઢ શ્રીકૃષ્ણ પોતાના પૌત્ર અનિરુદ્ધના અપહરણ માટે બાણાસુરની સેનાનો સંહાર કરતા જણાયા. જરા આગળ જતાં પછી ભગવાન શંકરની ભલામણથી કૃષ્ણ બાણાસુરને ક્ષમા આપતા દેખાય છે.

હવે અમે પૂર્વ બાજુની પરસાળે આવ્યાં. અહીં ચતુર્ભુજ વિષ્ણુ તથા દાનવો વચ્ચેનો વિગ્રહ કંડાર્યો છે. પણ આ શિલ્પ ઘણું નબળું તથા ઉતાવળમાં કંડાર્યું જણાય છે. ને થી આગળ સ્વર્ગ તથા નરકનાં દૃશ્યો જોવા મળે છે. અમરાપુરીમાં વિહાર-ક્રીડા કરતા પુણ્યાત્માઓ તથા





અંકોર-વાટની ચોમેર ફરતી અરધો માઈલ લાંબી પરસાળમાંનાં આઠઆઠ ફૂટ ઊંચાં ભિત્તિ-શિલ્પો પૈકી બે નમૂના: 'રથારૂઢ ચંદ્ર', અને 'યુદ્ધમાં રાવણ'.

નરકાગારમાં યાતના ભોગવતા પાપાત્માઓની દશા જોઇને દર્શનાર્થી યાત્રી સદાચારી બને એવી આશા શિલ્પીએ સેવી હશે. ઉપર મથાળે યમરાજ બધાંનો ન્યાય કરતા બિરાજ્યા છે.

પૂર્વની પરસાળના દક્ષિણાર્ધમાં તો સમુદ્ર-મથનનું વિખ્યાત પ્રલંબ-શિલ્પ આવેલું છે. મહાકાય વાસુકિ નાગનું મુખ પકડીને દાનવો તેને પોતાની બાજુ ખેંચે છે જ્યારે નાગરાજની પુચ્છ બાજુએ દેવો તેને ખેંચતા દેખાય છે. અહીં શ્રી વિષ્ણુ બે સ્વરૂપે જોવા મળે છે. એક તો મંથન-સ્તંભ મંદરાચલ પર્વતની તળે કૂર્માવતાર રૂપે, તથા સ્તંભની ઉપર દેવ સ્વરૂપે. પરસાળનાં આ બધાં કાળા પથ્થરનાં શિલ્પો બહુ નજીવાં ઉપસેલાં છે અને તે પર અગણિત યાત્રીઓના હાથ ફરવાથી તે બધાં ખૂબ સુંવાળાં ને ચળકતાં બની ગયાં છે.

દક્ષિણ પરસાળમાં અમને સમ્રાટ સૂર્યવર્મન તથા તેમની પ્રતાપી સેના જોવા મળ્યાં. રત્નજડિત મુકુટ, બીજાં આભૂષણો તથા ખડ્ગ ધારણ કરીને આ દેવરાજા પોતાના રાજવી હસ્તી પર બિરાજમાન છે, જ્યારે તેમના આદેશ અનુસાર તેમની ચતુરંગી સેના શત્રુઓ (થાઇ લોકો) પર આક્રમણ કરતી નજરે પડે છે. યજ્ઞના અગ્નિદેવને હાથમાં ધારણ કરીને ચાલતા ઋત્વિજ બ્રાહ્મણો પણ રાજાની સવારીમાં દેખાયા. સૂર્યવર્મનના શિલ્પ નીચે જ તેમનું નામ 'પરમવિષ્ણુલોક' અંકિત કરેલું છે જે આ શિલ્પની ઓળખ આપે છે.

પરસાળના નૈઋત્ય ખૂણામાં ગોપ-ગોપી-ગાયોના રક્ષણ અર્થે ગોવર્ધન પર્વતને ધારણ કરેલા ભક્તવત્સલ શ્રીકૃષ્ણ નજરે પડયા. તે પછી ફરી સમુદ્ર-મંથનનું એક શિલ્પ આવ્યું, તે તેની જોડે વળી સમર્થ પરંતુ ઘમંડી રાવણ કૈલાસ-પર્વતને ઉઠાવવાનો મિથ્યા યત્ન કરતો જણાયો. અહીં વળી વાનર-બંધુ વાલી-સુગ્રીવનું દ્વંદ્વ, ભગવાન શંકરની સમાધિમાં વિક્ષેપ પાડતો કામદેવ તેમજ મોટા ઓખલ (ખાંડણીઆ) સાથે બંધાએલા દામોદર કૃષ્ણ બે મોટાં વૃક્ષો ઉથલાવીને વૈકુંઠના દ્વાર-પાલકો જય-વિજયને મુક્તિ આપતા નજરે પડયા. છેલ્લે, પશ્ચિમ પરસાળના દક્ષિણાર્ધમાં મહાભારતનું તુમુલ યુદ્ધ કંડારાયું છે. કુરુક્ષેત્ર પર કૌરવો તથા પાંડવોની અઢાર અક્ષૌહિણી સેનાઓ એકબીજી પર ત્રાટકે છે ને ભીષણ હત્યાકાંડ રચાય છે. ઉપર મથાળે ભીષ્મ-પિતામહ બાણની શય્યા પર સૂતા છે ને વિજયી પાંડવોને સલાહ-ઉપદેશ આપે છે.

ડાબેથી જમણે ચારે દિશાની પરસાળ ફરવામાં આપોઆપ અમારે મંદિરની પ્રદક્ષિણા થઈ ગઇ. આઠ-આઠ ફીટ ઊંચાં આ પ્રલંબ-શિલ્પોને જોડવામાં આવે તો તે અરધો માઇલ લાંબાં થાય!

હવે અમે પગથિયાં ચડીને કેન્દ્રના મંદિરની અગાસી પર આવ્યાં. અહીં નાનાંનાનાં સંખ્યાબંધ મંદિરો ભગ્નદશામાં આવેલાં છે તે બધાંનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું. પરંતુ અંકોર-વાટની ઊંચાઇ તથા ભવ્યતાનો પૂરો ખયાલ મેળવવા અમારે હજુ ઊંચે ચડવાનું બાકી હતું. આ છેવટની અગાસી પર જવા માટેનાં પગથિયાં ખૂબ ઊંચાં ને સાંકડાં છે તેથી અહીં લોખંડનો કઠેડો મૂકવામાં આવ્યો છે. આ છેક ઉપરની અગાસી પણ સારી જળવાઈ છે. અહીં ગોળાકાર છાપરાવાળી પરસાળ પાંચે મંદિર-શિખરોને સાંકળી લે છે. પરસાળની એક બાજુએ થાંભલા છે જ્યારે બહારની બાજુએ નાજુક, વર્તુળાકાર સ્તંભવાળી જાળીઓ છે. અગાસીને ચારે ખૂણે એક એક શિખર આવેલું છે ને મધ્યમા અંકોર-વાટનું મુખ્ય ઉચ્ચતમ શિખર. ખ્મેર સુવર્ણકાળે જગતના આ સૌથી ભવ્ય દેવાલયનું ગર્ભગૃહ અહીં હશે અને અંદર ચતુર્ભુજ વિષ્ણુ શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરીને પ્રસન્ન વદને ઊભા હશે!

આજે તો અંકોર-વાટની વિષ્ણુની પ્રતિષ્ઠાપિત મૂર્તિ મળતી નથી, તેથી ગર્ભગૃહના ઉંબરે જ અમે સાથે આણેલાં કમળનાં ફૂલો ધર્યાં ને ભક્તિભાવે નમન કર્યું. ઘણે પાછળથી આણેલી ભગવાન બુદ્ધની અસંખ્ય પ્રતિમાઓ બીજા એક નાના ખંડમાં ગોઠવેલી છે. અવારનવાર કંબોજ

દર્શનાર્થી ત્યાં આવીને પૂજા કરે છે. અમે પણ તથાગતને ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી લાઉરના મત પ્રમાણે આ બધી બૌદ્ધ મૂર્તિઓ સો વર્ષથી વધારે પુરાણી નથી; તેમાં ઘણી તો કાષ્ઠ પ્રતિમાઓ છે.

અંકોર-વાટનું કેન્દ્રનું મુખ્ય શિખર ભૂતળથી બસો પંદર ફીટ ઊંચુ છે. શિલ્પાચ્છાદિત તેનું બહારનું સમચોરસ પ્રાંગણ એકએક માઇલ લાંબુ છે. અંકોર-વાટની વિરાટ ભવ્યતાનો કાંઈક ખયાલ આથી મળી રહેશે જોઈએ. આસપાસની ગ્રામ જનતા તો એમ જ માને છે કે આ મહામંદિર સ્વર્ગના દેવોએ જ બાંધ્યું છે. અંકોર-વાટની ભવ્યતા, તેની સૌમ્યતા, તેની વિરાટતા તેમજ તેની સંપૂર્ણ પ્રમાણબદ્ધતા જોતાં ઘડીભર એમ જ લાગે કે સ્વયં વિશ્વકર્માએ જ તેનું નિર્માણ કર્યું હશે. ખરે જ, અંકોર-વાટ અપૌરુષેય લાગે છે. ચારે દિશાએથી આ સમચોરસ મહા મંદિર એક સરખુ પ્રતિભાસિત થાય છે, છતાં તેને જોતાં મન ધરાતું નથી. કવિરાજ માઘની ઉક્તિ, 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः' અંકોર-વાટને સાવ અનુરૂપ લાગે છે.



ટિકિટસંગ્રહ .... પૂર્વ આફ્રિકાનો નવો ટિકિટ-સમૂહ

આ ઑક્ટોબરની પહેલી તારીખે પૂર્વ આફ્રિકાએ સોળ ટિકિટો બહાર પાડી છે તે 'કુમાર' માટે ખાસ તેના એક ચાહક શ્રી મુરુ વીરમ રાણાવાયાએ, ટોરોરો (યુગાન્ડા) મુકામેથી મોટા ખર્ચે ઘણી ખરી 'મિન્ટ' મોકલી છે તે ધન્યવાદ સાથે આ નીચે આપી છે. એમના ઉપરાંત દારે-સ્સલામથી શ્રી એમ આર. દેસાઈએ, નાકુરૂથી શ્રી હસમુખ શાહે, ઇરિંગાથી શ્રી માધવજી ડાહ્યાએ, કંપાલાથી શ્રી ચંદુભાઈ પટેલે ને નરોબીથી શ્રી વિનયકાન્ત પટેલે પણ નવી ટિકિટો સાથેનાં ફર્સ્ટ-ડે કવર મોકલ્યાં છે.

ટિકિટોના બે પ્રકાર છે: સેન્ટ-મૂલ્યોની અને શિલિંગ-મૂલ્યોની. બધી ટિકિટો ઉપર રાણી એલિઝાબેથ બીજાની તસ્વીર તથા પૂર્વ આફ્રિકાનાં નસર્ગિક પ્રતીકોનાં આલેખન છે, પણ રચનાઓ ભિન્ન છે. સેન્ટ-મૂલ્યોની નવે ટિકિટ ઊભી છે અને તે પર કેન્દ્રને મથાળે તસ્વીર છે. બાકીની ત્રણ બાજુઓ પર ત્યાંના ત્રણ પ્રાન્તો—યુગાન્ડા, કીન્યા ને ટાંગાન્યીકાનાં નામ, ઉપલે ડાબે ખૂણે મૂલ્યનો આંક ને બાકીના ત્રણ ખૂણાઓ પર એ ત્રણ પ્રાન્તોનાં ત્રણે વિશિષ્ટ પ્રાણીઓ—કીન્યાનો સિંહ, યુગાન્ડાનો કલગીદાર બગલો તથા ટાંગાન્યીકાના જિરાફનાં શિરનાં આલેખન છે. શિલિંગ-મૂલ્યની સાત ટિકિટો પૈકી છ આડી અને છેલ્લી સૌથી ભારે કિંમત (૨૦ શિલિંગ)ની ઊભી છે. આડી ટિકિટો બધી બે રંગમાં છે અને તે પર જમણી બાજુએ રાણીની તસ્વીરની નીચે કિંમતનો આંક તથા બાકીના ભાગમાં ત્રણ કિનારે ત્રણ પ્રાન્તનાં નામની વચ્ચે પૂર્વ-આફ્રિકાના પ્રદેશનાં નિસર્ગદૃશ્યો નિરૂપ્યાં છે. છેલ્લી ૨૦ શિલિંગની ટિકિટ પણ છે તો બે રંગમાં જ. તેની સાદી રચનામાં નીચલે ડાબે ખૂણે મૂલ્યનો આંક અને બાકીના ત્રણ ખૂણે ત્રણ પ્રાંતોનાં ત્રણ પ્રાણીઓનાં શિરનાં ચિત્રોની વચ્ચે રાણીની મોટી તસ્વીર છે. બધી ટિકિટો પરનાં ચિત્રોની વિગતો અન્યત્ર આપી છે.

શબ્દકથા : 'ચક્રમ' અને 'સાઇકલ'

અખાડામાં નાખવાનો 'ચાક', ઓલ સાથે વપરાતી 'ચાકી', લોટ પીસવાની 'ચક્કી' કે પવનના ફરતી 'પવન-ચક્કી'; ચરર ચરર ચાલતું 'ચગડોળ', રોટલી વણવાનો 'ચકલો', બેસવાનો 'ચાકળો', કુંભારનો 'ચાકડો'; ફરતું 'ચક્કર', ખૂબ ઊંચેથી નીચે જોતાં આવતી 'ચકરી', બાબાની 'ચકરડી', અણધાર્યો ફૂટી નીકળતો કોઈ 'ચક્રમ' ને ઉપર ઊડતી સમડીનો 'ચકરાવો'—આ બધો વંશવિસ્તાર મૂળ તો સંસ્કૃત चक्रનો.

તમને જાણીને કદાચ નવાઈ લાગશે કે સંસ્કૃત चक्र અને અંગ્રેજી 'સાયકલ' તથા 'વ્હીલ' મૂળ તો એક જ શબ્દ હતા. મૂળ એક જ શબ્દનાં, કાળક્રમે ઉચ્ચારણ બદલાતાં થએલાં તે ત્રણ જુદાંજુદાં રૂપ છે. અંગ્રેજી 'બાઈસિકલ'નું ટૂંકું 'સાઈકલ' ગ્રીક 'કુક્લોસ' ઉપરથી આવેલું છે. અંગ્રેજી, ગ્રીક અને સંસ્કૃતની 'માતા' જેવી મૂળ ભાષાનો એક જ શબ્દ સંસ્કૃતમાં चक्र, ગ્રીકમાં 'કુક્લોસ' અને અંગ્રેજીમાં ક્રમેક્રમે કરીને 'વ્હીલ' એમ ઉચ્ચારાતો થઈ ગયો! વળી બીજા જ અર્થમાં એ ગ્રીક શબ્દ ફરી 'સાઈકલ' રૂપે અંગ્રેજીમાં પ્રચલિત થયો, ને ત્યાંથી ઉપાડીને આપણે પણ વાપરીએ છીએ. 'બાઇસિકલ' માટે 'દ્વિ-ચાકી' શબ્દ ઘડનારને કદાચ ગંધ નહિ હોય કે એ જુદાજુદા વેશપલટા નીચે રહેલી વ્યક્તિ મૂળે તો એક જ છે! —હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

જીવનલીલા

પોતાના સર્જનમાં પ્રકૃતિની રમણીયતા ને સંસ્કૃતિની સુવાસને સાંકળી લઈને ગુજરાતી સાહિત્યમાં અનન્ય અને વિશિષ્ટ સ્થાન મેળવનાર કાકાસાહેબ કાલેલકરના, ભારતની નદીઓ વિષે રસળતો પરિચય કરાવતા પ્રકાશિત પુસ્તક 'લોકમાતા'માં પ્રપાત, તળાવ-સરોવર, સમુદ્ર આદિ વિષેનાં વર્ણનો ઉમેરી તૈયાર કરવામાં આવેલું આ પુસ્તક, સાહિત્ય અકાદમી તરફથી પ્રતિનિધિ ગુજરાતી સાહિત્યકૃતિ તરીકે પ્રમુખ ભારતીય ભાષાઓમાં અનુવાદિત કરાશે. સાહિત્યને જીવનના પૂરક અંગ તરીકે મૂલવતાં કાકાસાહેબે યથાર્થ કહ્યું છે કે 'મારા ભારતપ્રવાસનાં વર્ણનો સાહિત્યવિલાસ નથી, પણ ભારતભક્તિનો ને પૂજાનો એક પ્રકાર છે.' શ્રી નગીનદાસ પારેખના 'અનુબંધ' અને સૂચિ સાથે. કિંમત: રૂા. ૨-૫૦.

જીવનચિંતન

પોતાના આ પુસ્તકનો પરિચય કરાવતાં કાકાસાહેબ લખે છે: 'ભારતીય સંસ્કૃતિમાં જે ઉત્તરોત્તર વિકાસ થતો આવ્યો છે તેનો સ્વીકાર જેમણે કર્યો છે અથવા જેમને એ વારસામાં મળ્યો છે તેમનાં શ્રદ્ધા, પુરુષાર્થ, અનુભવ અને આકાંક્ષા આમાં પ્રતિબિંબિત છે.'

જીવનદૃષ્ટિ એ કાકાસાહેબના સાહિત્યવિમર્શની નિકષરેખા છે. પોતાના સાહિત્યને તેમણે આત્મપરાયણ, સંયમપ્રધાન, સર્વોદયી સંસ્કૃતિનું ચિંતન કહ્યું છે. આજની ચિંતનની કક્ષા ઉત્તરોત્તર ભૂતિવાદ તરફ વળતી જાય છે, ત્યારે તો જીવનનાં ઉત્કર્ષ અને ઉન્નયનની આકાંક્ષા જન્માવતા આ પ્રકારના સ્વસ્થ અને પ્રેરક સાહિત્યનું અધ્યયન-પરિશીલન ખાસ જરૂરી ગણાય. કિંમત: રૂા. ૨-૫૦.

બાકાને પ્રતાપે

સ્વરાજ્ય માટે મીઠાના સત્યાગ્રહ શરૂ કરી ગાંધીજી ૧૯૩૦માં યરવડા જેલમાં ગયા ત્યારે કાકાસાહેબ તેમની સાથે પાંચ માસ રહેલા. દરમ્યાન 'મારા દેખતાં અથવા મારે કારણે જે પ્રસંગો બન્યા તે જ અહીં આપેલા છે' એમ તેમણે આ પુસ્તકની પ્રસ્તાવનામાં કહ્યું છે. કાકાસાહેબની રસળતી કલમે લખાએલા, ગાંધીજીના સાધનામય જીવનના આ પ્રસંગો સહુને પ્રેરક થશે. તેમણે એ વખતે લખેલી ડાયરી, ગાંધીજીના અમુક પત્રો, યાદગાર તારીખો

નવજીવન પ્રકાશન મંદિરનાં પ્રકાશનો

વગેરે પણ ઉમેર્યાં છે. કિંમત: રૂા. ૧-૦૦.

જીવનનાં ઝરણાં

ગુજરાતના જાણીતા આગેવાન કૉંગ્રેસકાર્યકર શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલે આલેખેલા ઈ. ૧૯૦૭ થી ૧૯૩૭ સુધીના આ આત્મકથાનક વિષે 'પ્રસ્તાવના'માં સ્વ. શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ કહ્યું છે: 'આપણા દેશના ઇતિહાસમાં ૧૯૦૫ના બંગભંગથી પ્રજામાં જે નવી જાગૃતિ પેદા થઈ અને જે નવા જુસ્સાનું બીજારોપણ થયું, ત્યારથી ૧૯૩૫ સુધીનાં ત્રીસ વર્ષના કાળમાં બનેલા બનાવોથી નવી પેઢી સારી રીતે પરિચિત ન હોય એવો ઘણો સંભવ છે. એ ત્રીસ વર્ષમાં દેશે, અને વિશેષે કરીને ગુજરાતે, જે પ્રગતિ કરી છે તેના કેવળ સાક્ષી જ નહિ પણ નાના કે મોટા ખેલાડી બનવાનું યે જેને ભાગ્યે આવ્યું તેને હાથે તે કાળના બનાવોની નોંધ લખાય એ કીમતી છે.

ગાંધીજીના આદિ સાથીઓમાંના રાવજીભાઈ એક ગણાય. તેમનું કામ આ ઘડી સુધી કરનારા સેવકો બેચાર જ હયાત હશે. એટલે ગાંધીજીની પ્રવૃત્તિઓ અને ગાંધીયુગ વિષે રાવજીભાઈની જુબાની બહુ કીમતી લેખાશે.

આ પુસ્તક એવું સરસ લખાએલું છે કે વાચક તેને વાંચતાં સુંદર નવલકથા વાંચતો હોય તેવા આનંદ સાથે વાંચશે. છતાં, આ કોઈ નવલકથા નથી, પણ હિંદુસ્તાનના ઉત્થાનની કથાનો જીવતો અંશ છે. રાજકીય બાબતોમાં પછાત અથવા ઉદાસીન ગણાતું ગુજરાત ગાંધીજીની કેળવણી-દોરવણી અને શ્રી વલ્લભભાઈની સરદારી નીચે જોતજોતામાં કેવું અને કેટલું રાજકીય ખેલાડી બની ગયું, અને બ્રિટિશ સલ્તનતને કેવી સફળ રીતે તેણે પડકાર આપ્યો તેનું આમાં દર્શન થાય છે. સાથે સમાજસુધારો, કેળવણી વગેરે ઉપર પણ પ્રકાશ નાખે છે.' સૂચિ સહિત. કિંમત: રૂા. ૩-૫૦.

બાપુ મારી નજરે : ગાંધીજી સાથેના પોતાના ૩૦ વર્ષના નિકટના સહવાસ પરથી લેખક શ્રી રામનારાયણ ચૌધરીએ લખેલાં ગાંધીજી વિષેનાં પ્રેરક સંસ્મરણો-શ્રીમતી અંજનાદેવી ચૌધરીએ લખેલાં વિશેષ સંસ્મરણો સાથે; કિંમત: રૂા. ૨-૦૦.

શાંતિનો માર્ગ : અનેક વાદોના સમાશ્રય તળે દુનિયા અપૂર્વ વેગથી ગતિ કરી રહી છે. એ ગતિના ધ્યેયનું તાત્ત્વિક તોલન કરવાની અગત્ય આ ઘડીએ અનિવાર્ય છે. આ ધ્યેયના વિવેકગ્રાહ માટે 'માનવજાતે આજ સુધીમાં જ્ઞાન, ફિલસૂફી, ધર્મ, રાજકારણ, અર્થકારણ, વેપારરોજગાર તથા ઉદ્યોગો વગેરેમાં માનવી તરીકે આ ધરતી પર તેણે સાધેલાં વિશિષ્ટ વિકાસ અને પ્રગતિનાં વૈયક્તિક તેમજ સામૂહિક ક્ષેત્રોમાં, જે કંઈ સિદ્ધ કર્યું છે તે બધાના સમન્વયની જરૂર છે. હિંદના આ ભાવિનિર્મિત સવાલની આ પુસ્તકમાં ચર્ચા છે. એનો માનવતાભર્યો એટલે કે આંતરરાષ્ટ્રીય ને રાષ્ટ્રીય દૃષ્ટિથી સાચો તથા મદદરૂપ થાય એવો જવાબ આપવાને આધુનિક વિચારણાએ જે કંઈ સૂચવ્યું છે તે બધા (મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ અને ગાંધીજીના કાર્યક્રમ)નો, આ આદરપૂર્વકનો અને વિવેચનશીલ અભ્યાસ છે.'

મૂળ લેખક : રીચર્ડ બી. ગ્રેગ, અનુવાદક : મણિભાઈ દેસાઈ, સૂચિ સાથે: કિંમત : રૂા. ૨.

નાની હાથપોથીઓ

ગાંધીજીએ અનેકવિધ વિષયો પર વિસ્તાર અને ઊંડાણથી લખ્યું છે. તેમાંથી, એમના વિચારો ટૂંકમાં પણ તેમને એ વિષય અંગે જે કહેવું હોય તે સ્પષ્ટ રીતે વાચકને મળી રહે

એ દૃષ્ટિ ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી નીચેની પુસ્તિકાઓ ગાંધીજીના વિચારોના અભ્યાસી તથા જિજ્ઞાસુઓ માટે ઉપયોગી હાથપોથી બની રહે છે. સંકલનકાર: પ્રથમ ત્રણ પુસ્તિકાઓના શ્રી આર. કે. પ્રભુ, ને છેલ્લી પુસ્તિકાના શ્રીમન્નારાયણ અગ્રવાલ.

સંતતિનિયમન(સાચો ને ખોટો માર્ગ): ગાંધીજીને મતે કૃત્રિમ સંતતિનિયમનનો એ ખોટો માર્ગ તથા સંયમ ને બ્રહ્મચર્યનો માર્ગ એ સાચો, તેમ અભિપ્રેત છે. કિંમત: ૪૦ નયા પૈસા. **શાકાહારનો નૈતિક સિદ્ધાન્ત**: આહાર, યુક્તાહાર, શાકાહાર ને માંસાહાર વિષે ગાંધીજીના વિચારો. કિ.: ૨૫ નયા પૈસા. **ગીતાનો સંદેશ**: ગીતાને જીવનકલાના શાસ્ત્ર તરીકે ચરિતાર્થ કરનાર ગાંધીજીએ દર્શાવેલો ગીતાનો, સર્વને માટે પ્રેરક ને સરળ સચોટ પ્રબોધ. કિંમત: ૨૫ નયા પૈસા. **સહકારી ખેતી**: હમણાંહમણાં જેણે ભારતના આયોજિત અર્થવિકાસમાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે તે સહકારી ખેતી પરના ગાંધીજીના માર્ગદર્શક વિચારો: કિંમત: ૨૦ નયા. પૈસા.

પ્રકાશક સંસ્થાનું સરનામું: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪.

અક્કલની ખાણ

મોટાં કે આખાં ચરિત્રોને મુકાબલે નાયકનાં મુખ્ય ચરિત્ર-લક્ષણોને વ્યક્ત કરતા પ્રસંગો સાંકળી લેતાં આંશિક ચરિત્રો ઘણી વાર પ્રભાવક ને પ્રેરક નીવડે છે. એ પ્રકારનું મૌલિક સાહિત્ય તો આપણે ત્યાં નહિવત્ છે. એવું સાહિત્ય વિપુલ માત્રામાં ન લખાય ત્યાં સુધી ગુણવાન અનૂદિત સાહિત્ય ગણનાર્હ છે.

જીવન માટેની સ્વતંત્ર, નિર્ભય અને ઉદાત્ત દૃષ્ટિ કેળવતા, અંગ્રેજી પરથી શ્રી ઈશ્વરભાઈ જે. પટેલે અનૂદિત કરેલા ચરિત્ર-અંશો પ્રસ્તુત પુસ્તકમાં આપવામાં આવ્યા છે. અનૂદિત હોવા છતાં તે મૌલિક લાગે છે, એ પુસ્તકની ભાષા-શૈલીનું નોંધપાત્ર અંગ છે.

માનવજીવનને સ્પર્શતા વિધવિધ વિષયો પર પ્રકાશ ફેંકતાં ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કરવાની પ્રકાશક સંસ્થાની પ્રણાલી આજ સુધી જળવાઇ છે. તે અનુસાર શ્રી ઈશ્વરભાઇ પટેલનું આ પ્રકારનું એક પુસ્તક 'બહુરત્ના વસુંધરા' પ્રકટ થઈ ચૂકયું છે (અને હાલ તે અપ્રાપ્ય છે). એવો જ ત્રીજો સંગ્રહ 'સર્જનહારની લીલા' હવે પ્રકટ થશે.

શ્રી ઈશ્વર પેટલીકરના 'આવકાર' સાથે; કિંમત: રૂ. ૨–૫૦. (પ્રકા.: પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., રાવપુરા, વડોદરા.)

કવિ શેલીનું કવિતામાધુર્ય

શેલી ઉત્કૃષ્ટ કક્ષાનો લાગણીપ્રધાન કવિ હતો. એની જ્વલંત બુદ્ધિનું દરેક પાસું ને થર એના અપ્રતિમ ભાવોદ્રેકથી ભરેલાં હતાં. એનું ભાવભરપૂર જીવન ખૂબ જ intense–તીવ્ર–હતું.

શેલીનાં કાવ્યોમાં 'વાર્તાત્મક કાવ્યો' સારા પ્રમાણમાં છે; પણ મીઠાશ અને માધુર્યથી છલકતાં એનાં 'lyrics' વધારે આકર્ષક અને પ્રખ્યાત છે, કારણ કે એમાં જુદીજુદી તત્ત્વચર્ચા છે. એમાં ભાવ અને લાગણીનાં પૂર એટલાં ઊછળી રહ્યાં છે, કે જાણે કવિનું હૃદય અને મન ફાટ્ફાટ્ થઈ રહ્યાં છે. આમ આત્મલક્ષી કાવ્યો એ એનું સાહજિક માધ્યમ થઈ રહ્યું છે.

'Skylark' એ ઇંગ્લંડનું વતની પક્ષી છે. કવિ શેલીએ આ પક્ષીનું આનંદમય ગાન સાંભળ્યું છે ને નજર નાખ્યે દેખાય નહિ એટલું ઊંચું એનું ઉડ્ડયન નિહાળ્યું છે. અંગ્રેજી ભાષામાં માધુર્યલયવાળું 'lilting song' આવું બીજું એકે નથી:

Hail to thee, blithe spirit, bird thou never wert
That from Heaven, or near it, pourest thy full heart
In profuse strains of unpremeditated Art.

ઘણી નૈસર્ગિક પશ્ચાદ્-ભૂમિકા લઇને કવિ શેલીએ આ પક્ષીને જુદી જુદી લાક્ષણિક રીતે વર્ણવ્યું છે. કવિ આ પક્ષીના ગાનને ચાર જુદીજુદી અવસ્થાઓ સાથે સરખાવે છે:

(1) Like Poet hidden in the light of thought
(2) Like a high–born maiden in a secret tower,
Soothing her love–laden soul in a secret hour
(3) Like a glow–worm golden in a shell of dew
(4) Like a rose embowered in its own green leaves

આ તો માત્ર થોડાં ઉદાહરણો ટાંક્યાં છે, પરંતુ એ આખા યે કાવ્યને ફરીફરી વાંચો અને એના મધુર સંગીતનું અમૃત-પાન કરો તો જ તમારી તૃષા છીપશે

એના આ કાવ્યને પૂરું કરતાં એ પક્ષીના આનંદ અને ઉલ્લાસભર્યા મધુર પાનની ઊંડી સમજ કવિ દાખવે છે, અને છેવટે તેને પ્રાર્થે છે કે:

Teach me half the goldness that thy brain must know,
Such harmonious madness from my lips would flow
The world would listen then as I am listening now.

શેલીની અંતરની ઊંડી ઇચ્છા એ હતી કે આ પક્ષીની જેમ પોતે પણ ઉલ્લાસમય બને.

'Ode to the West Wind' નામનું એનું બીજું એક સુંદર-મધુર કાવ્ય છે કે જે કવિના 'ઊંચે ઊંચે ખૂબ ઊંચે' ઉડ્ડયન કરતા ગગનવિહારી આત્માને વ્યક્ત કરે છે. એ કાવ્યની શરૂઆતમાં કવિને એવી લાગણી થાય છે કે 'West Wind' વૃક્ષોનાં પાંદડાં વેરવિખેર કરી નાખે છે અને શિયાળાને લાવે છે. પણ તરત જ આ 'west wind' ઉપર 'Soaring clouds on the bosom of the West Wind' એને યાદ આવે છે અને 'Waves that pulsate under its force' પણ સ્મરણમાં આવે છે અને તરત જ કવિ પોતાના આત્માના ઊંડાણમાં ઉતરી જાય છે અને 'West Wind'ના એના વિચારો આત્મલક્ષી થઇ જાય છે:

Oh! lift me as a wave, a leaf, a cloud!
I fall upon the thorns of life! I bleed!
A heavy weight of hours has chained and bowed
One too like thee: *tameless*, and *swift* and *proud*.


ઘણા વિદ્વાન અને અભ્યાસી વિવેચકોનું કહેવું છે કે 'કવિ શેલીએ પોતાનું વર્ણન, ઉપરના ત્રણ શબ્દોમાં કર્યું છે એવું કોઇએ હજી સુધી કર્યું નથી: tameless, swift and proud.'

અંગ્રેજી ભાષામાં ખૂબ જાણીતું અને પ્રખ્યાતિ પામેલું કાવ્ય કે જે એના મધુર સંગીતથી સર્વને મંત્રમુગ્ધ કરે છે; એ છે એનું the real song 'The cloud':

"I bring fresh showers for the thirsting flowers
From the seas and the streams,
I bear light shade for the leaves when laid
In their moonday dreams."

જુદાંજુદાં નૈસર્ગિક સૌંદર્યો કવિએ પોતાનાં અંતરચક્ષુથી જે જોયાં તે એણે એનાં lyrics-માં બહુ જ સુંદર રીતે અને મધુરતાથી ઉતાર્યાં છે. એક જાણીતા વિવેચકે તો લખ્યું છે કે 'મને મારું જીવન ફરીથી જીવવાની તક મળે તો હું દરરોજ થોડાં કાવ્યો વાંચું!' ચૈ.

કાયાની કરામત : ગંધરચના



ગંધ, જેમાંથી નીકળતી હોય છે તેમાંથી, આંખે દેખી કે બીજી કોઈ રીતે અનુભવી ન શકાય એવા અત્યંત બારીક કણના રૂપમાં નીકળે છે. એ કણ નસકોરાંમાં પ્રવેશીને નાકના ઉપરના ભાગમાં જાય છે, જ્યાં તે ઓગળીને પ્રવાહી થઇ જાય છે અને એનાથી ઉત્તેજિત થઇને ઘ્રાણેન્દ્રિયના તંતુ એ સુગંધરસને તાબડતોબ મગજના ગંધખાતામાં પહોંચાડે છે. આપણને સળેખમ થાય છે ત્યારે નાક નીતરીને એ ઉપલો ભાગ સુકાઇ જવાને લીધે આપણને વાસ આવી શકતી નથી. નાકના નીચેના ભાગમાં આંખ ને નાક વચ્ચે સંબંધ ધરાવતા તંતુઓ આવેલા છે. તે મરચાંની કે એવી કોઈ ઉગ્ર વાસ વેળા તરત ઉત્તેજિત થઇને છીંકો લાવીને તેમજ આંખમાં પાણી લાવીને એની અસર નાક બહાર ધકેલી કાઢે છે. (૨૫)

પચ્ચીસ વર્ષ પહેલાં



આસો ૧૯૯૧ અંક ૧૪૨



હિંદની સંસ્કૃતિના ઇતિહાસપટ પર એક પુરુષાર્થીની છબિ એવી અમર રેખાઓમાં અંકિત થએલી છે કે પુરુષાર્થના સૌ પૂજારી-ઓને એ પ્રયત્નાત્માના અલૌકિક પૌરુષનું સ્મરણ એ સર્વકાળ માટે કરાવતી રહેશે.

જન્મે ક્ષાત્રબીજ, પરંતુ ભાગ્યવશ સૂતપુત્ર બન્યો. બાંધવ રાજપુત્રોનાં પગરખાં સાચ-વતો એ ભણતો. પૃથ્વીને નક્ષત્રી કરનાર અગ્નિ સમા સર્વનાશી ગુરુ પાસેથી અત્યંત ધીરજથી એણે વિદ્યા સંપાદન કરવા યત્ન કર્યો. પોતાના રાજાની મહેરબાની મેળવી એક વાર એ એક વિશાળ પ્રદેશનો શાસનકર્તા પણ બન્યો. જે કૌટુંબિક રાજકલહને પરિણામે જગતનું સર્વ-પ્રથમ મહાન યુદ્ધ ખેલાયું, એમાં એના સૈનિક મુત્સદ્દીપણાના સર્વ ગુણો પ્રકાશમાં આવ્યા.

એને પોતાની જન્મજાતિ કરતાં કર્મજાતિ માટે અનહદ અભિમાન હતું, અને વિધિના લેખ પર મેખ મારી એ વીર પુરુષે પોતાનું અપ્રતિમ પૌરુષ સર્વકાલના પુરુષાર્થીઓ સ-મક્ષ દૃષ્ટાંત રૂપ મૂકી દીધું.

આર્યાવર્તના એ મહારથીને મળતું પુરુષાર્થી પાત્ર આજના જગતમાં પણ થઈ ગયું, પ્રગ-તિમાન પશ્ચિમના દેશમાં જન્મેલા એ મહા-વીરની જન્મજાતિએ એના જીવનવિકાસને અવરોધ્યો નહિ. ઊલટું, એ અન્યની પ્રગતિ-માં દૃષ્ટાંત રૂપ થઈ પડી. આજથી પચ્ચીસ વર્ષ પરના અંકમાં શ્રી ઠાકોર ચોકશીએ ચેકોસ્લો-વાકિયાના એ તારણહારનું ચરિત્ર લખેલું તેનો માત્ર શરૂનો જ ભાગ જુઓ—કેવો છે:

"ઇ. સ. ૧૯૧૪-૧૮ના મહાન વિશ્વયુદ્ધે યુરોપની રાજકીય ભૂગોળનું સ્વરૂપ પલટી નાખ્યું ત્યારે જે પ્રજાઓ સ્વતંત્ર થઈ એમાં ચેક અને સ્લાવ પ્રજાનું સ્થાન અતિ ગૌરવભર્યું છે. મહાયુદ્ધ પહેલાંના ઑસ્ટ્રીઅન સામ્રા-જ્યનું એક અંગ ગણાતી એ યુક્ત પ્રજાના નવા સ્વતંત્ર રાજ્ય ચેકોસ્લોવાકિયાના પાટનગર પ્રાગમાં એ મહાન નર થઇ ગયો.


ઓગણીસમી સદીના પૂર્વાર્ધનું એ છેલ્લું વર્ષ હતું એ વર્ષમાં ચેકોસ્લોવાકિયાના હૅપ્સ-બર્ગી રાજવંશના કોઈ ગાડીવાનને ત્યાં સા-તમી માર્ચને દિવસે એનો જન્મ થયો. પો-તાની પછી પોતાનો પુત્ર પણ એ જ રાજવંશને વફાદાર રહી, ગાડીવાન અગર તો રસોઈયાનું મામૂલી ઘરકામ કરી સંતોષમય સુખી જીવન ગાળશે એવી મનોરમ કલ્પનાઓમાં રાચતો એના પિતા એને ઉછેરતો હતો.

દૈવે એને ગુલામી જેવી નોકરી કરતા એક મામૂલી ગાડીવાનને ત્યાં જન્મ આપ્યો હતો, પણ એ પ્રયત્નાત્માએ તો પોતાના દેશમાં કોઈને પણ એવી ગુલામી ન કરવી પડે એવી પરિસ્થિતિ જન્માવી. પરંતુ એ પરિસ્થિતિ ઉપ-જાવતા પહેલા એને કેટલી યે આકરી કસોટી-એ ચડવું પડ્યું હતું. કેટલાંક વરસ સુધી તો એણે વીએનાના માર્ગો પર તાળાકૂંચીની ફેરી કરી હતી ત્યાર બાદ એક લુહારની કોઢમાં એ શિખાઉ તરીકે કામે રહ્યો.


પછી એ શિકારી બન્યો. એક વખત એને હાથે એક રીંછ ઘાયલ થઈ નાસી છૂટ્યું. હાથ-માં આવેલા શિકારને ગુમાવતાં ટૉમસ બહુ બેચેન થયો. અને રીંછની ખોજમાં એ કાર્પે-

સાબુનું શિલ્પ

ધોવાના સાબુની મોટા કદની ગોટી અથવા ઘરમાં પાડેલા સાબુનું મે ટું ચોસલું હોય તો તેમાંથી તમે ઘણા ઘાટ કોતરી શકશો. તેને માટે ઓજારોનો કંઈ જ ખર્ચ કરવો પડે એમ નથી. ધારદાર ચપ્પુ લઈ તે વડે બાજુમાં આપેલા નમૂનાઓના નં. ૧ પ્રમાણે દેવદારની ચીપમાંથી



એક બાજુ ચપટું અને એક બાજુ અણીદાર એવું છથી આઠ ઇંચની લંબાઈનું ઓજાર બનાવી લેવું. પછી નં. ૨ જેવા ઘાટનું બીજું ઓજાર બનાવવું. તેને એક છેડે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વાંક ઘડવો અને બીજે છેડે તાર વાળીને બાંધવો. તાર બરોબર કેમ બધાય તે માટે ચિત્ર નં. ૩માં 'ક' આગળ જે વિગતો બતાવી છે તે ધ્યાનમાં લેવી.



આટલી તૈયારી બાદ આ સાથે આલેખી બતાવ્યો છે તેવો દેડકાનો ઘાટ કોતરવાનો આ-રંભ કરજો. તેને માટે જે ચિત્રોમાં 'બાજુ' અને 'ઉપરથી' એવા શબ્દો લખેલા છે તે ચિત્રો જોઈ તે પ્રમાણે સાબુની વડી કે ચોરસ ગોડી પર પહેલા તો અણીદાર ઓજારથી રેખાઓ પાડો; અને પછી તારના ઓજારથી એ રેખા સુધી બહારનો ભાગ છોલી કાઢો. જરા પણ ઉતાવળ કરશો નહિ. ધીરેધીરે છોલ ઉતારતા જજો. વારેવારે બધી બાજુ ફેરવી ફેરવીને તપાસતા રહેજો.

ધ્યાનમાં રાખજો કે પાછલો ભાગ ઢાળમાં જાય છે. આગલા ભાગમાં ઊંચું મોં તેમજ આંખોના ગોળા પણ ખયાલમાં રાખવાના છે. તે વખતે દરેક અંગના ઢોચા સાચવજો. પગ તથા આંખના ઝીણા ખાચા પાડતી વેળા અણીદાર ઓજાર લેવું. આકારની પૂરી સમજણ ને ધીરજ હશે તો સરસ નમૂના બનશે.

વધેલી કરચો અને ટુકડાનો ભૂકો કરી ઊના પાણીમાં પિગાળી તે કપડાં ધોવા માટે વા-પરી શકાશે. બગડેલા નમૂના પણ પાછા આ જ રીતે વાપરી શકાશે.

નમૂના ખરેખર આકર્ષક બને તો ધાતુમાં તેના ઢાળા પાડવાનું પણ સહેલું છે. સીસાનો રસ તો ઘેર પણ થઇ શકે; પણ પિત્તળ કે લોઢાના રસથી ઢાળા પાડવા હોય તો ધાતુ ગાળ-નારાને કામ સોંપવાથી નજીવી કિંમતે ધાતુના નમૂના સંઘરી શકશો. [૨૫]

ચિયાની ખીણના પહાડો અને જંગલો ખૂંદી વળ્યો. ખૂબ ભટકયા પછી એને જિંદગીની વેદનાઓ ખતમ કરી ચૂકેલા રીંછનું મુડદું મળ્યું. પણ આ પ્રસંગે એનો જીવનપલટો કર્યો. એના હૃદયમાં ન્યાયની આહ ઊઠી. એના શૂન્ય બનતા જતા અંતઃકરણે જાણે ઉજાસ માગ્યો હોય તેમ ત્યાર પછી ટૉમસે નિશાળે જવું શરૂ કર્યું.

બુઝાતો દીપક તેલ પુરાતાં સચેત બને એમ ક્રમે ક્રમે જતી ટૉમસની બુદ્ધિમત્તા ઝળકી ઊઠી. તરત જ એના તરફ એના શિક્ષકોનું ધ્યાન ખેંચાયું. એના બાપને એમણે સલાહ આપી કે તમારો દીકરો મોટો પ્રોફેસર થવાને લાયક છે. પરંતુ દેશમાં બેફામ બનતા જતા ઉમરાવજાદાઓને ઠેકાણે લાવવા તલસી રહેલા ટૉમસને એ સલાહ ન રુચી.

ખાનગી વખતમાં ટ્યુશનો આપીઆપીને પેટિયું મેળવતાં એણે વીએના વિશ્વવિદ્યાલયની સર્વોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરી. તરત જ એને એ જ વિદ્યાલયમાં અધ્યાપકની જગ્યા મળી. માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એના પ્રિયવિષયો હોવાથી એમાં પ્રવીણતા મેળવી એણે 'આત્મહત્યાની મીમાંસા' પર એક ગ્રંથ લખ્યો.

ઑસ્ટ્રિયાની સીમા પાર જર્મનીના લાઈપઝિગ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ માટેના વસવાટ દરમ્યાન ટૉમસના જીવનમાં એક અગત્યનો બનાવ બન્યો. ઘણા જુવાનોના જીવનની પ્રગતિને યોગ્ય સમયે વેગ આપનાર કોઈ ને કોઈ પ્રેરણા મળી રહે છે. ટૉમસને પણ એવી સિદ્ધિ સાંપડી. એ પોતે શિસ્તપાલન અને સત્ય માટે અત્યંત ચોંપીલો હતો. અવ્યવસ્થાનો વિચારમાત્ર એને ત્રાસ ઉપજાવતો. એના આ સ્વભાવને અનુરૂપ એવી એક અમેરિકન કુમારી સાથે એને ત્યાં પરિચય થયો. અમેરિકાના વતનદારની એ પુત્રીનું નામ શાર્લોટ ગૅરિગ હતું. સમય જતાં એ કુમારીએ ટૉમસનું અંતર જીત્યું અને સહચારિણી થવા ઇચ્છા બતાવી. પરંતુ નિર્મળ ઝરણાં અસ્ખલિત વહેતાં નથી. ટૉમસ ગરીબાઈમાં ખૂંપતો જતો હતો. આખરે શાર્લોટના શ્રીમંત વાત્સલ્યભાવી પિતાએ ટૉમસને પોતાની લાડકી પુત્રીનો હાથ સોંપવા હા પાડી.

ગૅરિગ પોતાના વહાલસોયા બાપને છેવટનું મળી લેવા અમેરિકા ગઈ એ વાતને બે વરસ જેટલો સમય વીતી ગયો એટલામાં અચાનક ટૉમસને સમાચાર મળ્યા કે મુસાફરી કરતાં ગાડીમાંથી પડી જવાને લીધે શાર્લોટને સખત ઇજા થઇ છે. પ્રેમાળ ટૉમસને બહુ લાગી આવ્યું. બેબાકળો બની એ અમેરિકા જવા ઊપડ્યો. એને એ સ્ટીમર પર જીવલેણ અકસ્માત નડ્યો. પરંતુ એના દેશની ભાવિ પ્રજાના સુભાગ્યે એ એમાંથી ઊગર્યો. આ બાજુ શાર્લોટની તબિયત સુધારા પર આવતાં ઇ. સ. ૧૮૭૮માં બંને પરણ્યાં.

જીવનના એ પ્રેમળ મહત્ત્વપૂર્ણ પ્રસંગની યાદમાં ટૉમસે પોતાની સહચરીના કુટુંબનું નામ, પોતાના નામ સાથે સ્વીકાર્યું અને સ્લોવાક પિતા તથા ઝેક માતાનો આ પુત્ર ટૉમસ ગૅરિગ મસારિકના નામે ઓળખાયો. એક સૌભાગ્ય બીજાને નોતરે એ ન્યાયે આ પ્રસંગ પછી તરત મસારિકને એના એક શિષ્ય તરફથી સારો વારસો મળ્યો.

સ્વભાવને અનુકૂળ પત્નીએ મસારિકના નિત્યના સાથીદાર અને સલાહકાર તરીકે એના આત્મમંથનનાં વરસો દરમ્યાન તેમજ આંતરરાષ્ટ્રીય ખટપટોમાં અને રાષ્ટ્રીય ઉત્થાનમાં એકસરખો સહચાર સાધ્યો અને એમના દાંપત્યજીવનને સોહાવ્યું.

મસારિક તત્ત્વજ્ઞાનનો અધ્યાપક તો બન્યો, પરંતુ આ સમય દરમ્યાન કેટલાંક ચેક લખાણો બાબત એણે શંકા ઉઠાવતાં, ચોમેરથી એનામાં સ્વદેશાભિમાન ન હોવાના પ્રખર પ્રહારો થયા. એ સમયની ઑસ્ટ્રો-હંગેરિયન સરકારની નજરમાં પણ એ વિચારો અત્યંત રાજદ્રોહી જણાયા. તેની વિદ્વત્તા અગર અધ્યાપનકૌશલ્ય બાબતની તો ખામી એ કાઢી ન શકી, એટલે નાના અને નવા નિમાએલા અધ્યાપકોના હાથ નીચે કામ કરવાનું એને ફરમાવવામાં આવ્યું અને રાજદ્રોહી ભાષણના આરોપસર પ્રમોશન અટકાવવામાં આવ્યું.

પરંતુ સરકારના આ બધા યે પ્રયત્નોને સખ્ત ફટકો મારવા ઇચ્છતો હોય તેમ એણે રાજસભાના સભ્ય તરીકે વિદ્યાપીઠના પ્રતિનિધિ બની પોતાની ઉમેદવારી બહાર પાડી ને લાગણીભર્યા શિષ્યોના ઊર્મિલ પીઠબળને પરિણામે વિજયી બનેલા મસારિકે એક ચેક સ્વદેશાભિમાનીને છાજે એવી પ્રખર વાક્‌ધારાથી રાજસભામાં પોતાના વિરોધ એટલી સચોટ રીતે રજૂ કર્યો કે ધૂંધવાઇ રહેલી સરકારને માટે તો એ નરને રાજદ્રોહના આરોપસર અટકાયતમાં લઈ હવે કેદમાં પૂરવા જેટલું જ બાકી રહ્યું હતું. પણ એ પરિસ્થિતિ ઊભી થાય એ પહેલાં મસારિકે ચેતી જઇ સ્વદેશનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો.

અને આ પ્રમાણે સ્વદેશના ઉત્કર્ષ માટે જનમભોમકાનો ત્યાગ કરનાર મસારિક લંડનમાં જઈ વસ્યો ને ત્યાં ઠરીઠામ થયો. એ દિવસોમાં એ અર્થશાસ્ત્રનો અધ્યાપક હતો.

જેની સ્વતંત્રતા ખાતર મસારિક દેશવટો વેઠી રહ્યો હતો એ ચેકોસ્લોવાકિયા સૈ પૂર્વે બોહીમિયા તરીકે ઓળખાતું, અને ૧૬૨૦માં વ્હાઈટમાઉન્ટની લડાઇમાં એ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યા પછી,લાગટ ત્ર વર્ષથી એ પરદેશીઓની સત્તા નીચે કચ હતું. પરતંત્રતાની એ ધૂંસરી ફગાવી દેવ પ્રયત્ન કરી જોવાનો દઢ નિશ્ચય પ્રથમ મ રિકને જ થએલો એમ નહિ, પણ આજ સુ ના એ સંબંધીના વિચારો એટલા તીવ્ર ના તા; અને ઑસ્ટ્રોહંગેરિયન સરકાર સ થવાની કોઇની તાકાત પણ નહોતી. સંજો વશાત એ અરસામાં યુરોપભરમાં અશાંિ ની નોબત ગગડી અને ૧૯૧૪માં વિશ્વયુ ના ગણેશ બેસતાં, મસારિકે એ તકનો લા જતો ન કરવાનો મનસૂબો કર્યો.

એ સમયે મસારિક જીવનનાં વન વટાવ ચૂક્યો હતો. એનું વય ૬૪ વર્ષનું હતું. સામાન્ય હિંદીની જીવનસંધ્યાને આરે પહોંચેલી એ ઉમરે એણે દેશને સ્વતંત્ર કરવા કમર કસી.

૧૯૧૪ના ડિસેમ્બરમાં ઑસ્ટ્રિયા છોડી એ પ્રચાર માટે ઈટાલી ગયો. પણ ત્યાં એને માલૂમ પડ્યું કે રાજ્યે એને દેશનિકાલ કર્યો હતો. પોતાની દીકરી એલિસને એણે સ્વદેશમાં રાખી હતી તેને એની ગેરહાજરીમાં કેદ કરવામાં આવી. પ્રેમાળ ગૃહજીવનના નાયકનો એ કાળ આત્મમંથનનો હતો. એ જણાવે છે કે: 'મારી પત્ની માંદી હોવાની પણ ઊડતી ખબર મને મળી. એલિસ કેદમાંથી પાછી છૂટવા પામશે કે કેમ એ માટે મને પૂરી શંકા હતી. મારે ખાતર મારા નાના પુત્રને ઑસ્ટ્રિયામાં ફાંસીને માંચડે લટકાવવામાં આવશે એવા સમાચાર અમેરિકન છાપાંઓમાં છપાયા હતા. ગૅલિશિયન આશ્રિતોમાંથી પકડાએલા મારા મોટા પુત્રને વિષમજ્વર આવ્યો અને તે અવસાન પણ પામ્યો.'

આ બધી અને બીજી અનેક આફતોએ એના પર એકસામટો હુમલો કર્યો, છતાં એ હતાશ ન થયો. માણસની નજર સામે એની સાધ્ય વસ્તુ જો સતત રહ્યા જ કરતી હોય અને ગમે તે ભોગે એ સાધ્ય વસ્તુને તેણે મેળવવી જ જોઇએ એવો કૃતનિશ્ચય તે બન્યો હોય તો ગમે તેવી પરિસ્થિતિને પણ તે સહન કરી શકે છે, એવું માનનારા મસારિકે આ અસાધારણ કૌટુમ્બિક સંકટોને પી જઇને પણ પોતાનું કામ અવિશ્રાંતપણે ચાલુ જ રાખ્યું અને ૧૯૧૫ની આખર સુધીમાં તો તેણે ફ્રાન્સ, હૉલેન્ડ, ઇંગ્લંડ અને ઇટાલીમાં પર્યટન કરી, જીનીવામાં ઠરીઠામ થઈ પોતાની ચળવળને લગભગ સંપૂર્ણતાએ પહોંચાડી."



આટલું કરો

ગુર્જરી ભૂ

તારા સોદાગરોએ રજકણ મહીંથી સર્જી કોટિ સમૃદ્ધિ,
તારા મંત્રીશ્વરોએ વિજયરથ તણાં સૂત્રના દોર સાંધ્યા,
તારા સેનાનીઓએ નિજ ભુજબલથી શત્રુઓ ઘોર નાથ્યા,
તારા બુદ્ધીશ્વરોએ મનુજમતિ વિષે તેજની સીંચી રિદ્ધિ.
હે ભૂમિ, ટોચ આવી હિમગિરિ-શિર શી માનવી ચેતનાની
તેં સાધી, સૃષ્ટિને તેં પ્રખર ઋત–બલ–ત્યાગની દીધ દીક્ષા.
(દક્ષિણા) —સુન્દરમ્

શતાયુ સર મોક્ષગંડમ્ વિશ્વેશ્વરૈયા

હિંદના આર્થિક નવનિર્માણ માટે 'શક્તિ, પ્રગતિ અને સમૃદ્ધિ'નો મંત્ર આપનાર આર્ષદ્રષ્ટા, ઔદ્યોગિક અર્થશાસ્ત્રી ને પ્રતિભાવાન ઇજનેર સર મોક્ષગંડમ્ વિશ્વેશ્વરૈયાની ૧૦૦મી જયંતી ગઈ ૧૫મી સપ્ટેમ્બરે સમસ્ત ભારતે આદર, ભક્તિ અને ઉત્સાહ સાથે ઊજવી. જીવનકારકિર્દીને સર્વ ક્ષેત્રે સીમાંકિત સિદ્ધિ વરેલી ભારતની એ સ્વનામધન્ય વિભૂતિની કાર્યસૌરભ આજે તેમના આયુને એકસોમે વર્ષે પણ દેશને મળ્યા કરે છે, એ આપણું ધન્યભાગ્ય છે. એમનું જીવન આબાલવૃદ્ધ સૌને માટે આદરણીય અને એટલું જ અનુકરણીય છે. મહત્ત્વાકાંક્ષી કુમારોને માટે તો તેમનો ચરિત્રબોધ જીવનઘડતર અને ચારિત્ર્યગઠનની સ્પષ્ટ શ્રેણી રચી આપે એટલો પ્રેરક છે. આ અગાઉ 'કુમાર'ના સળંગ ૨૦૪મા તથા ૨૩૧મા અંકોમાં તેમનું જીવનચરિત્ર તથા ૩૩૩મા અંકમાં તેમનો વ્યક્તિવિશેષ તરીકેનો પરિચય અપાઈ ચૂક્યો છે.

તેમનો જન્મ મ્હૈસૂરના ચિકબલ્લપુર ગામડામાં ઈ. ૧૮૬૧ની ૧૫મી સપ્ટેમ્બરે અત્યંત ગરીબ કુટુંબમાં થએલો. પ્રારંભિક શિક્ષણ કોલરમાં લઈ બૅંગલોરની સેન્ટ્રલ કૉલેજમાંથી ૧૮૮૧મા બી.એ. અને પૂનાની ઍન્જિનિયરિંગ કૉલેજમાંથી એલ.સી.ઇ.ની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી એવી જ, એ ઉજ્જ્વલ કારકિર્દીને લીધે એમને મુંબાઈ જાહેર બાંધકામખાતામાં મદદનીશ ઇજનેરની જગ્યા મળી ગઈ, જ્યાં નહેરકામ તથા પાણીના પુરવઠાની બાબતમાં કૌશલ્ય દાખવી, પૂનાના લેઇક ફાઇફના દરવાજાનું પેટન્ટ મેળવ્યું. ૪૩ની વયે વરિષ્ઠ ઇજનેરને દરજ્જે પહોંચી ૪૭ વર્ષની વયે તેઓ નિવૃત્ત થતાં જ નિઝામ સરકારે ખાસ સલાહકાર ઇજનેર તરીકે એમને રાખી લીધા, જ્યાંથી ૧૯૦૯માં મ્હૈસૂર રાજ્યે એમને માનપૂર્વક પોતાને ત્યાં ખેંચી લીધા. ત્યાં પોતાની સર્વતોમુખી પ્રતિભા એમણે એવી ઝળકાવી કે ૧૯૧૨માં તો છેક રાજ્યને દીવાનપદે તે પહોંચ્યા, અને એ પદેથી રાજ્યની કેળવણી, ખેતી અને ઔદ્યોગિક પ્રગતિ માટે અત્યંત પરિશ્રમ લઈ આર્થિક સ્થિતિએ તંગ રહેલા મ્હૈસૂર રાજ્યને સમૃદ્ધ બનાવ્યું, એટલું જ નહિ પણ ૧૯૧૩માં લૉર્ડ હાર્ડિંજ સાથે કરાર કરીને તેને સ્વતંત્ર દેશી રાજ્ય તરીકેની પ્રતિષ્ઠા પણ અપાવી. તેમની આયોજના તળે ૧૯૧૨માં બંધાએલો મ્હૈસૂર સંસ્થાનમાંનો કૃષ્ણરાજ-સાગર બંધ છેક આજ સુધી બંધાઈ ચૂકેલા હિંદના જળ બંધો પૈકી સૌથી મોટો ને ભારતની ઇજનેરી પ્રતિભાના સીમાસ્તંભ રૂપ ગણાય છે.

મ્હૈસૂર રાજ્યમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે એક વર્ષ વિશ્વયાત્રા કરી. ૧૯૨૪માં મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કાપકૂપ સલાહકાર નિમાયા; ૧૯૨૫માં હિંદી આર્થિક તપાસ સમિતિના પ્રમુખ નિમાયા; ૧૯૨૬માં કરાચી મ્યુનિસિપાલિટીએ સલાહ દેવા આમંત્ર્યા; ૧૯૨૯માં સક્કર બૅરેજના નિરીક્ષણ માટે સરકાર નિયુક્ત 'સીનિયર મેમ્બર' તરીકે ગયા; ૧૯૩૮માં મુંબાઈની નહેર તપાસ-સમિતિના ચૅરમૅન થયા. બૅંગલોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સના પણ તેઓ જ પ્રમુખ થયા. આમ ઔદ્યોગિક, આર્થિક, વૈજ્ઞાનિક ને રાજકીય એમ અનેક ક્ષેત્રોમાં એમની પ્રતિભા ઝળકી ઊઠી છે, અને એને અનુરૂપ એવાં અનેક માનસંમાનો પણ એમને મળ્યાં છે, જેમાં ૧૯૧૧માં સી. આઈ. ઈ.ને ૧૯૧૫માં કે. સી. આઈ. ઈ.

આપણાં જીવજંતુ-૨૯ : વીંછી



આઠ પગ, બે હાથ, હાથને બબ્બે આંગળાં, ને છથી દશ આંખો ધરાવનાર આ આશ્ચર્યજનક વીંછી એ પૃથ્વી પરનો એક જૂનામાં જૂનો જીવ છે. છતાં અબજો વર્ષો દરમ્યાન તેની શરીરરચનામાં ફેરફાર થયો નથી.

અરધાથી દસ ઇંચ સુધીના, કુલ પાંચસો-એક જાતના વીંછી થાય છે. એ કરોળિયાનો પિતરાઈ. તેની દેખીતી પૂંછડી એ ખરેખર તો પાંચ સાંધાવાળો પેટનો જ વિસ્તાર છે; તેને છેડે આવેલા ગોળામાં ઝેરની બે ગ્રંથિઓ, ને ગોળાને છેડે ડંખ મારવા માટે કાંટો હોય છે. શિકાર જો પાછળ હોય તો વીંછી ડંખ મારી શકતો નથી. શિકારને બચકાં ભરી પેટમાંનો રસ તેના પર રેડી એ શિકારને ચૂસી જાય. ટૂંકી નજરનો ને સુસ્ત દેખાતો વીંછી ડંખ મારવામાં ઝડપી છે. તેની શરીર પરની રુવાંટી શિકાર શોધવા ઍરિયલની ગરજ સારે છે. સરખામણીમાં નર પાતળો ને લાંબો. આપણે ત્યાં દેખાતા કાળા વીંછીના ડંખની પીડા પ્રમાણમાં ઓછી, ભૂખરા રંગના વીંછીના ડંખની વધારે, અને બે આનીના કદના પીળા 'ટાકરિયા' વીંછીના ડંખની પીડા તો અત્યંત તીવ્ર, જે ક્યારેક પ્રાણઘાતક પણ નીવડે.

રહે છાણ, ઘાસ, કચરા જેવી અગોચર ભેજવાળી ને અંધારી જગ્યામાં. સૂકી ઋતુ દરમ્યાન છુપાઈ રહે, વરસાદ થતાં બહાર નીકળે. નાનાં જીવડાં ને કરોળિયા તેનો ભક્ષ.

એની જરૂરિયાતો ઓછી. શિકાર મળે તો અકરાંતિયાની જેમ ખાય, નહિ તો મહિનાઓ ઉપવાસ પણ ખેંચી કાઢે. સહન ન કરી શકે એક સૂર્યનો તાપ. વીંછી, નર-માદા સુદ્ધાં, સાથે રહેતા નથી. બે વીંછી મળે તો એકબીજાનો જીવ લઇને જ જંપે. વીંછીના દુશ્મનોમાં વીંછી પોતે, અને બીજા કાચંડા, મોર, કૂકડો, મંકોડા વગેરે. માદા બેથી પાંચ બચ્ચાં જણે. બચ્ચાં જન્મીને તરત માની પીઠ પર ચડી જાય. બચ્ચાં મોટાં થતાં જાય તેમ સાપની જેમ પોતાની ખાલ ઉતારે છે.

ભૌતિક ને નૈતિક વિકાસ પર તેઓ લખતા જ રહે છે.

એમનું પોતાનું જીવન સાદાઈના આદર્શરૂપ હોવા છતાં દેશનું જીવનધોરણ ઊંચામાં ઊંચું લાવવા તેઓ સદા મથે છે. 'મારે કામ અને એથી યે ભારે પરિશ્રમ' એ તેમનો મુદ્રાલેખ છે. શિસ્તને આત્યંતિક હદે અપનાવી લીધા છતાં એકાંતિક, શાંત અને ચિંતનપ્રિય સ્વભાવને લઇને એમના હૃદયની કુમાશ હજુ તેવી ને તેવી જ તાજી રહી છે. સંપૂર્ણ વનસ્પત્યાહારી અને વ્યસન મુક્ત રહી ભારતના એ મહાન નિયોજકે બીમારી જોઈ નથી. એમનું એકેએક કાર્ય, એકેએક ટેવ સુદ્ધાં નિયોજિત જ છે. એકસો વર્ષની આ જૈફ વયે પણ જેટલો કાર્ય દ્વારા એટલો જ પ્રત્યક્ષ જીવન દ્વારા તેઓ ભારતના નવપ્રાણને કદ્મિશ્રિત કરી રહ્યા છે.

તેમનો દૈનિક કાર્યક્રમ ચોક્કસ હોય છે. જેમકે: સવારે સાડા આઠે નાસ્તો; નવથી બાર ગંભીર બાબતોનું કાર્ય, પછી ભોજન; બપોરે બેથી ચાર પત્રવ્યવહાર; ચાર વાગ્યે ચા; ચારથી પાંચ મુલાકાત; રાત્રે આઠ વાગ્યે વાળુ; રાત્રે અખબાર-વાચન. એમના ઉમદા આરોગ્ય બાબત કોઇએ પૂછતાં જવાબમાં તેમણે કહ્યું હતું, 'ફક્ત દાદર ચડતાં-ઊતરતાં મારે લાકડીની જરૂર પડે છે.' મતલબ કે હજી પણ તેઓ લાકડીના આધાર વગર ચાલે છે. હજી પણ તેઓ ચશ્માં પહેરતા નથી. એક વાર તેમણે લાક્ષણિક રીતે કહેલું: 'વૃદ્ધાવસ્થા ઘણાં વર્ષો પૂર્વે મારે ત્યાં ચિઠ્ઠી મૂકી ગઈ છે, પણ હું એને કહ્યા કરું છું કે હું ઘેર નથી.' શતાયુ યુવાન શ્રી વિશ્વેશ્વરૈયાના આ શબ્દો પરથી આપણા આજકાલના અકાલવૃદ્ધ યુવાનોએ ધડો લેવાનો છે.

જીવનના દીર્ઘાયુષ્યની અને સફળતાની ચાવી બતાવતાં તેઓ કહે છે: 'કામ ઓછું, પણ યાદશક્તિ વધારે રાખો. તમારું મન ચોખ્ખું રાખો. માત્ર ભાગ્યબળે વધારે અને સારું જીવન નથી જિવાતું. એ માટે સક્રિય-કામગરું જીવન ને પ્રયત્નો પણ જોઇએ.'

પોતાના જીવન-અનુભવના નિચોડરૂપ તેમણે આપેલી આટલી શીખ આબાલવૃદ્ધ સૌને પોતાના જીવનઘડતરમાં મૂલ્યવાન ફાળો આપી શકે તેમ છે: 'મારા જીવનભરના અનુભવથી મને એટલું માલૂમ પડ્યું છે કે ચારિત્ર્યસંપન્ન, હેતુપૂર્ણ જીવન જીવતો,



'આપણા આ વયોવૃદ્ધ વડીલને કાળ પણ કરમાવી શક્યો નથી. યુવાન પ્રજા માફક તેમની દૃષ્ટિ હમેશાં ભવિષ્ય તરફ ઢળેલી રહી છે. જો ભારતનાં યુવાન સ્ત્રીપુરુષો તેમની પેરે સ્વપ્નો સેવવાની, સતત વિચારતાં રહેવાની અને અવિરત શ્રમપરાયણ જીવન ગાળવાની મહાન તાકાત કેળવે તો એમાં કોઈ શક નથી કે આપણા દેશનું પરમશ્રેય સદા સધાતું રહે. ડૉ. વિશ્વેશ્વરૈયા વર્તમાન કાળના જ સંદર્ભમાં નહિ પરંતુ ભારતની પ્રજા પોતાની પાસે જે હોવાનો દાવો કરે છે તે પુરાતન ધોરણો અને મૂલ્યોના સંદર્ભમાં પણ વિજ્ઞાન, ઉદ્યોગ અને તંત્રવિદ્યા (ટેકનોલૉજી)ની આધુનિક દુનિયાનું આપણને સતત સ્મરણ કરાવતા રહ્યા છે.'
—જવાહરલાલ નેહરુ

તથા 'સર'ના સરકારી ખિતાબો, તથા ૧૯૨૩માં કલકત્તાની, ૧૯૩૧માં મુંબાઇની ને ૧૯૩૭માં બનારસની યુનિવર્સિટીઓએ આપેલી ડૉક્ટરેટની માનાર્હ ઉપાધિઓ મુખ્ય છે.

૧૯૩૪માં એમનો મહાગ્રંથ 'પ્લાન્ડ ઇકૉનૉમી ફૉર ઇન્ડિયા' બહાર પડ્યો, જેમાં હિંદની પુનર્રચનાના એમણે ચર્ચેલા પ્રશ્નો દ્વારા તેઓ જગપ્રસિદ્ધ થઈ ગયા. એ એક જ ગ્રંથ એમની સર્વતોમુખી પ્રતિભાનો પૂરો ખયાલ આપવા પૂરતો છે. હજી આજે યે હિંદના નવનિર્માણ માટે એમના એ જ પુસ્તકનો, તથા ત્યાર બાદ લખાએલા 'રિકન્સ્ટ્રક્ટિંગ ઇન્ડિયા'નો જ સૌપહેલો આશ્રય લેવાય છે. આ ઉપરાંત પણ હિંદના શૈક્ષણિક આર્થિક અને ઇજનેરી વિકાસ, બલકે હિંદી પ્રજાના સાર્વત્રિક,

જરૂરી તાલીમ પામેલો, મહત્ત્વાકાંક્ષી અને કઠણ કામ માટે અગાધ તાકાત ધરાવતો માનવી સફળતાને પામે જ છે. આ ગુણો આપણે ભારતીયોએ કેળવવા ખાસ જરૂરી છે.'

પૂર્વ આફ્રિકાની નવી ટિકિટો

આ અંકમાં અન્યત્ર પૂર્વ આફ્રિકાની ત્રણ નવી ટિકિટોનો જે સમૂહ છાપ્યો છે તે પરનાં ચિત્રોની વિગતો નીચે મુજબ છે:

૫ સેન્ટની નીલરંગી ટિકિટ પર પૂર્વ-આફ્રિકાના અગ્રિમ પેદાશ સીસલ-શણના છોડનું ચિત્ર છે. દોરડાં વગેરે બનાવવા માટે મજબૂતમાં મજબૂત રેસા આપતી આ વનસ્પતિની, દુનિયાની વપરાશના અરધા જેટલા ભાગ એકલું ટાંગાન્યીકા પૂરો પાડે છે—વર્ષે લગભગ બે લાખ ટન!



ભારતની નવી ટિકિટો

ગઇ તા. ૧૧મી સપ્ટેમ્બરે તમિળ કવિ સુબ્રહ્મણ્ય ભારતીના માનમાં તથા ૧૫મી સપ્ટેમ્બરે ડૉ. વિશ્વેશ્વરૈયાની જન્મશતાબ્દી નિમિત્તે બહાર પડેલી ૧૫ નયા પૈસાની બે નવી ભારતીય ટિકિટો

---

૧૦ સેન્ટની ઑલિવ-ગ્રીન (આંબવાઇ) રંગની ટિકિટ પર યુગાન્ડાની એવી જ અગ્રિમ પેદાશ (વર્ષે બે લાખ ટન) કપાસનો છોડ છે.

૧૫ સેન્ટની સ્લેટ-પર્પલ(મેલા જાંબલી) રંગની ટિકિટ પર કીન્યાની કૉફીનો છોડ છે, જે પૂર્વ આફ્રિકાની સમસ્ત નિકાસનો ¼ ભાગ છે.

૨૦ સેન્ટની મૅજેન્ટા (ગુલબાસ) રંગની ટિકિટ ઉપર પૂર્વ આફ્રિકાનાં મેદાનો પર ટોળાંબંધ ફરતાં ધોળી દાઢીવાળાં 'વાઈલ્ડબીસ્ટ'.

૨૫ સેન્ટની બ્રૉન્ઝ ગ્રીન (પંચધાતુ-હરિત) રંગની ટિકિટ પર પૂર્વ આફ્રિકામાં મબલખપણે થતા શાહમૃગ પંખીનું આલેખન છે.

૩૦ સેન્ટની વર્મિલિયન (હીંગળોક) રંગની ટિકિટ પર બે ફૂટ ઊંચા ને એક ફૂટના શીંગડાવાળા ગૅઝેલ જાતના ત્યાંનાં હરણનું ચિત્ર છે.

૪૦ સેન્ટની ટર્કોઈઝ (પોખરાજ) રંગી ટિકિટ પર પૂર્વ-આફ્રિકન દરિયાકિનારે થતી 'મન્ટા રે' નામની જંગી માછલી (જે કોઈ કોઈવાર તો વીસ ફૂટની ને બે ટન વજનની થાય છે તે)નું ચિત્ર છે.

૫૦ સેન્ટની સ્લેટ-વાયોલેટ (મેલા જાંબલી) રંગની ટિકિટ પર ત્યાંનું જગજાણીતું ચટાપટાવાળું પ્રાણી ઝિબ્રા છે.

૬૫ સેન્ટની બિસ્ટર (ભૂખરા પીળા) રંગની ટિકિટ પર ત્યાંનાં મેદાનોમાં ઘૂમતા ચિત્તાનું ચિત્ર છે.

શિલિંગ-મૂલ્યોની ટિકિટોમાં: ૧ શિલિંગની ટિકિટ પર કીન્યા પર્વતના ૧૭,૦૫૮ ફૂટ ઊંચા હિમાચ્છાદિત શિખરનું, ને થોર જેવી જંગી કદની જંગલી વનસ્પતિનું ચિત્ર; ૧ શિ. ૩૦ સેન્ટની ટિકિટ પર લેઈક આલ્બર્ટમાં પડતી નાઇલ નદીના ૪૦૦ ફૂટ ઊંચા મર્ચિસન ધોધ ને હિપોપૉટેમસ પ્રાણીનું ચિત્ર; બે શિલિંગની ટિકિટ પર આફ્રિકાના ઊંચામાં ઊંચા (૧૯,૩૪૨ ફૂટ) પર્વત કિલિમાન્જારો તથા જિરાફ પ્રાણીનું ચિત્ર; અઢી શિલિંગની ટિકિટ પર આફ્રિકાની જંગલ-ઝાડીના વાસી બે દંતૂશળવાળા ભયંકર કાળા ગેંડા (જે ઘણી વાર તો બે ટન વજનના હોય છે તે)નું ચિત્ર; પાંચ શિલિંગની ટિકિટ ઉપર પણ રુવેન્ઝોરી (ચન્દ્રગિરિ)ના નામથી ઓળખાતા આફ્રિકાના એક બીજા પર્વત તથા તળેટીના સરોવરનું ચિત્ર; દસ શિલિંગની ટિકિટ પર ન્ગોરોન્ગોરો પર્વતની તળેટીમાં આવેલા રાષ્ટ્રીય ઉદ્યાન તથા ત્યાં વસતી ઝનૂની જંગલી ભેંશનું ચિત્ર; ને ૨૦ શિલિંગની ટિકિટ પર રાણીની છબિ.

આ બધાં પ્રતીકાત્મક ચિત્રોની મોટી પ્રતિકૃતિ પૂર્વ આફ્રિકાના નકશા પર તેના પ્રદેશવાર ચીતરીને દર્શાવી છે તે નકશો પણ આ સાથે આપ્યો છે.


દિવાળીનું દારૂખાનું


ઘણા ઓછા જાણતા હશે કે એ કેમ બને છે. કેટલાકને ઉત્પાત સમા લાગતા ફટાકડાના એક એકથી ચડિયાતા ધડાકાઓ એમાં ઠાંસી ઠાંસીને દારૂ ભર્યો હોય એટલે થતા હોવાનું ઘણા માને છે. પણ હકીકતે ફટાકડામાં તેના બહારના પડ તથા તેમાંના દારૂની વચ્ચે થોડી જગ્યા રાખવામાં આવે છે (જુઓ આકૃતિ). વાટ સળગતી સળગતી જ્યારે આ દારૂને આગ ચાંપે છે ત્યારે તે એકદમ સળગી ઊઠે છે ને તેમાંથી સ્ફોટક વાયુ ઉત્પન્ન થાય છે. આ વાયુ પેલી ખાલી જગ્યામાં ફેલાય છે પણ એના સમાવેશ માટે એ જગ્યા પૂરતી ન હોતાં તેનું દબાણ ખૂબ વધે છે ને આખરે ફટાકડાના બહારના પડને ધડાકા સાથે ફાડીને તે બહાર નીકળે છે. આ ધડાકો એ જ આપણો પ્રિય અવાજ.


તારામંડળ, ફૂલઝર વગેરે વિવિધ નામે ઓળખાતા દારૂખાનામાં લોહ અને એલ્યુમિનિયમની ઝીણી ભૂકી ભેળવેલી હોય છે ને એ બળતાં ખરતા તારાનું મનોહર દૃશ્ય ઉત્પન્ન થાય છે.

ફૂલઝરના બીજા એક પ્રકારમાં, કોઠીમાં દારૂના વિવિધ પ્રકારનાં મિશ્રણો ભરવામાં આવે છે (જુઓ આકૃતિ). આથી જુદાજુદા રંગનો ને પ્રકારનો દેખાવ નીપજે છે. આમાંથી દેખાતો વિવિધ રંગ તે દારૂ સાથે કેટલીક ધાતુના ક્ષારો અને પોટાશિયમ પરક્લોરેટ કે અન્ય ઑક્સિડાઈઝિંગ રસાયણોના મિશ્રણથી નીપજે છે. સ્ટ્રોન્ટીઅમ ક્ષારથી રાતો, બેરિયમથી લીલો, સોડિયમથી પીળો, મૅગ્નેશિયમ અથવા એલ્યુમિનિયમથી સફેદ ને તાંબાથી આસમાની રંગ ઊપજે છે.

આમ અનેક પ્રકારનાં મિશ્રણો થતાં હોવા છતાં એ બધાંના મૂળમાં તો બંદૂકના દારૂનું (એટલે કે સુરોખાર, ગંધક અને કોલસાનું) જ મિશ્રણ હોય છે. હવામાં સડસડાટ દોડી જતી હવાઇને એની ગતિ આપનાર પણ આ દારૂ જ. હવાઈના નીચલા ભાગમાં તે ઠાંસીને ભર્યો હોય છે. ને ઉપર તેનું મોં બંધ કરી દીધેલું હોય છે. વાટ વડે તે સળગતાં અંદર વાયુ ઉત્પન્ન થઈ એકદમ બહાર ધસવા લાગે છે અને તેથી જે પાછો ધક્કો લાગે છે તે વડે જ હવાઈ આગળ ધસે છે. આ દારૂ સળગી રહે ત્યારે હવાઈ આગળ વધતી અટકી જાય છે. ઘણી હવાઇઓમાં દારૂના આ પહેલા થર પછી અંદર સ્ફોટક એવો એક બીજો થર પણ હોય છે (જુઓ આકૃતિ). આગળનો સળગી રહેવા આવેલો







દારૂ પૂરો થતાં થતાં આ બીજા થરને આગ ચાંપે છે તે તુરત સળગીને ફાટે છે. આ થરમાં તારામંડળનાં મિશ્રણ કે રંગ માટેના ક્ષારો પણ જો ભેળવ્યા હોય તો તે પણ સળગી ઊઠી ઊંચે હવામાં ધડાકો અને તારામંડળની રંગીન વર્ષાનો મનોહર દેખાવ જોવા મળે છે.


આ દારૂખાનાનો ઇતિહાસ લગભગ ૨૩ સદી જેટલો જૂનો હોવાનું મનાય છે. કહેવાય છે કે સૌપ્રથમ ચીનાઓએ તેની શોધ કરેલી. ઈસ્વીસન પૂર્વે ૪૨૯ વર્ષ પહેલાં સ્પાર્ટનોએ પ્લૅટેઓ નામે નગરનો નાશ કરવા પણ આવી કોઇ યુક્તિ અજમાવ્યાના ઉલ્લેખો મળે છે. અલબત્ત, જેને આપણે બંદૂકના દારૂ તરીકે ઓળખીએ છીએ એ પ્રકારનો દારૂ તો એમની પાસે નહિ જ હોય. ગમે તેમ, પણ દારૂની શોધ થયા પછીથી માંડીને તે છેક આ દિવાળી સુધી તેની બનાવટના અવનવા ઉપયોગ (અને દુરુપયોગ પણ) થતા જ રહ્યા છે અને પરિણામે આપણે તો દર દિવાળીએ ફૂલખરણીથી માંડીને 'ઍટમ બૉમ્બ' જેવા કાનતોડ ધડાકાઓની મજા માણીએ છીએ.


દાઝયા પર બરફનું પાણી

અમેરિકન મેડિકલ એસોસીએશનના તાજેતરના અંકમાં એવી માહિતી આપી છે કે દાઝયા ઉપર પ્રાથમિક સારવાર તરીકે બરફનું પાણી શ્રેષ્ઠ ઉપાય છે! તેનાથી બળતરા ઓછી થાય છે, દાઝવાને લીધે શરીર પર થતું નુકસાન આગળ વધતું અટકે છે અને રૂઝ પણ ઝડપી બને છે. છેલ્લાં પાંચેક વરસથી આ ઉપાય અમલમાં છે, જેમાં દાઝી ગએલા દોઢસો દર્દીઓને બરફના પાણીની સારવાર આપ્યા પછી તરત આરામ લાગ્યો. શરીરના વીસ ટકા સુધીના ભાગ પર દાઝયા હોઇએ ત્યારે પણ આ પદ્ધતિ અજમાવી શકાય છે.

ટાઇપરાઇટરની પ્લાસ્ટિકની રિબન

અમેરિકાની એક કંપનીએ ટાઈપરાઈટર માટે પ્લાસ્ટિકની રિબન બનાવી છે. આ રિબનથી ટાઈપ થતા અક્ષરો બહુ મોટા કરીને જોવામાં આવે તો પણ એકદમ મૂળ જેવા લાગે છે. વળી આ નવી રિબન એવી મજબૂત છે કે કાપડની રિબનને લીધે 'ઇ' ને 'ઓ' અક્ષરોમાં શાહી ભરાઇ જાય છે તેવું આ પ્લાસ્ટિકની રિબનમાં થતું નથી.





રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૯૧મી જન્મજયન્તી આ બીજી ઑક્ટોબરે દેશભરમાં ઊજવાઈ ત્યારે સમગ્ર ભારતની પ્રજાએ રાષ્ટ્રના એ ઘડવૈયા અને ભાગ્યવિધાતાના જીવન તથા ઉપદેશનું કૃતજ્ઞતાપૂર્વક કીર્તન કર્યું. તેના સ્મરણમાં આપેલા ઉપરના ફોટોગ્રાફોમાં મથાળે ગાંધીજીએ જેમાં પોતાના જીવનનો છેલ્લો દાયકો વિતાવેલો તે સેવાગ્રામના એમના સાદા ને સ્વચ્છ ખંડનું ચિત્ર છે. તેની નીચેના ચિત્રમાં ગાંધીજીની કેટલીક દૈનિક વપરાશની ચીજો જોઇ શકાય છે. એમાં એમની કેડે સદા લટકતી રહેતી ઘડિયાળ, ચશ્માં, પ્રાર્થનાનાં પુસ્તકો, થૂંકદાની, તથા ગાંધીજી જેને પોતાના 'ગુરુ' ગણતા હતા એ, 'બૂરું સાંભળો નહિ', 'બૂરું બોલો નહિ', 'બૂરું જુઓ નહિ', એમ પ્રબોધતા 'ત્રણ શાણા વાંદરા'ની સંયુક્ત મૂર્તિ, ચરખો વગેરે છે.

આંતરરાષ્ટ્રીય મૈત્રીના પ્રતીક રૂપ સામયિકો વિષે એક અગત્યની સૂચના

ગયા ઑગસ્ટ માસના અંકના પૃ. ૩૩૮ પર અપાએલી જાહેરાતમાં જેમનું નામ સૂચવાયું છે તે Mrs. E. C. Scherrer પોતે કોઇને આંતરરાષ્ટ્રીય મૈત્રીના પ્રતીક રૂપે સામયિકો વિનામૂલ્ય આપતાં નથી, પરંતુ નીચેને સરનામેથી જેમનાં જેમનાં નામ તેમને પોતાને મળે છે એમને જ તેઓ સામયિકો મોકલે છે. આથી, સામયિકો મંગાવવા ઇચ્છનારે તેમને ન લખતાં સીધું નીચેને સરનામે લખવું. તે સરનામેથી પણ જો એ લોકો પાસે સામયિકોનો જથ્થો હોય તો તથા તેમની પાસે જે સામયિકો મોકલી આપવા માટેનાં હોય તે જ, તેમને અવકાશે મળશે;–અને તે પણ લગાટ ત્રણ-છ-બાર માસ સુધી નહિ જ.

કેટલાકે તો મિસિસ શેરરને અમુક સામયિકો પોતાને 'નિયમિત મોકલ્યા જ કરવાનું'; કેટલાકે 'જેમ બને તેમ જલદી મોકલવાનું' અને કેટલાકે તો ઇંગ્લંડનાં સામયિકો મોકલવાનું પણ લખ્યું છે! માગણી કરવામાં પણ વિવેક હોવો જોઇએ. આથી તો આપણા દેશની પ્રતિષ્ઠા બહાર જોખમાય છે. જોકે એ ભલાં બાનુએ તો અમને લખ્યું છે કે તેમની પાસે આવેલી માગણીઓને પહોંચી વળવાનો બનતો પ્રયત્ન કરશે, અને તે પણ હમેશને માટે નિયમિત મોકલવાનું ન પણ બને.

હવે તો સર્વપ્રથમ નીચેને સરનામેથી સામયિકો મેળવવા માટેની શરતો જાણી લેવી, અને એ મુજબ જરૂરી હોય તો સામયિકોનું પોસ્ટેજ વગેરે પણ મોકલી આપવું. **સામયિકો સીધાં ન મંગાવતાં એ માટેની શરતોની માહિતી મેળવ્યા પછી જ તે શરતો અનુસાર મંગાવવાં.** સરનામું: Mr. Albert Croissant, Occidental College, Los Angelis 41, California (U. S. A.)

લવિંગિયાંની લૂમ

ઇંગ્લાંડમાં બનેલો આ કિસ્સો છે:

એક માતા પોતાના નાના છોકરાને લઇને માનસ-ચિકિત્સક પાસે ગઈ.

'શું થયું છે એને ?' ચિકિત્સકે પૂછ્યુ

'એ એમ જ માન્યા કરે છે કે પોતે મુરઘી છે!'

'કેટલોક વખત થયાં એ આમ માને છે?'

'ત્રણેક વરસ થયાં.'

'ત્રણ વરસથી ?–ઓ મારા ભગવાન! તો પછી આટલો લાંબો વખત તમે બેસી કેમ રહ્યાં?'

મા જવાબ આપતાં જરા ખચકાઇ. પછી સંકોચપૂર્વક કહ્યું,'એ તો... એમ છે ને સાહેબ, ...કે... અમને ઇંડાંની જરૂર પણ હતી!'

મહાદેવશાસ્ત્રી મખ્ખીચૂસભાડાની ટૅક્સીમાં ઘાટ ઓળંગી રહ્યા હતા. એક સીધા ઢોળાવ પરથી ટૅક્સી ઝપાડાબંધ દોડચે જતી હતી, એવામાં ડ્રાઇવર ચીસ પાડી ઊઠચો: 'માર્યા ઠાર! મારી બ્રેક ચાલતી નથી! હવે શું કરું?'

મહાદેવશાસ્ત્રી ફફડેરાઈને બોલ્યા: 'કાંઈ નહિ તો મીટર તો બંધ કરી દે!'

કપડાં પહેરતી નાની જયા રોતીંરોતી મા પાસે ગઈ: 'આ ફરાકનાં બટન દેખાતાં જ નથી. બટન પાછળ છે, ને હું આગળ છું.'

પ્રોફેસર: (આડકતરા વેરા વિષે લેક્ચર આપી રહ્યા બાદ)–હવે, મિ. ધનંજય, આડકતરા વેરાનું એક ઉદાહરણ આપો જોઉં?

ધનંજય: મોટર-વેરો, સાહેબ.

પ્રો૦: કેમ? મોટર-વેરો કઈ રીતે?

ધનં૦: કેમકે તે મોટરે ભરવાનો નથી હોતો.

નવી કહેવતો

ગામમાં કોઇ ન જાણે, ને હું પ્રધાનનો પટાવાળો.

ધાર્યું ધણીનું નથી થતું, ધણિયાણીનું થાય છે.

અસત્યની યે કિંમત હોય છે—વકીલને.

નાયલોનની સાડીમાં ઘૂમટો શાનો?

રેડિયો ને પડોશી, નીવડચે વખાણ.

ગાય ગવૈયો, ને ફુલાય માઈકવાળો.

કચેરીએ કાકો, ને ભત્રીજાને ફાંકો,

ઝાઝી તાળી વક્તાને બેસાડે.

અકસ્માતનું દુઃખ વીમાવાળો જાણે.

ગઇ તિથિ જોષી ન વાંચે, લેણદાર વાંચે.

પહેલાં પહેરાવી માળા, ને પછી કઢાવ્યા ફાળા.

સૌની અણમાનીતી રાણી તે ફુગાવણી.

છાપું ભૂલીને છત્રી લઈ જાય.

વહુને વગોવે સહુ.

મહેન્દ્ર પી. ઠક્કર

વિક્રમ

પ્રોફેસર ત્રિલોચને ભુલકણાપણામાં રેકૉર્ડ નોંધાવ્યો હતો. પણ આ કથાએ તો તેમના ભુલકણાપણાની માત્રા મૂકી દીધી.

એક વાર તેઓ કૉલેજમાંથી આવતા હતા ત્યારે તેમને સાધારણ ઓળખતા એક શખ્સે કહ્યું. 'પ્રોફેસર, મારે તમને નહિ કહેવું જોઇએ, પણ આ વસ્તુ ઠીક નથી થતી એટલે જ કહી રહ્યો છું. ઘરમાંથી તમારા ગયા બાદ તમારી પત્ની રોજ પેલા રઘુનંદન સાથે ફરવા જાય છે, અને સાંજના સાત વાગ્યે બાગના છ નંબરના બાંકડા પર જઇને બેસવાનો તો તેમનો નિયમ થઈ ગયો છે. તમારે તમારી પત્ની અને મિત્રને આ રસ્તેથી પાછાં વાળવાં જોઈએ...'

પ્રોફેસરને એ વાત સાચી લાગી. તેમણે વિચાર્યું કે પત્નીને બાંકડા પર જ પકડી પાડવી ને તેને ત્યાં જ બે શબ્દો કહીને સીધી કરવી, હું ગાફેલ નથી એ જાણતાં જ તે સીધી થઇ જશે.

સાત વાગતાં પહેલાં તેઓ છ નંબરના બાંકડે ગયા ને પહેલેથી જ બાંકડા નીચે જઇને *ભરાઈ રહ્યા. સાત વાગ્યા... સવાસાત વાગ્યા... સાડાસાત, આઠ વાગ્યા પણ કોઈ આવ્યું નહિ.*

ત્યારે રાતના નવ વાગ્યે બાંકડા નીચેના અંધકારમાં પ્રોફેસરના મનઃ-ચક્ષુને પ્રકાશ લાધ્યો. હાથ ખંખેરતા બહાર નીકળીને તેઓ બબડચા: 'હટ! હું પણ કેવો મૂરખ છું? હજી મારાં લગ્ન જ ક્યાં થયાં છે?'

એક પ્રતિકાવ્ય

હૅટ ગઇ ને વેઠ ગઇ,
વળી ધોળા ફેર ગયા કરનાર,
જમીંદાર પણ ગયા, જશે
જે શેષ રહ્યા સરમાયાદાર;
ધોળા જઇ કાળા આવ્યા
ને વૃદ્ધ મટી તું થયો યુવાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો
હરખ હવે તું, હિન્દુસ્તાન.

નટવરલાલ પ્ર. બુચ



'તમારું વજન વધારેમાં વધારે કેટલું હતું?'

'૧૫૪ રતલ'

'અને ઓછામાં ઓછું?'

'૬॥ રતલ' (જન્મ્યો ત્યારે!)

મફત મખ્ખીચૂસ (હોડીના ભાવનું પાટિયું વાંચીને): આ ખાડી પાર કરાવવાના બે આના? શું કાંઇ લૂટવા-ખૂટવા બેઠા છે? ચાલ અલ્યા છગનિયા, તરી નાખીએ!



'તો, પહેલેથી ભસવું'તું ને, કે તને માળો બાંધતાં નથી આવડતું!'



ઇલાજ કરતાં કરતાં જ દરદ વધારવાનો નુસખો (ચિત્રલેખા)

કંઠાવલી

લતા મંગેશકર

કયારેક પણ જેમણે રેડિયો પર ફિલ્મી ગીતો સાંભળ્યાં હશે કે ફિલ્મ જગતનો સહેજ પણ પરિચય જેને હશે તે નાનાંમોટાં સૌ કોઇ લતા મંગેશકરના નામથી તો પરિચય હશે. મરાઠી શાસ્ત્રીય સંગીતની દુનિયામાં જાણીતા સંગીતજ્ઞ સ્વ. દીનાનાથ મંગેશકરની ચાર પુત્રીઓમાંનાં તે બીજાં. કુટુંબ આખું સંગીતપ્રિય. મોટી બહેન આશા ભોસલેનું નામ પણ સૌ કોઈ જાણે છે.

પાર્શ્વગાયક તરીકે સૌ પ્રથમ સ્વ. ગુલામહૈદર એમને ફિલ્મી જગતમાં લઈ આવ્યા. એ પહેલાં છેક નાનપણમાં સ્વ. વિનાયકના 'મંદિર'માં એમણે કંઈક નાની ભૂમિકા કરેલી, પણ પડદા માટે તો એમનો કંઠ જ વધુ યોગ્ય હતો. શાસ્ત્રીય કે સુગમ, બંને પ્રકારના ગાનમાં એમનો કંઠ સરળતાથી વહેતો હોઈ બધા જ સંગીત દિગ્દર્શકોની પસંદગી એમના પ્રત્યે વધુ ઢળે છે. છતાં પોતાની કલાને અભદ્ર કે અશિષ્ટ શબ્દ-સૂર સાથે ભેળવવાની તેમની હમેશાં ના રહી છે.

જાદુ, અંદાઝ, બૈજુ બાવરા, શબાબ, ઉડન ખટોલા, અનારકલી, અલબેલા, આઝાદ, બરસાત, આહ, ચોરીચોરી, નાગિન વગેરે એમના કંઠથી ઓપતાં અનેક સફળ ચિત્રોમાંનાં થોડાં ગણી શકાય. 'મહલ'નાં ગીતો પછી એમની કીર્તિ ટોચે પહોંચી અને છેવટ 'મધુમતી'માં 'આ જા રે પરદેસી'માં ચિત્રની નાયિકાના હૃદયની એકલતાને જે દર્દથી એમણે વહાવી એના પર 'ટાઈમ્સ'ના ફિલ્મસામયિક 'ફિલ્મ ફેર'નો પાર્શ્વગાન માટેનો 'ઍવૉર્ડ' એમને મળેલો.

મુંબઈની હિંદી ફિલ્મોમાં તો જાણે એમનો કંઠ અનિવાર્ય જ થઇ પડ્યો છે. એમનાં ગીતોની રેકર્ડોની સંખ્યા ને એમાંથી એમને થતી આવકનો આંકડો તો જગતભરના આ ક્ષેત્રના કોઇ પણ ગાયક કરતાં વધુ છે એમણે ગાએલાં હિંદી મરાઠી અને ગુજરાતી ગીતોની કુલ સંખ્યા લગભગ ૬૦૦૦ કરતાં પણ વધુ છે. ફિલ્મ-સંગીત દિગ્દર્શકોમાં સ્વ. ગુલામહૈદર તથા સ્વ. ખેમચંદ પ્રકાશનાં તેઓ પ્રશંસક છે, તો શાસ્ત્રીય સંગીતમાં તેઓ અલીઅકબરખાને પોતાના ગુરુ ગણે છે. દર વર્ષે પિતાની મૃત્યુતિથિને દિવસે તેઓ સૌ ભાંડુઓ દેશના જુદાજુદા ભાગમાં સંગીતના ખાસ કાર્યક્રમો આપે છે.



સમાજનું એકમ

ગૃહજીવનને સુખમય બનાવવાની મુખ્ય જવાબદારી સ્ત્રીની જ છે. વધારે ભાગની સ્ત્રીઓને તો ગૃહિણી જ બનવાનું છે, તો ફરજિયાત કેળવણીના આ જમાનામાં કન્યાઓને બીજી તમામ પ્રકારની કેળવણીની સાથેસાથે પોતાના ગૃહજીવનને વધારેમાં વધારે સુંદર અને આકર્ષક કેમ બનાવાય તે શીખવવું જ રહ્યું. સમાજનું એકમ ઘર છે. દરેક ઘર સુવ્યવસ્થિત બને તો સમાજ વ્યવસ્થિત બની જશે. ઘરની વહીવટદાર ગૃહિણી ચતુર, સુઘડ, વ્યવહારકુશળ, પ્રેમાળ, આનન્દી, કરકસરની આવડતવાળી, શિક્ષિત અને સસ્કારી હોય તો સમાજનું દરેક એકમ સુઘટિત બને અને પરિણામે સમાજ પણ જીવવા લાયક બને. —વિનોદિની નીલકંઠ

શાણી કાકીની શિખામણ



વાસણ ઊંધું વાળો

વાસણને વાપરી કે માંજી લીધા પછી 'હમેશાં' ઊંધું જ વાળી રાખો. એમાં દેખીતા ફાયદા તો તરત જણાશે : પાણીનો ભરાવો કે ભીનાશ રહી કચરો નહિ જામે; કીડી-કંસારી ગરોળી આદિ જીવજંતુ તેમાં હરીફરી પોતાની હગાર, ઇંડાં કે લાળથી બગાડશે નહિ, અને તળિયાને ઘસારો ઓછો પહોંચશે.

અમિતાનું અઠવાડિયું


'રોટલી-દાળભાત-શાક'ની આપણી રોજિંદી રસોઈ આદર્શ 'બૅલેન્સ્ડ ડાયેટ' છે, એમાં ઘઉં, કઠોળ, ચોખા ને શાકભાજી દ્વારા પ્રોટીન, સ્ટાર્ચ, કાર્બોહાઇડ્રેટ, ફૉસ્ફરસ, કૅલ્સ્યમ, ક્ષારો તથા જરૂરી વિટામિનો મળી રહે છે. એની સામે ફરિયાદ હોય તો તે એકધારાપણાની. અમિતાએ એમાં રોજ તુવેરની દાળને બદલે અઠવાડિયાના દિવસોદીઠ જુદાંજુદાં કઠોળ ઠરાવી, એમાં હવે વૈવિધ્ય આણી દીધું. રવિવાર રજાનો દિવસ હોઈ તે દિવસે તો તુવેરની દાળ—સૂરણ, ખારેક, મગફળી સાથેની ખાસ્સી જાડી મઠા જેવી. પછી સોમવારે ઓસામણ ને લચકો દાળ, મંગળવારે મગની દાળ કે આખા મગ; બુધવારે ચણાના લોટના ઘાટા રસાદાર પાટુડા કે ચોળાની વડીઓનું રસાવાળુ શાક, ગુરુવારે દાળ ઢોકળી, શુક્રવારે રસાવાળા ચણા કે ચણાની દાળ સાથે દૂધી જેવું મિશ્રણ ને શનિવારે અડદની દાળ. અડદ પથ્ય ન લાગે તો ગમે તે ત્રણ કઠોળની ત્રેવટી દાળ. આ વૈવિધ્યની રોચકતાથી પ્રસન્ન થઈ ઘરનાં છોકરાંઓએ તો આ 'અમિતાના અઠવાડિયા'નું જોડકણું જોડયું :

સોમવારે ઓસામણ ને મંગળવારે મગ,
બુધે પાટુડા, ગુરુવારે દાળ-ઢોકળી સઘ,
શુક્રવારે ચણા રસાળા, શનિ ત્રેવટી દાળ,
રવિવાર તો દિવસ રજાનો વિધવિધ ભોજ રસાળ.









શાકભાજી ઘેર ઉગાડો

શહેરોમાં અથવા શાકભાજી ઉગાડવાની જગ્યાની અછત હોય ત્યાં ખોખા કે ડબ્બા-માં જુદાંજુદાં ઉપયોગી શાકભાજી ઉગાડી શકાય. ખોખાને એક સ્થળેથી બીજા સ્થળે લઇ પણ જઇ શકાય અને વરંડામાં કે ઘરના છાપરે પણ શાકભાજી ઉગાડી શકાય.

માલ ભરવાના જૂના ખોખામાંથી આ તૈયાર કરી શકાય. તેમાં મૂળિયાંનાં વિસ્તરણ માટે જગ્યા બહુ ઓછી કે વધારે પણ ન હોવી જોઈએ. શાકભાજી પ્રમાણે તેની ઊંડાઈ ૬ થી ૧૨ ઇંચ રાખવી. પછી માટી, પાંદડાંનો કચરો, કહોવાએલું કચરાપૂંજાનું ખાતર અને નદીની માટી—અનુક્રમે ૨ : ૧ : ૧ : ૨ના પ્રમાણમાં ભળતી ૧/૨ ઇંચનાં કાણાંવાળી ચાળણીમાં ચાળી નાખવાથી બધું બરાબર ભળી જશે. એમાં ખાતર કેટલા પ્રમાણમાં નાખવું તેનો આધાર શાકભાજીના પ્રકાર ઉપર છે.

પહેલાં ખોખાને તળિયે એક ઇંચ જાડો ઠીકરાંનો થર કરવો, જેથી પાણીનો સારી રીતે નિકાલ થઇ શકે. પછી ઉપલા ભાગમાં ૩/૪ ઇંચ જગ્યા બાકી રહે તે પ્રમાણે તેમાં માટી ભરી મથાળેથી તેને એકસરખી પાથરવી.


અમુક શાકભાજીના છોડવા પહેલાં અલગ અલગ ખોખામાં ઉગાડવાની (ધરુ કરવાની) જરૂર પડે છે; અને તે તૈયાર થયે બીજા ખોખા-માં ફેર-રોપણી કરાય છે. આ માટે ઊંચી ગુણવત્તા ધરાવતાં બી વાપરવાં. ધરુ માટે નીચે મુજબ માટીનું મિશ્રણ તૈયાર કરવું.

નદીની માટી ત્રણ ભાગ ને સૂકાં પાંદડાંનો કચરો એક ભાગ લઈ બંનેને ૧/૨ ઇંચ ગાળાવાળી ચાળણીમાં ચાળવા. પછી ૭ ઇંચ પહોળાઇના કૂંડામાં અથવા તળિયે ઠીકરાંના થરવાળા ખોખામાં, પ્રથમ ચાળણી પર વણચળાએલા રહેલા પદાર્થો પાથરવા, ને પછી માટીનું મિશ્રણ ખોખામાં ૧ ઇંચ જેટલો ભાગ બાકી રહે ત્યાં સુધી ભરવું. માટીને સખત રીતે દાબવી. ત્યાર બાદ એક ઇંચને ગાળે ગાળે, ૩થી ૪ ઇંચને ગાળે રખાએલી હરોળમાં બીનું વાવેતર કરવું ને ઝારી વડે કાળજીપૂર્વક પાણી સીંચવું. છોડવા પર પાંદડાંની બીજી જોડ દેખાયે તેને ઉખેડી બીજા ખોખામાં જરૂરી અંતરે ફેર-રોપણી કરવી. નબળા રોપાનો ઉપયોગ કરવો નહિ.

આપણે ત્યાં આટલાં શાકભાજી સફળતા-પૂર્વક ઉગાડી શકાય છે: ટમાટા, વટાણા, ફણસી, કૉબી, કૉબીફ્લાવર, ગાજર, બીટરૂટ, ટર્નિપ (સળગમ), મૂળા, ડુંગળી, સલાડ (લેટ્યૂસ), બટાટા, મરચી, મેથી, સ્પિનાક (પાલખ), કોથમીર, ચોલાઇ વગેરે. (મિરૂતબંધુ)

કચ્છી ભરતના બુટ્ટા

કચ્છી-સૌરાષ્ટ્રનાં ભરતકામમાં ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂના સરજાયા છે. તેના ત્રણ બુટ્ટા સામેના પાનાને છેડે આપ્યા છે. મોટે ભાગે સાંકળીના ટાંકાથી કરાતી ફૂલપત્તીની ભાતમાં કોઈ વાર આછા રંગથી શરૂ કરી ઘેરા થતા જતા રંગમાં ઉતારેલાં છાયા-પ્રકાશ રોચક લાગે છે. ક્યારેક વચ્ચે આભલા પણ ટંકાય.



સરી જતી સાડી

દાદીમાના જમાનામાં ઉમરલાયક સ્ત્રી ઉઘાડે માથે ફરે એવો તે વખતે રિવાજ જ નહિ. સસરાના મોટા સંયુક્ત કુટુંબમાં લાજ તો કાઢેલી જ રાખવી પડે. કદીક પિયર આવે ત્યારે જ ઘૂંઘટો ઊંચો કરી 'હાશ' કરે. અલબત્ત ઉઘાડે માથે તો પિયરમાં પણ ફરાય નહિ. મર્યાદાસર પોણા ભાગનું માથું ઢંકાય એ રીતે ઓઢેલું તો રાખવું પડે. તે પછી બાનો જમાનો શરૂ થયો. બાના સસરાને લાજ પસંદ ન હતી. જોકે સસરાની મર્યાદા જાળવવા જરા આઘું ઓઢવું પડે; પણ લાજ નહિ. તે પછી માથે ઓઢવાનું ખરું, પણ અર્ધું માથું ખુલ્લું અને અર્ધું ઢાંકેલું રહેવા લાગ્યું. ઘરમાં ને ઘરમાં જરાક વાર કદીક માથેથી સાડલો સરી પડે તો કોઈ ટોકતું નહિ.

પછી વળી જમાનો પલટાયો. માત્ર અંબોડો જ ઢંકાય એટલું ઓઢાયું હોય તો પણ ચાલે; અને પછી તો એવો જમાનો આવ્યો કે માથાનો છેડો સરીને ખભા ઉપર આવીને રહ્યો. કિશોરીઓ ને યુવતીઓએ માથે ઓઢવું સાવ છોડી દીધું—એટલે સુધી કે તડકો લાગે તો તાપથી માથાનું રક્ષણ કરવા ખાતર પણ ઓઢવું તેમને ગમે નહિ. નાટકમાં જૂના જમાનાની સ્ત્રીનું પાત્ર ભજવે તો પણ માથે ન ઓઢીને કઢંગું વાતાવરણ ઊભું કરે, પણ માથે તો ન જ ઓઢે. અને તે પછી તે યુવતીઓને વાદે મોટી વયની અને પ્રૌઢ સ્ત્રીઓએ પણ પોતાના ધોળા વાળ અને નાની અંબોડીઓવાળાં માથાં ઉઘાડા રાખવાં શરૂ કર્યાં. હવે તો શહેરોમાં તો એક હજાર સ્ત્રીઓનું ટોળું ભેગું મળ્યું હોય તો તેમાં માંડ પાંચ સ્ત્રીઓ માથે ઓઢેલી દેખાય છે. કિશોરીઓ અને યુવતીઓ હવે અંબોડાને બદલે બે સેર ગૂંથીને છૂટી લટકતી રાખે છે. માથે ઓઢવાનો તો સવાલ જ નથી રહ્યો. ગામડાંઓમાં પણ કુંવારી છોકરીઓ ઉઘાડે માથે ફરે છે, જોકે પરણ્યા પછી માથે ઓઢવું, આઘું ઓઢવું વગેરે પૂર્વવત જ છે.

સુશોભનની દૃષ્ટિ યુગેયુગે બદલાતી જાય છે. આજે સૌની આંખે ઉઘાડું માથું સુંદર દેખાય છે. વળી માથું ઉઘાડું રાખવાથી વિવિધ કેશભૂષાની પણ વધુ તક રહે છે. આમ સ્ત્રીઓએ માથે ઓઢવું કે ઉઘાડું રાખવું એ પ્રશ્ન સ્ત્રીઓએ પોતાના હાથમાં લઈ લીધો છે. તે બાબતમાં તેઓ પુરુષોનો, ઘરડાંઓનો કે રૂઢ પ્રણાલિકાઓનો નિર્ણય કાને ધરવા તૈયાર નથી. જે સ્ત્રી આઘું ઓઢે છે તે વધારે મર્યાદાશીલ હોય છે એવી માન્યતા હજી લોકોની છે. એ એમનો ભ્રમ છે?

['ગુજરાત સમાચાર'માંના શ્રી વિનોદિની નીલકંઠના લેખમાંથી તારવેલા આ અવતરણમાં અમે છેલ્લા વાક્યમાં પૂર્ણવિરામને બદલે પ્રશ્નાર્થ મૂકવાની છૂટ લીધી છે.]

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશનાં પત્રમિત્રો



આ ચિત્ર સાથે ભારતમાં કોઈ કુમાર કે કુમારી માટે સોફાયા (બલ્ગેરિયા)ની એક કુમારીની ટપાલ મળી છે. તે લખે છે કે—

પ્રિય મિત્ર,

ભારતીય કુમાર કે કુમારી સાથે પત્રવ્યવહાર કરવાની ઇચ્છા છે.

ભારત દેશ, ત્યાંની પ્રજા, તેમનાં ગીતો, નૃત્યો ને ભારતનાં અદાકારો નરગીસ ને રાજ કપૂર મને ગમે છે. અમારા દેશ બલ્ગેરિયાની રાજધાની સોફાયામાં હું રહું છું. કુટુંબમાં મારે માતા-પિતા અને એક બહેન છે. તમારો ફોટોગ્રાફ મને મોકલવા વિનતિ. હું પણ મારો ફોટોગ્રાફ મોકલીશ.

તમારા પ્રત્યુત્તરની આતુરતાથી રાહ જોતી મિલાન્કા

મારું સરનામું: Milanka Nikolova, St. 240, No. 27, SOFIA Diana Bad, Bulgaria.

એક જર્મન પત્રમિત્રનો પત્ર

હું એક ટિકિટ-સંગ્રાહક છું. ભારતીય ટિકિટોનો જર્મન ટિકિટો સાથે બદલો કરવા ઇચ્છતા કોઈ ભારતીય પત્રમિત્ર જો મને મળે તો મને ઘણો આનંદ થશે. આ બદલો નિયમિત ચાલશે. અહીં મારે એક ભારતીય મિત્ર છે અને તેઓ મારા પર આવેલા ગુજરાતી કે હિંદીમાં લખાએલા પત્રો વાંચવામાં મને મદદ કરે છે. પત્રસંપર્કની ભાષાઓ : જર્મન, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી. મારા શૉખ છે: ટિકિટ-સંગ્રહ, તરવું, ભૂગોળ અને રાજકારણ. મારી ઉમર ૨૭ વર્ષની છે.

આપ મને થોડા હિંદી પત્રમિત્રો મેળવવામાં મદદરૂપ થશો, તેની રાહ જોતાં હું આપનો આભાર માનું છું. જયહિંદ.

કૃતજ્ઞતાપૂર્વક ભવદીય


Karlheinz Linnenbuegger

23 Wilhelmshaven, Tonstrasse 25 (West Germany)

*સંકુચિત સ્વાર્થની નહિ પરંતુ સામાને મદદરૂપ થવાની ભાવના ધરાવનારાઓએ જ ઉપર્યુક્ત પત્રમિત્રો સાથે વ્યાકરણશુદ્ધ ભાષામાં પોતાની વૈયક્તિક તેમજ આપણી રાષ્ટ્રીય પ્રતિષ્ઠા સચવાય તે રીતે, વિનય અને શિસ્તભર્યો પત્રવ્યવહાર કરવો. —તંત્રી

હિંદી પત્રમિત્રો

(126) Hiralal Gulabray Gadpe—19, 200/6 Nani Salvi Wad, Saraspur, Ahmedabad-2, Stamps, Music, Films; (127) Laherchand R. Nagda—19, 80/84 Argile Road, Bombay-9, Stamps, View Cards, Photography, Reading;(128)Jatin Ratilal Tolat—18, Machhali Pith, Shahpore, Surat, Sports, Drawing, Photographs; (129) Mahendrakumar Sudhakarbhai Shah—17, C/o Universal Textile Bobin Co., Post Box No. 55, Bhavnagar (Saur.), Stamps, Reading, Photography, Cricket; (130) Mukund K. Trivedi—22, Govt. Quarters No. D.-10, Behind State Bank of India, Rajkot (Saur.) Sports, Music, General Knowledge; (131) Chandravadan V. Parikh—16, Gaumata Chawl, Kolbhat Lane, Bombay-2, Swimming, Stamps, Reading, View Cards; (132) Jitendra V. Parikh—19, Add. as above, Swimming, Stamps, Sports. General Knowledge; (133) Kantilal Dahyalal Shah—17, Opp. Amritlal Mastar's Bldg., Idar (Sabarkantha) Art, Drama, Study; (134) Chandrakant C. Pandya—25, C/o P. M. Joshi's Bldg., Bedi Gate, Rajkot (Saur.), Literature, Stamps; (135) Bipinchandra M. Ambani—19, C/o M. J. Ambani, Jagdish Niwas, 4th Floor, Room No. 15, Gunbow Street, Fort, Bombay-1, Stamps, Excursions, Reading, (136) Kanu S. Mehta—20, C/o Champion Dairy Co., New Petit Mansion, Sleater Road. Bombay-7, Travelling, Stamps, Riding, Photography; (137) Yogeshkumar Harivadanrai Pandya—16, Panchanath Mandir, Block No. 4, Sadar, Rajkot (Saur.), Stamps, Music; (138) Parsotam Ramchandra Soneji—22, Piplawala Building, Gopnath Plot, Porbandar (Saur.), Geography Literature, Stamps; (139) Govindbhai Bhailalbhai Thakkar—21, C/o C. D. Thakkar, Piramitar Rd., Opp. Tryambakeshwar Mahadev, Baroda, Music, Reading, Writing Poems and Stories, Languages; (140) Mahendra K. Panola—20, C/o K. J. Hostel, Navrangpura, Ahmedabad-9, Reading, Stamps, Films; (141) Ramniklal B. Shah—20, C/o Lakshmi Bangles Industries, 6 Cartan Road, Borivali (East), Bombay-48, Penfriendship; (142) Ashok Venibhai Patel—21, 'Arya Samaj', Kakadwadi V.P.Rd., Bombay-4, Reading, Photography; (143) Babulal P. Jhaveri—22, C/o Chandulal N. Jhaveri, Gopal Niwas, 4th Floor, Room No. 14, Princess Street, Bombay-2, Stamps, Cycling, Politics; (144) Kiritkumar Chimanbhai Patel—13, Gokhale Street, Sojitra (Dist. Kaira), Stamps, View Cards, Cricket; (145) Vijaykumar M. Chopra—17, Begampura, Surat, Photography, Coins; (146) Chhotam M. Vaghela—22, Near Nyaya Mandir, Manavadar (Saur.), Teaching, Hindi Magazines; (147) Ratu R. Patel—20, Kurali Ta. P.O. Karjan (Dist. Baroda), Drawing, Painting, Photography, Music; (148) Manubha Ranaji Jadeja—19, Limda Line, Rajput Para, St. 3, Jamnagar-5 (Saur.), Stamps, Coins. (ચાલુ)



માખણચોર

અઢારમી સદીના અંત ભાગનું પહાડી (કાંગડા) શૈલીનું ચિત્ર

(શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી · તેમના સૌજન્યથી)



નવ રસ દર્શન · કલાકાર વાસુદેવ સ્માર્ત

આ અંકની 'કલાવાર્તા'માં જેમનો પરિચય આપ્યો છે તે શ્રી વાસુદેવ સ્માર્તની કૃતિઓની માંડણી ભારતીય પરંપરાની ચિત્રશૈલીએ થએલી હોઈ તેની સંયોજનાઓમાં પ્રમાણભારવાળી 'રચના' (ડિઝાઇન) તથા 'ભાત' (પૅટર્ન)નાં તત્ત્વો ખાસ ધ્યાન ખેંચે છે. અનેક વિષયોનું નિરૂપણ સમાવતી આ ઉપરના ચિત્રની ગૂંથણી કૌશલભરી છે. આ અંકમાં તેમના પરિચય સાથે આપેલાં ચિત્રોમાં પણ વિવિધ ભાત-રચનાની સાથે રસનું કેન્દ્ર તેઓ કુશળતાથી જાળવે છે.

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : મૅકૉલે

વિશ્વના એક મહાન ઇતિહાસકાર, રાજદ્વારી



પુરુષ અને પ્રશસ્ત નિબંધલેખક ટૉમસ બૅબિંગ્ટન મૅકૉલેને ભારત તો તેનાં રાજકારણ, ધારાધોરણ, કેળવણી, ઇતિહાસ વગેરે નાનાવિધ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો ને સુધારા આણીને તેનું નૂતનું કલેવર ફેરવી દેનાર એક વિરલ મુત્સદ્દી તરીકે પણ ઓળખે છે.

મૅકૉલેનો જન્મ ઈ. ૧૮૦૦ની ૨૫મી ઑક્ટોબરે દક્ષિણ હિંદમાં વેપારી પેઢી ચલાવતા અને ગુલામી-પ્રથાના વિરોધી પક્ષના એક આગેવાન નેતા,-પિતા ઝૅકૅરીને ત્યાં થયો હતો. ત્રણ વર્ષની વયે એ વાંચી શકતો અને આઠમે વર્ષે તો એણે જગત-ઇતિહાસ લખવા માંડેલો! તેનું અભ્યાસ-જીવન ઘણું તેજસ્વી હતું. પ્રાથમિક શિક્ષણ લીસ્ટરશાયરના રથ્લી ટેમ્પલમાં ને એક ખાનગીશાળામાં લીધા પછી તે કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયો, જેનો પછી તે ફેલો નિમાયો. પતાની વેપારી પેઢી ભાંગી પડતાં તેણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને ૧૮૨૬માં બૅરિસ્ટર બન્યો.

૧૮૨૫માં 'એડિનબરઅ-રિવ્યૂ'માં તેનો મિલ્ટન પરનો અધ્યયનલેખ પ્રસિદ્ધ થયો, જેણે લંડનના બહુશ્રુત-સમાજમાં તેનું નામ સારી પેઠે જાણીતું કર્યું. ૧૮૩૦માં તેણે ઇંગ્લંડની આમ સભામાં પ્રવેશ મેળવ્યો. બાદ બ્રિટિશ હિંદના 'બોર્ડ ઑવ કૉન્ટ્રોલ'ના સેક્રેટરી તરીકેનું તેને કામ મળ્યું. ૧૮૩૪ના જૂનમાં હિંદની વરિષ્ઠ અદાલતના સભ્ય તરીકે નિમાતાં મદ્રાસ આવીને તેણે બ્રિટિશ હિંદનાં રાજદ્વારી ધારાધોરણમાં તથા બીજાં ક્ષેત્રોમાં યે ઘણા ક્રાંતિકારી ફેરફારો અને સુધારા દાખલ કર્યા. શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા તેણે દાખલ કરી. ૧૮૩૮માં તે ઇંગ્લંડ પાછો ફર્યો.

ઇંગ્લંડ આવીને તેણે સાહિત્ય-કાર્ય પણ હાથ ધર્યું. બીજે વર્ષે તેણે પોતાની કીર્તિદા 'હિસ્ટરી ઑવ ઇંગ્લંડ' લખવાની શરૂઆત કરી દીધી. આ ગ્રંથમાં ઇંગ્લંડ પરના ઇતિહાસગ્રંથો પૈકી સૌથી વિશેષ અને વિગતવાર માહિતી અપાઈ છે. જોકે ઈ. ૧૬૯૭ સુધીનો જ ઇતિહાસ તે લખી શક્યો છે. ૧૮૩૯માં તે એડિનબરઅના સભ્ય તરીકે ચૂંટાયો ને પછી ઉત્તરોત્તર યુદ્ધના સેક્રેટરી તથા દળોના 'પે માસ્ટર જનરલ' તરીકે કામગીરી બજાવી ૧૮૫૨માં તે એડિનબરઅના સભ્યપદે ચૂંટાયો. ૧૮૫૩માં તેને 'બૅરન'નો ઇલકાબ અપાયો.

તેના લેખન-સાહિત્યમાં 'ધ લેય્ઝ ઑવ ઍન્શ્યન્ટ રોમ' ૧૮૪૨માં પ્રસિદ્ધ થયું, જેની પછીની આવૃત્તિમાં 'આઈવ્રી' અને 'ધી ઍર્મેડા' ઉમેરાયાં. ૧૮૪૩માં 'એડિનબરઅ રિવ્યૂ'-માંનાં તેનાં લખાણોનો 'ક્રિટિકલ ઍન્ડ હિસ્ટૉરિકલ ઍસેય્ઝ'ને નામે સંગ્રહ બહાર પડ્યો. 'ધ હિસ્ટરી ઑવ ઇંગ્લંડ'ના પહેલા બે ભાગ ૧૮૪૮માં ને બીજા બે ભાગ ૧૮૫૫માં બહાર પડ્યા, જેણે તેને જગતસમસ્તના આગલી હરોળના ઇતિહાસકારોમાં સ્થાન અપાવ્યું. ઈ. ૧૮૫૯ની ૨૮મી ડિસેમ્બરે તેનું અવસાન થયું.

કોઈ પણ વિષયના સંદર્ભસાહિત્ય તરીકે ગણાવી શકાય એવી સતેજ તેની સ્મરણશક્તિ હતી અને એટલું ઊંડું ને વિશાળ જ્ઞાન તે ધરાવતો હતો. વિષયનું પ્રવાહી અને ચિત્રાત્મક વર્ણન કરવામાં એની સ્પર્ધા કરી શકે એવા બહુ ઓછા છે. જોકે તેનું કથન ક્યાંકક્યાંક આગ્રહી જણાય છે ખરું. તેના નિબંધો અસાધારણપણે લોકપ્રિય છે, જેમાંના ચૅથામ, ક્લાઈવ ને સર વિલિયમ ટેમ્પલ પરના મુખ્ય છે. સામાજિક ને આર્થિક ઇતિહાસને રાજકીય અને ધાર્મિક ઇતિહાસ સાથે મૅકૉલેએ સૌપહેલો સાંકળ્યો, ને આમ બ્રિટિશ રાષ્ટ્રના સમસ્ત જીવનનો ઇતિહાસ રજૂ કર્યો.

દિનવિશેષ

તા. ૪ ચિત્રકળામાં છાયા-પ્રકાશના કીમિયાગર નામી ડચ કલાકાર રેમ્બ્રાંનું અવસાન, ૧૬૬૯.
તા. ૬ જુલ્મથી કંટાળીને પશ્ચિમ પંજાબમાંથી ચાર લાખ હિજરતીઓ હિંદ આવ્યા, ૧૯૪૭.
તા. ૧૦ આટલાંટિક-પાસિફિક મહાસાગરોને જોડતી પનામા નહેરનું બાંધકામ પૂરું થયું, ૧૯૧૩.
તા. ૧૧ વરાળથી ચાલતી 'સ્ટીમર' સર્વપ્રથમ ન્યૂ યૉર્ક અને હૉબોકેન વચ્ચે ચાલુ થઈ, ૧૮૧૧.
તા. ૧૪ ફ્લૉરેન્સ નાઈટિંગેલે યુદ્ધમાં ઘવાએલાની સારવારનો નવો સેવાધર્મ સ્થાપ્યો, ૧૮૫૪.
તા. ૨૧ 'વિજ્ઞાનના જાદુગર' એડિસને કાર્બનના તારવાળા વીજળીના દીવાની શોધ કરી, ૧૮૭૯.
તા. ૨૪ આધુનિક કળા 'મૉડર્ન આર્ટ'ના ધુરંધર સ્પૅનિશ કલાકાર પૅબ્લો પિકાસોનો જન્મ, ૧૮૮૧.
તા. ૨૬ આયર્લંડે સ્વતંત્રતા મેળવી એમન દ વેલેરાને પહેલા પ્રમુખ તરીકે ચૂંટ્યા, ૧૯૨૨.
તા. ૨૯ 'હૅલી'ના ધૂમકેતુના આવિષ્કારક અંગ્રેજ ખગોળશાસ્ત્રી એડમન્ડ હૅલીનો જન્મ, ૧૬૫૬.

પ્રસંગવિશેષ : પ્રથમ ભારતીય ટિકિટો બહાર પડી, ૧લી ઑક્ટોબર ૧૮૫૪

રોકડા પૈસા લઇને ટપાલ લઈ જનારા હલકારાનો યુગ આથમ્યો આજથી ૧૦૬ વર્ષ પહેલાં, આપણી આજની ટિકિટનો જન્મ થતાં. એ ટિકિટ શોધાઈ ૧૮૪૦માં ઇંગ્લંડમાં, અને ત્યાં એની સફળતા જોઈ ૧૮૪૨માં હિંદુસ્તાનમાં તેનો પહેલો અખતરો સિંધના કમિશનર મિ. બર્ટલ ફ્રીઅરે પોતાના પ્રાંતમાં કર્યો. ચોમેર ગોળાકાર પટ્ટીમાં 'સિંધ ડિસ્ટ્રિક્ટ ડાક' એવા અક્ષરો અને વચ્ચે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું પ્રતીક સફેદ કાગળ ઉપર ઉપસાવેલી એ 'સિંધ ડાક' સક્કર, શિકારપુર, હૈદરાબાદ ને કરાચીની પોસ્ટ-ઑફિસે મળતી, ને ત્યાંના કાગળો લઇને, પગે ચાલતા કાસદો કરાચીથી નીકળી ઠઠ્ઠા, લખપત, ભૂજ ને અમદાવાદ એમ ચાર થાણાં કરતા નવ દહાડે મુંબાઈ પહોંચતા. જોકે આપણી ટિકિટની આ આદિ વડિયાઇ 'સિંધ ડાક'ની યે પહેલાં હાથે કોતરેલા સિક્કા મારવાની એક પ્રથા ચાલુ હતી, જેનો જૂનામાં જૂનો નમૂનો ઈ. ૧૭૮૮નો મળે છે. જુદાંજુદાં કદ, આકાર અને લખાણની માહિતી એ સિક્કા પર છપાતી.

સિંધનો અખતરો સફળ થતાં કંપની સરકારે આખા દેશ માટે એકધારી ટપાલ પદ્ધતિ યોજી. દેશ પર એની સત્તા હવે પાકી જામી ગઈ હતી, એટલે ઈ. ૧૮૫૪માં ખાસ ટપાલ-કાયદો ઘડીને ખાનગી ખેપિયાઓની બીજી બધી વ્યવસ્થા બંધ કરાવી, અને સરકારી ટિકિટ દ્વારા હિંદ આખામાં કોઈ પણ સ્થળે અરધા આનામાં કાગળ મોકલી શકાય એવી પાકી સોઈ કરી, ૧લી ઑક્ટોબર ૧૮૫૪. આ ટિકિટો છાપી મોકલવા ઇંગ્લંડમાં કંપનીના ડાયરેક્ટરોને લખવામાં આવ્યું. પણ ત્યાંથી ના આવતાં, હિંદમાં જ કલકત્તાના સરકારી મોજણીખાતાના છાપખાનામાં, જ્યાં દસ્તાવેજી કાગળો છપાતા ત્યાં, તેના અધિકારી કૅપ્ટન થુઇલીઅરે લીથોગ્રાફીથી હિંદની પહેલી ટપાલની ટિકિટો છાપી. સૌપ્રથમ ચાર ટિકિટો છપાઇ: ૦। તોલા સુધીના વજન માટે ૦॥ આનાની, ૦॥ તોલા સુધીના વજન માટે ૧ આનાની, ૧ તોલા સુધી માટે ૨ આનાની, અને ચાર આનાની. ઈ. ૧૮૫૪ના મે માસથી ૧૮૫૫ના નવેમ્બર સુધી હિંદમાં છપાએલી એ પ્રથમ ટિકિટો ('ફર્સ્ટ્સ') દુનિયાની પ્રાચીન ટિકિટોમાં બહુ જ મહત્ત્વની ગણાય છે.

સિર રાખે સિર જાત હૈ, સિર કાટે સિર સોય;
જૈસે બાતી દીપ કી, કટિ ઉજિયારા હોય.

સમર્થ ફ્રેન્ચ લેખક વૉલ્તેરને ઑર્લિયાંના રીજન્ટ ફિલિપ તથા તેની પુત્રી પર તીખા કટાક્ષ કરતી કવિતા લખવા માટે કેદની સજા મળેલી. તે પૂરી થયે તેને રાજા આગળ રજૂ કરતાં ફિલિપે કહ્યું, 'હવેથી જરા ડાહ્યા થશો તો હું તમારું ધ્યાન રાખીશ.' જવાબમાં વૉલ્તેરે નમ્રતાથી મક્કમ ઉત્તર આપ્યો: 'આપના અનુગ્રહ માટે આભારી છું, પણ મારો રાબ-રોટલો રળી લેવાની મારામાં તાકાત છે, એટલે કોઈએ મારું ધ્યાન રાખવાની જરૂર નથી.'


અનેકાર્થી શબ્દ: **સાજ** = કોઈ પણ વાદ્ય; સંગીતનો દરેક સામાન; સાધન-સામગ્રી; ઠાઠ કે શોભા; શણગાર; ધંધોરોજગાર; સાજડ નામનું ઝાડ; સાગનું ઝાડ; પૈડાંના દાંતા કરવાનું એક યંત્ર; ઘોડા પર નાખવાનો સામાન; ઠાકોરજીના સિંહાસનનું પાછલું વસ્ત્ર; વહાણમાં પઠાણની પડખે જડાતાં ખલનાં પાટિયાં.

કહેવતોના અર્થ: 'કૂકડી માતી થાય તેમ પૂંઠ સાંકડી થાય'—જેની વ્યંજના સ્પષ્ટ છે તે આ કહેવત, શ્રીમંત માણસો વધારે લોભ દાખવે તેના ઉપર કટાક્ષ કરવા વપરાય છે. જેમજેમ પૈસો વધતો જાય તેમતેમ લોભ વધતો જાય એવા સામાન્ય સ્વભાવને ઉપાલંભ દેતી બીજી કહેવતો પૈકીની એક: 'ઘેર ઘોડો ને પાળો જાય, ઘેર દૂઝણું ને લૂખું ખાય.'

પૃથ્વીના લગભગ વિષુવવૃત્ત પર જ બરોબર આવતું હોય એવું એક જ મોટું શહેર દુનિયાભરમાં કયું તે ખબર છે?–સિંગાપોર.



'હમિંગબર્ડ' નામનું દુનિયાનું આ નાનામાં નાનું પંખી ઊંચે અને નીચે તેમજ આગળ અને પાછળ પણ ઊડી શકે છે!



ઉપરની ચોરસ આકૃતિમાંની બધી કર્ણરેખાઓ સમાંતરે જ છે, પણ તેના ઉપર જે ત્રાંસા છરકા સામસામા મોંના કરેલા છે તેથી દૃષ્ટિભ્રમ થવાને લીધે એ રેખાઓ વાંકી લાગે છે.

ડાઘા પડી ગએલાં કાચનાં વાસણોને ટંકણખાર નાખેલા ગરમ પાણી વડે ધોવાથી સાફ થઈ જશે. વધુ પડતા ડાઘાવાળાં કીટલીનાં નાળચાં વગેરેને એક રાત મીઠામાં દાબી રાખી બીજે દિવસે સારી પેઠે ધોવાથી સાફ થશે.

છરી-કાંટા કે ચમચાને રાખી મૂકવાના હોય તો તેના પર તેલનો આછો હાથ મારી ચીકણા કાગળમાં મૂકવાથી તે પરનો ઢોળ જળવાશે.

હું તમારું ભલું કરું અને તમે મારું ભલું કરો એ વિવેક;
હું તમારું ભલું ન કરું, છતાં તમે મારું ભલું કરો એ માણસાઈ;
હું તમારું ભલું તો ન જ કરું—બલકે તમારું બૂરું કરું, ને છતાં તમે મારું ભલું કરો એ અહિંસા.

ઑસ્ટ્રેલિયામાં કોઈ તળપદાં ભારવાહી પશુઓ (બળદ, ગધેડાં, ઘોડા કે ઊંટ જેવાં) નીપજતાં જ નથી. આખી પૃથ્વી પર એ એક જ ખંડ એ રીતે બાતલ રહ્યો છે. ત્યાં ઘોડા છે તેની ઓલાદ સ્પેનથી આયાત કરેલી છે.

ચર્ચિલ જુવાનીમાં મોટી સુંદર મૂછ ઉગાડતો. એક વાર એક મેળાવડામાં એક બાનુએ અકળાઈને મોંઢેથી ચર્ચિલને કહ્યું, 'મને તમારા વિચારો કે મૂછો, બેમાંથી કશું નથી ગમતું.'

ચર્ચિલે શાંતિથી જવાબ આપ્યો: 'એમાં આપે અકળાવાની જરૂર નથી. એ બેમાંથી એકેના સંપર્કમાં આપ આવો એવો સંભવ નથી.'



કલાકૃતિઓ: શુભપ્રસંગોએ તેમજ દેવમંદિરોમાં મંગલ ધ્વનિ કરવા માટેના શંખ પણ સુશોભન વિના કેમ રહી જાય?





આ વર્ષની ઑલિમ્પિક રમતોના દરેક ક્ષેત્રમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિજેતાઓને આપવા માટેના સુવર્ણ, રૌપ્ય અને કાંસ્ય ચંદ્રકો પરની છાપ. ચંદ્રકની ઉપલી બાજુ (ડાબી તરફ) પર વિજયચિહ્ન તરીકે હાથમાં ઊંચી પકડેલી 'લૉરેલ'ની વિજયમાળ સાથે એક સ્ત્રીનું આલેખન તથા આ વર્ષની રમતો અંગેનું લખાણ છે. ચંદ્રકની પાછલી બાજુએ (જમણી તરફ) પોતાના સાથીઓએ હર્ષાવેશમાં ખભે ઊંચકી લીધેલા વિજેતાનું નિરૂપણ છે.